એકજ પૈસો.



એ પ્રભુ! પિતાજીને ઝેર આપી તેમની કરોડ રૂપીઆની મિલ્કત મેળવી એ ખરી; પરંતુ આખી મિલ્કત ખોટે રસ્તે ઉડાવી દીધી, હવે આપઘાત કરતી વખતે મારી પાસે રહે છે માત્ર એકજ પૈસો.



કીંમત રૂ. ૦—૪—૦

આ ઠેબાચો બાબુ પ્રીન્ટીંગ પ્રેસમા છા પ્યો, ડે રીચીરોડ-અમદાવાદ.

॥ ॐ श्री ईश्वर. ॥

"એકજ  પૈસો!"

લેખક.

'મંગલ.'

—તે—

શિવ[illegible] ત્રિભુવન વાંટાવદરકર.

(તે 'રક્ષક કે [illegible]ક્ષક?' 'શોભના', 'દયાની[illegible]' 'પવિત્ર-કુમાર' 'હિન્દુસં[illegible]ર' '[illegible]રિવર્તન', 'કોણચાલાક?' 'ઝેરી ઝવેરી' 'ડીટેક્ટીવ[illegible]' 'જીવતી ચૂડેલ' ઈ૦ ઈ૦ ના કર્ત્તા.)

—પ્રકાશક—

રણછોડલાલ મોતીલાલ શાહ.

રીચીરોડ—અમદાવાદ.

પ્રથમાવૃત્તિ. પ્રત ૨૦૦૦.

સંવત ૧૯૮૧. સને ૧૯૨૫.

—મૂલ્ય.—

દશ આના અને એક પૈસો.

"રે! પાપનો અવધિ થતાં સાંખી પ્રભુ લેતો નથી!
"ઘટ પાપનો પૂરો થતાં કૂટ્યા વિના રે'તો નથી!"

* * * *

"રે! પાપ સંસારે કર્યું તે લેશ ટળવાનું નથી!
શિક્ષા ગુન્હાની પામવી એ દુર જોવાનું નથી!"

× × × ×

"ઉન્મત્ત બનીને માનવી જે પાપપથમાં ધાય છે,
"તે માનવી અંતે પ્રભુના કોપમાં પીલાય છે!"

* * * *

"એકજ પૈસો!"

પા આનો
૧૯૨૫

-લેખક-
'મંગલ'
—તે—
શિવલાલ ત્રિભુવન વાંટાવદરકર.

ધી મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં મોતીલાલ ગણપતરામે છાપ્યું
પાનકોરનાકા—અમદાવાદ.



ॐ

" એકજ — પા આનો. ૧૯૨૫ — પૈસો ! "

—: એક સન્નતિ પ્રેરક બોધક વાર્તા :—

પ્રકરણ પહેલું.

" બુઢ્ઢો બાપ અને બી. એ. બનેલો બેટો ! "

ગ્રીષ્મ ઋતુ ! વળી મધ્યાહ્ન ! પછી તાપનુ પૂછવુંજ શું ? ભગવાન ભાનુદેવ પ્રચંડ અગ્નિ કિરણો પૃથ્વી ઉપર ફેંકી રહ્યા હતા. પવનની ગતી એકદમ મંદ હતી. અને તેથી અતિશય ઉકળાટ થતો હતો. પક્ષીઓ પોત પોતાના માળામા ભરાઇને પાંખો ફફડાવતા હતા. જળાશયોના જળ ગરમ થઇ ગયા હતા. રસ્તે ચાલતા પંથીકોના કંઠ પાણી વિના સુકાતા હતા. માયાવી મૃગ જળી, પોતાની માયા જાળને વિસતારી તૃષાતુર હરણોનો પ્રાણ હરતું હતું પૃથ્વી ધગ ધગતા અંગાર જેવી થઇ ગયેલી હોવાથી અને તાપનું ઉકળાટનું જોર પુષ્કળ પ્રમાણમાં થઇ ગયલું હોવાથી ચંદ્રપુર ગામના રસ્તાઓ અત્યારે

જન શુન્ય થઇ ગયા હતા; આ વખતે પોતાના ખાસ દિવાનખાનામા સુધાકર હિંડોળા ખાટ ઉપર બેઠો હતો. તેની પાસે કોઇ હતું નહિ. આખા દિવાનખાનામા શાંતિ હતી. ખાટના ચાલવાથી થતા ધ્વનીથી રૂમની શાંતિનો કિંચિંદંશે ભંગ થતો હતો.

સુધાકરે શરીરપર કંઇપણ ધારણ કરેલું ન હતું, છતા પણ તેની છાતી, તેનું કપાળ પરશેવે રેલ છેલ થઇ ગયા હતા ઉકળાટને દુર કરવા તે પંખો ચલાવી રહયો હતો પંખો ચલાવતા ચલાવતા એકાએક તેના મગજમા એક વિચારની સ્ફુરણા થઇ આવી અને પંખાવાળો હાથ સ્થંભી ગયો.તેના મુખ ઉપર એકાએક ભાવો બદલાયા અને તે આત્મગત બોલવા લાગ્યો.

"ડોસો કયારે મરે ? પરતંત્રતામા જીવન વિતાવવું એ કંઇજ કામનું નથી. હું ભણેલો ગણેલો એટ્રીકેટ વાળો છતા મારૂં જરાપણ માન એ ડોસો રાખતો નથી. કે મોજ સોખ માટે રકમ માગીએ ત્યા તાહુકા કરવા મંડી જાય છે ! એક કરોડની મિલકત છે છતાં પણ પાચ રૂપીઆ જેટલી નાની રકમ પણ એ ડોસો મને આપતો નથી. કેટલુ ખરાબ જીવન ! દોસ્તોની મિજલસમા નીચું ઘાલવું પડે છે ! દરેક કંઇને કંઇ ખરચ કરી શકે છે, મારાથી એક પાઇનું પણ ખરચ કરી શકાતું નથી: હું પૈસા વાળાનો છોકરો એટલે મારૂં માન બધા જાળવે છે, પરન્તુ મારા ગજવામા એક પાઇ ન હોય મિત્રોને ન્હાપાવાનું માથે આવી પડતા નીચું ઘાલવું પડે એવી સ્થીતી હોય એ કેટલું બધું ખરાબ ? મારા જેવા કરોડ પતિના સંતાનના ગજવાતો નોટોથી ચીકાર જોઇએ. પાચનું ખર્ચ હોય ત્યા પચીસનું ખર્ચ કરી શકું તોજ મારૂ પોઝીશન તોજ હું કરોડ પતિનો સંતાન અને જો ગજવામા એક પાઇ પણ ન હોય કિંવા કોટના તોબરા

જેવા ખિસ્સા ખાલી પડયા હોય તો મારામા અને મજુરમા કંઇ ફેર નહિઃ અરે ! મારાથીતો એક મજુર પણ ઉત્તમ કે સાંજે તેના ગજવામા બે ચાર આના પણ પડી શકે છે ! મજુરથી પણ હલકટ સ્થીતીમાં જીવન વિતાવવું એ હવે મારા જેવા ઉમર લાયક થયલા માટે ઉચિત ન કહેવાય. આખી દુનીયામા મારા જેવો પરતંત્ર-ગુલામ કોઇપણ નહિ હોય ! ખરે ખર ! હવેતો ડોસો મરણ પામે તો સારૂ તેના જીવતા હું જરાપણ મોજ શોખ માણી શકીશ નહિ, મિત્રોને મિજલસ આપી શકીશ નહિ, તેમ નોટોના બંડલથી ગજવા ચિકાર રાખી શકિશ નહિ જો ડોસો મરે તોજ બધી સગવડો-પ્રબળ પરતંત્રતા દુર થાય. અને પૈસાની રેલમ છેલ થાય પણ એ ડોકરો મરે કયા ? હજી હમણા ભયંકર માદગીમાથી પણ જીવવા પામ્યો છે ! અને હવે તો એક જુવાન અરે મારાથી પણ વિશેષ શકિત ધરાવે છે. મરવાના કોઇપણ ચિન્હ જણાતા નથી, અટલે કોણ જાણે મારે હજી કેટલો સમય પરતંત્રતા ભોગવવી પડશે ! ”

આ પ્રમાણે તે આત્મગત બોલી રહયો હતો. વાચકો આપનથી સમજી ગયા હશે કે તેના હૃદયમા સ્વતંત્ર થવાની અભિલાષનો ઉદય થયો છે. અને તેથી તે સ્વતંત્ર થવાની દરેક તક શોધ્યા કરતો હોવા છતા અદ્યાપિ પર્યંત તે સ્વતંત્ર થઇ શકયો નથી. પોતાના બાપને મરી ગયેલો જોવા તે અત્યંત આતુર બની ગયો છે, પરંતુ કુદરત તેની એ આતુરતાની તૃપ્તિ ન કરતી હોવાથી પરતંત્રતાની બેડીમા તે અસહય વેદનાનો અનુભવ કરી રહ્યો છે.

ખરેખર તે પરતંત્રજ હતો, તેના બાપ જુના જમાનાના હોઇ આજ કાલની ફેશનને જરા પણ માન આપતા નહિ; અને પોતે એક કરોડ પતિ હોવા છતા બહુજ સાદાઇ રાખી રહ્યા હતા

સુધાકર બી. એ. થયેલો ગ્રેજ્યુએટ હતો જોકે બી. એ. સુધી પુત્રને ભણાવવા બાપની ઇચ્છા ન હતી; પરંતુ સુધાકરે ભણવાનો અત્યાગ્રહ કરેલો હોવાથી તેના બાપે બી. એ, સુધી જવાની સ્વતંત્રતા આપી હતી.

બી. એ. થયેલા ગ્રેજ્યુએટ સુધાકરને—પોતે કરોડ પતિનો સંતાન છે એ ભાનથી અત્યંત મોજ સોખ કરવો, ગાડી ઘોડા વસાવવા, મિત્રોને મિજલસો આપવી, વિગેરે વીગેરે ચાલુ જમાનાને અનુસરીને વર્તણુંક કરવા ઇચ્છા હતી: અને એ ઇચ્છા તે તેના બાપને વખતો વખત જણાવતો અને જુના જમાનાના વિચાર ચાલુ જમાનાનું વાતાવરણ જોઇને ફેરવી નાખવા વિનવતો પરંતુ તેનો બાપ: તેનુ કહેવું જરાપણ માનતો નહિ તેના જુના વિચાર પ્રમાણેજ તે વર્તણુંક રાખતો અને તેમાજ તે મજા અને સુખ માનતો.

સુધાકરની માતા ગુજરી ગયલી હોવાથી તેની પત્નીને ઘરકામ કરવું પડતું હતું; કારણ કે રસોઇઓ રાખવાની સુધાકરના પિતાના વિચારશાસ્ત્રમાં રજા નહોતી. સુધાકર હૃદયમા બળી જતો હતો. એક ગ્રેજ્યુએટ થયેલો માણસ પોતાની પત્નીને ચુલો ફુંકતી કેમ જોઇ શકે ? સુધાકર પણ જ્યારે જ્યારે પત્નીને ચુલો ફુકતી જોતો, ત્યારે ત્યારે તેના બાપ ઉપર તે અત્યંત કુપિત થઇ જતો પરંતુ તેનો ક્રોધ નિર્બળ હતો. અને તેથી બળતા પેટે પત્નીને એક મજુરણની પેઠે કામ કરતી તે જોઇ રહેતો હતો. સુધાકરની પત્નીનું નામ પુષ્પા હતું. તે પણ ચાલુ વિચારની હોઇ ઘરનું કામ કરવામા અંતરથી નારાજ હતી; પરંતુ ન કરે તો જાય કયા ? સુધાકરે રસોયો રાખી લેવા તેના બાપને ઘણી વખત કહેલું હતું, પરંતુ તેના પિતા તરફથી

એકનો એકજ જવાબ મળ્યે જતો હતો કે: " આપણે એવા રાજા નથી ! "

સુધાકર, પિતાના આ જવાબથી ચીડાઈ જતો. એક કરોડ રૂપિઆની મિલ્કત હોય તે માણસ એક રાજાથી કોઈ રીતે ઓછો સુખી ન કહેવાય એવું તે માનતો હતો; પરંતુ તેની એ માન્યતાને ક્યા માન મળતું હતું ?

આજકાલ તે સ્વતંત્ર થવા એટલો બધો આતુર બની ગયો છે, કે પુરૂં ખાતો પણ નથી. આજે પણ તે ઉતાવળથી જરા ખાઈને પોતાના દિવાનખાનામા હીંડોળા ખાટપર બેઠો બેઠો સ્વતંત્ર વાયુની લ્હેરમા ડોલી રહ્યો છે.

તેણે ઉપરોક્ત ઉદ્‌ગાર કાઢ્યા અને તેની પત્ની પુષ્પા ઘરકામથી પરવારીને સુધાકર પાસે આવી.

" બળ્યુ ! આજે તો હુ ત્રણ ચાર ઠેકાણે દાઝી ! જુઓ ફોલ્લા ઉપડ્યા ! કરોડ રૂપિઆ શું કામના ? "

પત્નિના હાથે થયેલા ફોલ્લા સુધાકરે જોયા. અને તે દાંત કચકચાવવા લાગ્યો: " પુષ્પા ! શું કરૂ ? એ ડોસો મરતોએ નથી કે તારા ઉપરથી વૈતરૂ દુર થાય. "

" આજે તમારા પિતાને કહો કે— "

" બહુએ વખત કહ્યું પણ એ ડોકરો એકના બે ક્યા થાય છે ? " પત્નીને અટકાવીને સુધાકર બોલી ઉઠ્યો.

" મારા હાથે ફોલ્લા થયા છે એમ કહીને પછી ઉત્તર એકે કોઈ દિવસ રાંધતા રાધતાં તે બગી જશે તો ? " પુષ્પાએ પતિને સમજણ આપી.

" હું નથી માનતો કે એ ડોસા માને. " સુધાકર બોલ્યો:

“ કહેવામાં શું જાય છે ? ” પુષ્પાએ કહ્યું:

બરાબર આ વખતે સુધાકરના પિતા ત્યાં આવી ચડયા. જુના જમાના પ્રમાણે પુષ્પાએ ઘુંમટો ખેંચ્યો, અને પછી બહાર ચાલી ગઈ. “ સુધાકર ! ” પિતા બોલ્યા. “ જરા મારી સાથે આવ તો !”

“ ક્યાં જવું છે ? ” સુધાકર બોલ્યો:

“ રાવબહાદુર રમણીકલાલને ત્યાં. ” પિતા બોલ્યા.

“ મારૂં શું કામ છે ? ” સુધાકર બોલ્યો.

“ ત્યાંથી થોડા ચોપડા લાવવાના છે. તે ઉપાડવા. ”

પિતાના આ શબ્દો સાંભળી સુધાકર બળી ગયો: “ હાય ! હું ગ્રેજ્યુએટ શું ખભે ચોપડા ઉપાડું ! છટ્ નોન્સેન્સ ! ”

“ ચાલ શું વિચાર કરે છે ? ”

“ હું નહિ આવું. મારે જરા વાંચવું છે ! ” સુધાકર બોલ્યો.

“ આવીને વાંચજે. એટલામાં કાંઈ વાંચીને પોપટ થઈ જવાનો છે ? ” તેના પિતા બોલ્યા:

“ પણ તમે એકલા જાઓને ! શું વાંધો છે ? ” સુધાકર બોલ્યો.

“ હું એકલો જઉં તો ચોપડા આવે નહિ. ”

“ કેમ ન આવે ? ” સુધાકર બોલ્યો.

“ ચોપડાનું વજન મણ એક થાય એમ છે. હું એટલું વજન ઉંચકી શકું નહિં. તું આવે તો બન્ને મળીને-- ”

પિતાને અટકાવીને સુધાકર બોલી ઉઠયો.

“ પણ મજુરો ક્યાં નથી ? ”

“ મજુરો કાંઈ મફત આવવાના હતા ? ” તેના પિતાએ કહ્યું:

“ એમ તો ચોપડા પણ મફત નહિ આવે !” સુધાકર બોલ્યો.

“ પણ એ વિના ચાલે એમ નથી. જે ચીજ માટે ન ચાલે

તે ચીજ માટે પૈસા બગાડવા જોઈએ. મજુરો વિના આપણને ચાલ્યું જાય એમ છે." તેના પિતાએ જણાવ્યું.

"પિતાજી !" સુધાકરને 'પિતાજી !' કહેવા કરતા 'ફાધર' કહેવાનો શોખ હતો; પરંતુ 'ફાધર' શબ્દ બોલતાજ તેના પિતા ડોળા ઉગામે એમ હોવાથી ન છૂટકે 'પિતાજી !' શબ્દ વાપરવો પડયો: "તમે બહુ લોભ રાખો છો. આખું ચંદ્રપુર તમને લોભીઆ તરીકે ગણે છે. નાહક શા માટે લોભ રાખો છો? કારણ કે કાંઈ પૈસા સાથે આવવાના નથી. એક કરોડ રૂપિઆ જેટલી મિલ્કતવાળો માણસ ખભાપર ચોપડાનું વજન લટકાવી લથડીયા ખાતો ઘેર આવે એ કાંઈ રીતની વાત નથી. એવા હદ ઉપરાંત બોજાનું પરિણામ સારૂ નહિ. વળી જુઓ તમે રસોયો રાખવા ના પાડો છો; પણ આજે તે રાધતા ચાર પાચ ઠેકાણે દાઝી છે, ફોલ્લા ઉપડયા છે! માટે રસોયો રાખો. એટલા ખરચથી કાંઈ દિવાળું આવવાનું નથી !" સુધાકરે જણાવ્યું.

"બહુ ડાહ્યો ! એક કરોડની મિલ્કત મળી તે શું ઉડાવી દેવી? એતો 'રાધતા દઝાય' એ કહેવત છે ને ? તેના પિતા બોલ્યા.

"પણ ક્યાક તે રાધતા બળી જશે તો?" પત્નીની સુચનાનો અમલ થયો.

"એવી ખોટી શંકામા કાંઈ પૈસા હરરાજ કરાય નહિ." તેના પિતા બોલ્યા.

"પણ એમા પેસા હરરાજ ક્યા થઈ જાય એમ છે? રસોયો બહુ બહુ તો પચીસ રૂપિઆ પગાર લેશે, વાર્ષિક ત્રણસો રૂપિઆ થયા." સુધાકરે હિસાબ કરી બતાવ્યો.

"એવા ત્રણસો રૂપિઆ ફાઝલ પાડવાના વિચારવાળો હું નહિ." તેના પિતા બોલ્યા.

" આતું નામ લોભીની પરાકાષ્ટા !" સુધાકર બોલ્યો.

" તું અને આ ચંદ્રપુરના બીજા તારા જેવા મારા આ વિચારને 'લોભ' તરીકે ગણે છે; પરંતુ હું તેને 'લોભ' માનતો નથી. ચાલુ જમાનની ફેશન પ્રમાણે ગાડીઘોડા રાખવા, ધાટીઓ રાખવા, રસોયા રાખવા, નોકર ચાકર રાખવા. એ શું માણસાઈ છે? શું પગે ચાલીને જવામા ચુંક આવતી હશે? કે ગાડીઘોડાની જરૂર છે. અંગઓને રાધતા શુ મહેનત પડતી હશે કે રસોયાની જરૂર? સુધાકર! તું ભણ્યો પણ ગણ્યો નહિ. મારા વિચારથી વિરૂદ્ધ ન જાય એટલા માટે તો હું તને ઇગ્રેજી ભણાવવા માગતો ન હતો ઇંગ્રેજી ભણીને તું કાતો હવે--"

" ઇંગ્રેજી ન ભણીએ તો કરીએ શું!" સુધાકર બોલ્યો:

" આપણા બાપદાદા કયા ઇંગ્રેજી ભણ્યા હતા? છતા પણ તેઓ ગુજરાન ચલાવી શકતા કે નહિ?" તેના પિતા બોલ્યા:

" એ જમાનામા ઇંગ્રેજી કોઈ ભણતું ન હતું!" સુધાકર બોલ્યો.

" અને આ જમાનામા?"

" આ જમાનામા જે ઇંગ્રેજી ભણેલા ન હોય, તેની કઇજ કિંમત ગણાતી નથી!" સુધાકર બોલ્યો:

" ઇંગ્રેજી ન ભણેલાની નહિ, પરતુ ઇંગ્રેજી ભણેલાનીજ કિંમત ગણાતી નથી. તુંજ જો. મજુરો ઇંગ્રેજી કયા ભણેલા હોય છે છતાં પણ રોજે બથી ત્રણ રૂપિઆ કમાય છે; જયારે ઇંગ્રેજી ભણેલાઓ ઘર ઘર નોકરીની ઉમેદવારી કરતા ઠોકર ખાય છે! એક મજુર એક ઇંગ્રેજી ભણેલાથી વધારે કમાઇ શકે છે! અને તેથી તમારા જેવા ઇંગ્રેજી ભણેલાઓને મજુરોથી પણ ચડતા કહી શકાય નહિ." તેના પિતાએ જણાવ્યું.

સુધાકરનો મગજ બગડી જાય તેમા શું નવાઈ? ગ્રેજ્યુએટ થયેલો માણસ પોતાનું અપમાન શી રીતે સહન કરી શકે? પિતાના આ શબ્દો સાભળી સુધાકરે રોફથી બોલવા માંડ્યુઃ—

"યુ ડેમફૂલ! શું બકવાદ કરો છો? મજુરો અને અમારી સરખામણી કરો છો? ઇંગ્રેજી ભણેલાઓને તમે શું છેક્જ ઉતારી પાડવા માગો છો? અમારા આધારેતો—"

"હવે વડાઇ જવાદે. ચાલ મારી સાથે. મને મોડું થાય છે!"

"તમારી સાથે હું આવવાનો નથી જુઓને કેવા ગદા કપડા પહેર્યા છે? તમારી સાથે આવતા તો—"

"ચૂપકર બેશરમ!" ડોસા ગરમ થયા. "અમારી સાથે ચાલતાં તને શરમ આવતી હશે કેમ? વાહ! ઇંગ્રેજી ભણીને આટલું જ ઉકાળ્યુંને? પિતા એટલે કે પોતાના પૂજનીય પ્રભુ દેવતા...તેની સાથે ચાલતા ચાલતા શરમ આવવાનુ કહેતા તારી જીભ કેમ ચાલે છે? ઇંગ્રેજી ભણીને તું મારૂ નામ બોળશે!"

"મારૂં માથું ખવાઇ જાય છે? જાઓ." સુધાકરે મ્હો કસાણું કરતા કહ્યું. તેના પિતાએ આ જોઇને જોરથી કહ્યું.

"વાહ! બહુ સારૂં ભણ્યો હો! ઠીક, કાલથી તું મારા ઘર બહાર નિકળી જજે. ત્યા તારૂં કોઇ માથું નહિ ખાય."

સુધાકર આઇસ્ક્રિમ જેવો થઇ ગયો. ઘર બહાર પોતાને કાઢી મૂકે તો? પાસે એક પાઇ નહિ, કમાંણીમા કાંઇ નહિ, પછી ખાવું શું? તે તરત ઉઠ્યો અને કપડા પહેર્યા!"

"બાપા! ચાલો હું આવું છું!"

ડોસા મનમાજ ફુલાઇ ગયા. સુધાકરને સીધો નેતર જેવો કરવા માટે ઘર બહાર કાઢવાનો વખતો વખત દાબ આપવો જોઇએ.

સુધાકર, તેના પિતાની સાથે ચાલવા લાગ્યો. પણ તે અત્યંત શરમાતો હતો. પોતે કોટ-પાટલુન-ટાઈ-કોલર અને મોજા-બૂટથી સજ્જ હતો, જ્યારે તેના પિતા એક લાંબા પહેરણ, લાંબા કાછીયા અને ટુંકા ધોતીયામાં સજ્જ હતા, તેને ભીતિ હતી કે કોઈ રસ્તામાં ઓળખીતું મળે અને પુછે કે આ કોણ છે! તો શું જવાબ દેવો ?

ચાલુ જમાનાના ખાનદાન સંતાનો પોતાના પિતાની સાથે ચાલતા પણ શરમાય એ એક વિચારવા જેવી વાત છે!

રાવબહાદુરનો બંગલો બરાબર એક માઈલ દુર હતો. પિતા-પુત્ર ત્યાં સુધી ચાલ્યા ગયા. રસ્તામાં કોઈ ગાડીને જોઈને સુધાકર પિતાને કહેતો; "ગાડી કરવી છે ?"

પિતા જવાબ આપતા; "આપણે કાંઈ રાજા નથી ?"

સુધાકરનો ડ્રેસ જોઈ ગાડીવાળા પણ (ગાડી લાવું કે ! કહેતા પરંતુ સુધાકર 'બહુ દૂર જવું નથી' કહી પોતાનું પોઝીશન જાળવી લેતો હતો.

પ્રકરણ બીજું.

"ગ્રેજ્યુએટનું પોઝીશન !"

સુધાકર અને તેના પિતા રાવબહાદુર રમણીકલાલને ત્યાં આવ્યા રાવબહાદુરે બન્નેને સારો આવકાર આપ્યો, સુધાકરે રાવબહાદુરની સાથે શેકહેન્ડ કરી અને બોલ્યો

"Good afternoon sir !"

રાવબહાદુરે સામો શબ્દ ઉચ્ચાર્યો:

" Good afternoon to you ! "

સુધાકરના પિતાને આવી 'રામરામ'ની શૈલી પ્રતિ ઘૃણા ઉત્પન્ન થઈ અને તેણે સુધાકરને કહ્યું:

સુધાકર! આપણે વિલાયતમા જન્મ્યા નથી; તેમ આપણે 'વિલાયતી' પણ નથી; માટે આવી નિંદાત્મક રીતભાત તારે ચલાવવી નહિ. અને રમણીકલાલ! તમે પણ આવી હલકટ રીતિઓનો ત્યાગ કરે. તો ?"

સુધાકરને બોલવાની ઈચ્છા થઈ; ત્યા રમણીકલાલે જવાબ આપ્યો. "કાન્તિલાલ ? તમને અમારી રીતભાત તરફ અણગમો છે; પરંતુ એ રીતભાતથી તો અમે દુનિયામા નભી રહ્યા છીએ. જો એવી ફેશનેબલ રીતીઓનો અમારા તરફથી તિરસ્કાર થાય, તો કાચી ઘડીમા અમારા છાપરા ઉડી જાય."

સુધાકરને રાવબહાદુરના શબ્દો ગમ્યા. રાવબહાદુરના શબ્દોને અનુમોદન આપતા તે બોલ્યો "ખરૂ છે. આજકાલ જો જુના રિવાજને અનુસરવા જઇએ, તો માર ખઇએ એમ છીએ; અને તેથી રાવબહાદુર સાહેબ! હું મારા ફાધરને બહુ વખત કહું છું કે હવે જુનો જુમાનો નથી પણ—"

કાન્તિલાલ ડોસા વચ્ચેજ બોલી ઉઠયા "જાલીમ જમાનો છે, એમને ?

"તે ગમેતેમ તમે કહી શકો." સુધાકર બોલ્યો, "પરંતુ ચાલુ જમાનો સુધરેલો છે. એટલે આપણે પણ આપણા જુના વિચારોમા સુધારો કરવો જોઇએ. અને તોજ જમાનાને અનુકુળ વર્તન રાખીએ તોજ—આ જમાનામાં નભી શકાય એમ છે."

કાન્તિલાલ!" રમણીકલાલ બોલ્યા "આ સુધાકર કહે છે તે

ઠીક કહે છે. જો તમે જુના વિચારો છોડી દઇને વર્તમાન વાતાવરણ ને માન આપો તો તમારા વ્યાપાર રોજગારમા પણ ઘણો સારો વધારો થઇ જશે યુરોપ અમેરીકા જર્મની, જાપાન વિગેરે દેશોમા તમે પ્રખ્યાત થઇ શકસો અને એક કરોડ પતિ હોવાથી તમે જોઇએ તે ડીગ્રી પણ મેળવી શકશો. ડીગ્રી એ પ્રતિષ્ઠા વધારવાના કામમા— કોઇના ઉપર દાબ પાડવામા વધારે ઉપયોગી છે. માટે મારા મત પ્રમાણે અને તમારા પુત્રના મત પ્રમાણે ચાલુ જમાનાને માન આપો અને જુના વિચારોનો આ જમાનો નથી એમ સહમજી જુના વિચારોને તિલાજલી આપો અને વર્તમાન ફેશન પ્રમાણે આ પહેરણ, ફાળીયું, પાઘડી, વિગેરે દુર ફેંકીને અમારી માફક કોટ પાટલુન ટાઇ કોલરને પરિધાન કરો, તે જેથી તમે અત્યંત ખ્યાતિમા આવશો સારી સારી પાર્ટીઓમા તમને આમંત્રણ મળસે મ્હેટા મ્હોટા અમલદારોની સાથે તમારે ઓળખાણ થઇ શકશે અને તમે તમારા બીઝનેસમા પણ સારો વધારો કરી શકસો "પછી માનવું ન માનવું એ તમારી મરજીની વાત છે."

"ભાઇ રમણીકલાલ!" વૃદ્ધ કાન્તિલાલ બોલ્યા: "જુનાજમાના પ્રમાણે ચાલતા હજી સુધી મને કંઇપણ અડચણ નડી નથી, જ્યારે ચાલુ જમાના પ્રમાણે અનુસરનારાઓ અનેકાનેક અડચણો વચ્ચે પસાર થાય છે; કારણકે જમાનાની વિચિત્રતા વૃદ્ધિગત થતી જાય છે; કોટ–કૉલર, પાટલુન–ટાઇ એ ફિતુર શા? શુ એ પોષાકથીજ દેહ દીપે? શું એ પોષકથીજ પ્રતિષ્ઠા વધી? શું એ પોષાકથીજ વ્યાપારમા નફો દેખાય? ખરેખર! એ બધી ચાલુ વિચારની ભ્રમણાજ માત્ર છે. જુના જમાનામાં માણસોની પ્રતિષ્ઠા જેવી હતી; તેવી પતિષ્ઠા ચાલુ જમાનાના ખાનદાન માણસોની હું જોતો નથી. મારે એવા એવાની સાથે

પ્રસંગ પડ્યો છે કે જેઓ જુના જમાનાને છોડીને આ જમાના પ્રમાણે અનુસરતાં ઠોકરે ચ્હડ્યા છે, ઉચ્ચતાના શિખરપરથી અધોગતિના નીચ રસ્તા પર ગબડી પડ્યા છે: અને દરરોજ દિવસ ઉગતા અવ-નવા દુ:ખોને અનુભવે છે. માટે હું માનું છુ કે જેટલો લાભ જુના જમાનાના અનુકરણમાં સમાયલો છે તેટલી હાનિ ચાલુ જમાનાના અનુકરણમા સમાયલી છે; એ ચોક્કસ માનજો.

"તમે ભુલો છો કાંતિલાલ શેઠ ! " રમણીકલાલ બોલ્યા. " ચાલુ જમાનામા માન્ય ગણાતો અપટુડેટ પોષક પરિધાન કરેલો હોય તો જ્યા જાઓ ત્યા માર્ગ કરી શકો એટલી એ પોષાકની મહત્તા છે તમે તમારા આ જુના પોષાકથી કોઇ સારા સ્થળે–કે કોઇ સારા અમલદારની મુલાકાતે જઇ શકશો નહિ; અને જાઓ તો જરૂર સિપાના હાથના મુક્કા ખાવા પડે !"

સુધાકર, રમણીકલાલને પોતાની વકીલાત વિના ચાર્જે કરતો જોઇ પોતાના ફેફસા ફુલાવતો હતો ને એમ માનતો હતો કે રાવબહાદુરની સાથે પિતાને સારી રીતે સંબંધ હોવાથી રાવબહાદુરના શબ્દો તરફ પોતાના પિતાની દ્રષ્ટિ માનભરી પડશે, અને તેથી પોતાની પરતંત્રતાની બેડીઓ તુટવાની સાથે મોજ શોખના વાજા વાગી શકશે, પરન્તુ કાન્તિલાલ વૃદ્ધ શેઠીયા કાંઇ એમ સહજમા પોતાના જુના રિવાજોને ઠોકરે મારી ચાલુ જમાનાના ખાન્દાન (!) બને એમ નહતું રાવબહાદુરના સઘળા શબ્દો પાણીમા ડુબી ગયા જો કે એ શબ્દો કાષ્ટ વત હલકા વજનના કોઈ કાષ્ટની પેઠે પાણીમાં તરી શકે એવા હતા પરન્તુ એ શબ્દોની ઉપર, કાંતિલાલ શેઠની તિરસ્કાર દ્રષ્ટિનો પાષાણ જેવો ભાર પડવાથી નિષ્ફળતાના અગાધ જળમા ડુબી ગયા અને તેની સાથે સુધાકરની સઘળી કલ્પિત આશાઓ પણ ડુબી ગઇ. પોતાના શબ્દો તરફ

કાંતિલાલ માનની દ્રષ્ટિથી જુએ કે તિરસ્કારની દ્રષ્ટિથી જુએ તેની રાવબહાદુરને કશીજ પરવા હતી નહિ. સુધાકર પોતાના પિતાની સાદાઇ, જુના જમાનાના વિચારોને ન છોડવાની અડગ ટેક વિગેરે જોઇ તે મનમાંજ પોતાના પિતા ઉપર ગુસ્સે થયો. પાસે પડેલી ખુરશી ઉપાડીને મારવાનું તેને મન થયું. પિતાના અસ્તિત્વ વચ્ચે પરતંત્રતા ભરી ગુલામી મય જીવન વિતાવવું તેના કરતા પિતાના ઘાતક બની પરમાત્માના પ્રબળ અપરાધી બનીને પણ સ્વતંત્ર બનવાના વિચારોએ તેના મગજમા યુદ્ધ મચાવ્યું. સુધાકર અત્યંત ઉશ્કેરાઇ ગયો. કોઇ ન જોઇ શકે તેમ તેણે ગુસ્સાથી હોઠ પીસ્યા. દાત કચકચાવ્યા. ડોસાના માથામા એક જોરથી મુક્કી મારવાનું તેને મન થયુ. હાથની મુઠ્ઠી વળી; પરન્તુ રાવબહાદુરના અસ્તિત્વ વચ્ચે બાપને મરાય કેમ? એ વિચાર આવતા મુઠ્ઠી ઉઘડી ગઇ. હોઠ પહોળા થયા અને ભાવનું પરિવર્ત્તન કરીને તે બોલ્યો.

"પિતાજી! તમે નાહક હઠાગ્રહ પકડી રાખશો અને મારૂં જીવન બગાડી નાંખશો!"

"તારૂં જીવન બગાડવા હુ રાજી હોઇશ કેમ? સુધાકર! મને જણાય છે કે તું હમણા હમણા મારા સામુ જેમતેમ બોલ્યા કરે છે, એ ઇંગ્રેજી કેળવણીનો પ્રતાપ છે. જો હું પ્રથમથી આવું જાણતો હોત તો તને ઇંગ્રેજી ભણાવત નહિ. તને ઇંગ્રેજી ભણાવીને મેં મારી બાપ-દાદાની અમુલ્ય આબરૂને અત્યંત જોખમમા મૂકી દીધી છે! કારણ કે એ ફકરી ગયેલો પુત્ર, જ્યારે પોતાના પૂજનીય પિતાની સામે બોલતા જરા પણ અચકાતો નથી, તે પુત્ર પછી પાપાચારથી ડરશે જ કેમ? અને પુત્રના દુષ્ટ ચારિત્ર્યથી પિતાની આબરૂ કલંકિત થાય છે તેમ તારા ખરાબ ચારિત્ર્યથી અદ્યાપિપર્યંત વડવાઓની નિષ્કલંક રહેલી

કીર્તિને અવશ્ય કલંક લાગશેજ. કારણ કે તું અધમતાના છેલ્લે પગથીયા જવા જેટલો ઉચ્છૃંખલ થવાની અણીપર આવી ગયો હો એમ મારી આંખો તારા સ્વભાવ અને વર્ત્તનપરથી સ્પષ્ટ જોઈ શકે છે !" વૃદ્ધ કાન્તિલાલ શેઠે આ પ્રમાણે શબ્દો ઉચ્ચાર્યા.

સુધાકરનો મિજાજ સાતમે આસમાન પહોંચી ગયો. રાવબહાદુર ભલે હોય પરંતુ આવું અપમાન કરનાર પિતાને તો ચમત્કાર બતાવવોજ જોઇએ એમ તેને લાગ્યું. પરંતુ હિંમત જોઇએ તેનું કેમ? 'કમજોર ગુસ્સા બ્હોત' એ ન્યાયે તેને અત્યંત ગુસ્સો આવ્યો, પરંતુ તે કમજોર હોવાથી ગુસ્સાએ કાંઇ કરી બતાવ્યું નહિ

રાવબહાદુરે, વૃદ્ધ શેઠની માગણી પ્રમાણે ચોપડા આપ્યા. અને તેના કાન્તિલાલે બે ભાગ પાડયા. એક ભાગ પોતાનો અને બીજો ભાગ સુધાકરનો હતો. પોતાનો ભાગ ખભા પર ઉપાડતા વૃદ્ધ શેઠ બોલ્યા: 'ચાલ, આ ચોપડા લઇ લે."

"હું આવું છું!" સુધાકર બોલ્યો:

"સાથે ચાલને? કદાચ રસ્તામા પડી જાય તો......" કાન્તિલાલને બોલતો અટકાવીને સુધાકર બોલ્યો. "રસ્તામા નહિ પડે. તમે જાઓ. હું પાછળથી આવું છુ?" સુધાકરના કહેવાથી કાન્તિલાલ ગયા. અને કહેતા ગયા.

"જરા જલ્દી આવજે! મારે ચોપડાનું ઉતાવળથી કામ છે."

"રાવબહાદુર સાહેબ!" સુધાકર બોલ્યો: "આ મારા ફાધર કોઈપણ રીતે જુના વિચારને છોડતા નથી. જુઓને આ ચોપડા પોતે ઉચકી ગયા અને મારા માટે મૂકતા ગયા. શું જુનાજમાનામા આ પ્રમાણે થતું હશે? કરોડ રૂપિઆ ઘરમા હોય છતા પણ વજનથી બ ભાઓ દબતા રહે એ કયાનો ન્યાય? જુનાજમાનાની જુઓની

કેટલી બધી અધોગતી ! દેહની ચામડી ઉતરી જાય, પરંતુ એક પાઇનો પણ ખરચ ન થાય, એ જુનાજમાનાના વિચારો આ જમાનામા કેમ નભે ? કહો સાહેબ ! મારા જેવા ગ્રેજ્યુએટ થયલાને એ કેમ ગમે ? મારા ફાધર મારૂં જરાપણ માન સાચવતા નથી. અભણ અને બી. એ. થયેલા બન્ને માટે તેમની દૃષ્ટિ એક સરખીજ જોવાય છે. જો હું અભણ હોત તો પણ તેઓ અત્યારે મને જેવી રીતે માન નથી આપતા, તેવીજ રીતે માન આપત નહિ. જ્યારે હું બી. એ. થયો છું, તોપણ એક અભણથી વધારે માન મેળવી શકતો નથી. પ્રભુ જાણે જુનાજમાનામાં આ પ્રમાણે કેવી રીતે ચાલી શકતું હશે !"

"સુધાકર !" રાવસાહેબ બોલ્યા: "તારા પિતા કોઇપણ રીતે જુના વિચારને છોડવાના નથી. તું નાહક શામાટે કકળ્યા કરે છે? તારા પિતા ભલે તને માન ન આપે પરન્તુ તેવી જીંદગી તારા માટે હવે થોડીજ બાકી છે. કારણકે તારા પિતા કાંઇ હવે વધારે જીવવાના થોડુંજ છે? પાચ સાત મહિના કે વધુ એક વર્ષ ! કદાચ બે વર્ષ ! એટલી મુદતનું શાતપણે સહન કર્યા કર. તારા સુધરેલા વિચારોનો અમલ હમણા થઇ શકશે નહિ. તારા પિતાની હયાતીમાં તું ફેશન વસાવી શકીશ નહિ માટે હમણા તો તારે ગુલામીની માફક જીવન ગુજારવું."

સુધાકરને હવે રાવબહાદુરને ત્યાથી જવાનો વિચાર થયો. પણ પેલા ચોપડાનું કેમ. વજન વીશરતલ ઉપરાંતનુ હતું. ગ્રેજ્યુએટ થયલી દેહના ખભામા કે હાથમાં એટલું વજન ઉંચકવાની શક્તિ હતી નહિ. અને વળી કોટ પાટલુન કોલર ટાઇનો રૂવાબ તેને એ વજન ઉંચકવા અટકાવતો હતો. પરન્તુ ઉપાડ્યા વિના છૂટકો ક્યાં હતો? તેણે ચોપડાના ઢગલા સામુ જોઇ રહીને પાંચ મીનિટમાં અનેક વિચારો દોડાવી લીધા.

"શું કરવું? મારે આ વજન ઉંચકવું? નહિ. નહિ. એથી તો પોઝીશન ઢેમ! ત્યારે શું મજુર કરી લઉં? પણ પછી મજુરને પૈસા ક્યાંથી આપવા? એ ડોસો એક પાઇપણ આપે એમ નથી, તેમ મારા ગજવામાં પણ એક પાઇ નથી, કે હુ મજુર કરી શકું? અરરર! કેટલું હલકટ જીવન! શુ મારેજ આખરે આ વજન ઉંચકવું પડશે? શુ મજુરની પેઠે ભરબજારમા વજન ઉંચકીને મારે ચાલવું પડશે? નો. નો. બીલકુલ નહિ. એથી તો એક કોડીની પણ આબરૂ રહે નહિ. કોઇ દોસ્ત સામો મળે અને અરધામણથી કંપતી મારી દેહને જુએ અને પૂછે કે: "આ શું!" ત્યારે મારે ડુબી મરવુંજ પડે। એક કરોડની મિલ્કતનો હુ વારસદાર છુ—ભલે ભવિષ્યનો માલિક છુ, પરન્તુ અત્યારે એક ગરીબ મજુર જેવી સ્થીતિ જોતા મિત્રો મારી હાસીજ કરેકે બીજું કાંઇ? ગમે તેમ થાય પરન્તુ પોઝીશન તો જાળવવુંજ જોઇએ. હાય! પણ આઠ દશઆના મજુરી આપવી પડશે તેનું કેમ? અત્યારે તો રૂવાબથી મજુર પાસે જો વજન ઉચકાવીશ, આગળ મજુર અને પાછળ હું સ્ટીકને રમાડતો રમાડતો ચાલીશ, ઘર સુધી રૂવાબમા પહોચી જઇશ, પોઝીશન સચવાઇ જશે પરન્તુ જ્યારે મજુરના મ્હોમાથી 'લાવો' શબ્દ નીકળશે, ત્યારે મારૂં શું થશે? પોઝીશન તે વખતે શી રીતે રાખવું? ઓ પ્રભુ! મારા જેવા ગ્રેજ્યુએટ થયલા માણુસના ઉપર શી આ મુશ્કેલી! ચોપડાનું વજન ઉંચકવા માટે તેને પોઝીશન ના પાડતું હતું; અને મજુર કરવા માટે તેનુ ગજવું ના પાડતું હતું. બન્નેના'નામાથી કઇ 'ના'ને શરણે જવાથી પોઝીશન જળવાઈ શકે એ બાબતનો તેણે પુખ્ત વિચાર કર્યો. મજુર કરી લેવાના વિચાર પર તે ગયો. પોઝીશન જળવાયનોજ પ્રતિષ્ઠાનો પાયો મજબુત નંખાય એમ તેને લાગ્યું. અને તરત તેણે 'મજુર!' 'મજુર!' બૂમ મારી.

તેની આ બૂમમા ‘ મજુરી ’ ન આપી શકવાની તેના ગજવાની અશક્તિનો ગુપ્ત ધ્વનિ હતો. પરન્તુ એ ધ્વનિ તરફ લક્ષ ન દેતા એ ચાર મજુરો રાવ બહાદુરના મકાનમા ઘુસી આવ્યા. “ લાવો સાહેબ શું છે ! ” બધા મજુરો એક પછી એક એવી રીતે બોલ્યા.

સોટી ફેરવતા સુધાકરે કહ્યું: “ આ ચોપડા લઇ લ્યો. ”

“ સારૂ સાહેબ ! ” કહી એક મજુરે ચોપડાનો ગાસડો પોતાના શિર ઉપર ધારણ કરી લીધો. નિરાશ થઇ બીજા મજુરો પોતાના રસ્તે પડ્યા.

ચોપડા ઉંચકીને મજુર બોલ્યો.

“ સાહેબ ! કયા લઈ જવા છે ? ”

“ હુ આવું છુ, મારી સાથે ચાલ. ” સુધાકર બોલ્યો.

રાવ બહાદુરની રજા લઇ સુધાકર નીચે ઉતર્યો. મજુરને પોતાની પાછળ આવવાનુ કહી તે રૂવાબબંધ જાહેર રસ્તાપર ચાલવા લાગ્યો તેના વદન ઉપર “ ‘ મજુરી ’ ક્યાથી આપવી ? ” એ ચિંતાના ભાવો તરવરતા હતા; પરન્તુ સુધાકર તે ભાવોને દબાવી દેતો હતો. ‘ કોઇ મિત્ર મળે તો સારૂં ’ એમ તે ઇચ્છતો હતો. કારણ કે પોતાનો રૂવાબ, પોતાનો મિત્ર જોઇ શકે. પરન્તુ તેના કમભાગ્યે આખા રસ્તામા કોઇ પણ ઓળખીતું મળ્યુ નહિ. મજુરી આપવાની અશક્તિ છતા પોઝીશન જાળવવા ખાતર કેટલા સાહસથી મિત્ર મંડળી કે ઓળખીતાઓને રૂવાબ બતાવવાનો તેનો વિચાર હતો. પરંતુ એ વિચાર તેનો પાર પડયો નહિ, અને પોતાનું ઘર આવી પહોચ્યું. રૂવાબ તો ચલાવ્યો પરંતુ હવે શું કરવું ? પોતાના મકાનમાં પ્રવેશ કરતા સુધાકરના પગ ધ્રુજવા લાગ્યા. “ અરે આ શું ! ગ્રેજ્યુએટની શું આ દશા ! આટલો ધ્રુજારો શા માટે ? ” એ ડોસા

પાસે મજુરીના પૈસા માગી લેવા, અને આ મજુરને આપવા એમા શું ?"

પણ બ્રુજતા અટક્યા. ઉપરના વિચારથી તેની છાતીનો કંપ કમી થયો. અને તેણે ઉતાવળે પગલે મકાનમા પ્રવેશ કર્યો. મજુરે મકાનના ઓટલે ચોપડાનો પોટલો ઉતાર્યો. અને અંદર ગયેલા શેઠ હમણા આવશે એમ વિચાર કરી ઓટલા ઉપર બેઠો.

સુધાકરને જોઈ એના પિતા બોલ્યા.

"ચોપડા ક્યા છે ?"

"મજુર લાવે છે ! જરા મજુરીના પૈસા ચૂકવવા એક રૂપિઓ આપજો !" સુધાકર બોલ્યો.

"કમબખ્ત !" વૃદ્ધ પિતા બરાડી ઉઠ્યા ! મજુર કરવાનું તને કોણે કહ્યુ ?"

ડોસાના સ્વાભથી-ક્રોધથી સુધાકર ઠીંગ થઇ ગયો તેની આંખો ચકરવકર ફરવા લાગી. એ આંખો જાણે ઉત્તર આપતી હતી કે—"મારા પોઝીસને કહ્યું."

પ્રકરણ ત્રિજું.

"બાપને ઝેર આપવાનો બેટાનો વિચાર !"

વૃદ્ધ શેઠે બોલવા માડ્યું: "મારી પાસે એક પાઇ પણ નથી, સમજ્યો ? મજુરને તારી વેળાએ ચુકવી આપજે ! મોટો શાહુકારનો પાટલો ! પાચ સાત ચોપડા ઉંચકવામાં શું સુંડ આવતી હતી ? એવું પોઝીશન જાળવવું હોય તો જુદો થા. મારી સાથે રહીને એમ પૈસા

ઉડાવવાનું નહિ બને. પરસેવો ઉતારીને પેદા કરેલો પૈસો ઉડાડી દેવાનો ન હોય !"

સુધાકરની મુઝવણનો પાર ન રહ્યો. એ મુઝવણમાં એનું અંતર તેને કહેવા લાગ્યું કે: "આ ડોસાનું શું થાય ?"

વધારે વખત થયો છતાં પોતાને કાંઈ પણ જવાબ મળ્યો નહિ, એટલે ઓટલે રોકાયલો મજુર, ચોપડાના પોટલા સાથે મકાનની અંદર દાખલ થયો. સુધાકર આ વખતે પોતાના પિતાની પાસે ઉભો હતો. મજુરે સુધાકરને જોઈને કહ્યું, "આ ચોપડા ક્યાં મુકું ! શેઠ !"

સુધાકરે જવાબ આપ્યો નહિ. મજુરે સુધાકરના પગ પાસે ગાંસડો મુકયો અને કહ્યું: "શેઠજી ! મજુરી આપો ?"

સુધાકરે મજુરને કંઈ પણ જવાબ આપ્યો નહિ. પાષાણમુર્તિની પેઠે તે સ્થિર ઉભો હતો: મજુર ફરી બોલ્યો:

"શેઠ ! મજુરી આપોને ? મારે જવું છે !'

કાન્તિલાલ સુધાકરના મ્હોં સામું જોઈ રહ્યા હતા. સુધાકર, મજુરના મ્હો સામુ જોઈ બોલ્યો: "આપું છું !"

આપું છું કહ્યું તો ખરૂં પણ આપવા ક્યાંથી એ મુખ્ય સવાલ હતો. સુધાકરે પિતાની પાસે ફરી કરગરવા માંડ્યુ:

"આ વખતે મજુરીના પૈસા આપો. હવે આવું નહિ કરૂં."

"નહિ. નહિ." વૃદ્ધ શેઠ બરાડી ઉઠયા.

પાસે ઉભેલો મજુર તરત સ્થીતીથી વાકેફ થઈ ગયો તેણે સુધાકરને ક્રમથી કહેવા માંડયું. "શેઠ ! મને જલદી પૈસા આપો. મારે ઉતાવળ છે. આવી રીતે અમને હેરાન કરો."

સુધાકરે કહ્યું: "હું હમણાં અપાવું છું !"

"એ નહિ ચાલે. આ ઘડીએ પૈસા મુકી દો." મજુરે કહ્યું.

મજુરના દમથી ગ્રેજ્યુએટ સુધાકર પિતાની પાસે રડી પડયો: " આ વખતે મજુરીના પૈસા આપો. કૃપા કરી આપો. હવેથી હુ કદી પણ—— "

" એક વખત તને કહ્યું કે હુ આવી મજુરી આપવા માટે એક પાઈ પણ આપી શકીશ નહિ તું લાવ્યો તો તું આપ. " વૃદ્ધ શેઠ બોલ્યા.

મજુરનો મિજાજ ગયો. " સુધાકરના કોટનો છેડો ખેંચીનેજ બોલ્યો: " બદમાશ જેવો છે કે શું ! મજુરીના પૈસા આપવા ન્હોતા તો મજુર કેમ કર્યો ? ખભા ઉપર ઉપાડી લેવું હતુંને ? મોટા શેઠ બનવું, અને મજુરી આપવાની શક્તિ નહિ. તારા જેવા ભુખ્ખા દુનિયામાં કેટલા પડયા છે ? "

સુધાકર એક મજુર તરફથી થતા અપમાનને જોઇ અત્યંત નિશ્વાસ નાખવા લાગ્યો. એ નિઃશ્વાસમા પિતાની ઉપરની ક્રોધની વરાળો હતી. મજુર પાચદશ ગાળો આપીને પછી ચાલ્યો ગયો. મજુરના ગયા પછી સુધાકરની મુઝવણ ઓછી થઇ. તે પોતાના રૂમમા આવ્યો અને ખાટપર બેસી વિચાર કરવા લાગ્યો.

" એક મજુર મને ગાળો આપી જાય એ મારે શી રીતે સહન કરવુ ? આ ડોસો માથાનો મળ્યો છે. એક પાઇ પણ આપતો નથી, તેમ મરતોપણ નથી. હવે તો ડોસાને ઠાર કરી નાખવો એમ ઇચ્છા થાય છે ! "

સુધરેલા વિચારમા પિતાને ઠાર કરવાનો અવકાશ હોય કે ન હોય પરન્તુ સુધાકરના વિચારમા પિતાને ઠાર કરવાનો અવકાસ મળ્યો... તેને સ્વતંત્ર થવાની એવી તો તાલાવેલી લાગી હતી કે પિતાને સ્વધામ પહોંચાડવા તૈયાર થઈ ગયો. ડોસો મરે તો પોતે સ્વતંત્ર

થાય, ગાડીઘોડામા મ્હાલી શકે, ખીસામા નોટોના બંડલ રાખી શકે અને એક કરોડપતિ તરીકે મોટું માન મેળવી શકે. એવા વિચારથી તેના હૃદયમા પાપની પ્રબળતા વધી પડી. કઈ રીતે ડોસાનુ સાલ દુર થાય એ બાબતની યુક્તિમાં તેનું મન પરોવાયુઃ "રાત્રે નિદ્રાધિન હોય ત્યારે ગળું કાપું તો ?" થોડીવાર વિચાર કરી તેણે ડોકું ધુણાવ્યું. "એ ઠીક નહિ. એથી તો ખુનનો આરોપ આવે. અને કદાચ ફાસીના માચડે લટકવું પડે !" "ત્યારે ?" તેણે અનેકાનેક યુક્તિઓ શોધી પરંતુ તેમા તે એવુ ન જોઇ શકયો કે દુનિયા પોતાને પિતાના ખૂની તરીકે વ્હેમમા પડે. તેણે ઘણું ઘણુ મગજ દોડાવ્યું. આખરે તેને એક યુક્તિ એવી સુઝી કે તેથી પોતાના ઉપર દુનિયાને વ્હેમ આવે નહિ, અને પોતાની પરતંત્રતા તુટી જાય. તરત તેણે પુષ્પાને બૂમ મારી પત્નીની સલાહ વિના પોતે ધારેલી યુક્તિ પાર પડે તેમ ન હોવાથી તેણે પોતાની યુક્તિ પુષ્પાને જણાવવાનું ઉચિત માન્યુ. પુષ્પા આવી. અને પતીની સાથે ખાટપર બેઠી. સુધાકર બોલ્યો:

"પુષ્પા !"

"વ્હાલા," પુષ્પાએ મીઠો ટહૂકો કર્યો.

"જો હુ તને એક અત્યંત ખાનગી વાત કહું છું; તારે તે કયાયપણ કહેવી નહિ, સમજી ?" સુધાકર બોલ્યો.

"એ શું બોલ્યા ? ખાનગી વાત શું હુ જાહેર કરૂં એવી મુર્ખ છુ ? કોઈ દિવસ તમે કહેલી ખાનગી વાત મેં બહાર કહી છે ?" પુષ્પા બોલીઃ

"ના. આજસુધી તેં એકપણ વાત બહાર કહી નથી. પરન્તુ સ્ત્રીસ્વભાવ એવો હોય છે કે ગમે તેવી ખાનગી વાત હોય તોપણ

તેના પેટમા તે રહી શકતી નથી. અને તેથી હુ તને કહુ છું કે આજ સુધી મેં તને જેજે ખાનગી વાતો કહી છે, ને તે વાતો કરતાં આજની વાત જુદીજ છે! એ વાત જો બહાર પડે તો મારૂં અને તારૂં બન્નેનુ મ્હોત થાય એમ છે! માટે જો તારા પેટમા રહે તો હું તને વાત કહું!" સુધાકર બોલ્યો:

"કહો. એ વાત મારી હૃદયપેટીમા પુરી રાખીશ. કોઇને પણ કહીશ નહિ, નાથ?" પુષ્પા બોલી:

"જો પુષ્પા!" સુધાકરના મ્હો ઉપર ભયંકરતાના ભાવો ખડા થયા. "હવે તો હું ડોસાથી પુરેપુરો કંટાળ્યો છું! અને તેથી—" સુધાકરની જીભ અટકી ગઈ.

"તેથી શું?" પુષ્પા બોલી.

"પણ તું કોઇને ન કહેતો હું કહી શકું!"

"નાથ! જરા પણ સંકોચ ન રાખો. હુ કોઇને પણ કહેવાની નથી." પુષ્પા બોલી.

"તેથી ડોસાને તરતમા—"

"વળી કેમ અટકી ગયા?"

"ઝેર આપવું!" સુધાકરે પોતાનુ વાક્ય કકડે કકડે પુરૂં કર્યું:

પુષ્પા કંઇ પણ બોલે ત્યાર પહેલા સુધાકર બોલ્યો:

"વ્હાલી! તારે જરા પણ ગભરાવાનું નથી. આજે રાત્રિજ અનાજમા ઝેર ભેળવી દે; કે જેથી આપણને સ્વતંત્રતા મળે અને આપણું જીવન આનંદથી વિતાવી શકાય. જોને તારા માથે કેટલા કામો છે? તારી નવનીત સમાન દેહ, તનતોડ ધરકામના તાપમા અનુદિન ઓગળતી જાય છે! માટે હું કહું છુ તેમ તું કર. કે જેથી તને અને મને સાહ્યબી મળે. જોને મારા ગજવામા એક રાતી પાઇ

નહિ. હું કરોડપતિનો છોકરો ! બી. એ. થયેલો ! સુધરેલો ! ફકત ત્રણ કપડાનો માલિક ! પુષ્પા ! આવી સ્થિતિમા રહેવા કરતા બ્હેતર છે કે આપણને નડતું કંટક દુર કરી નાખવુ. બોલ તું સંમત છે ને ?" સુધાકરે પોતાની પત્નિ પાસે આ પ્રમાણે શબ્દો ઉચ્ચાર્યા:

"જો આપની ઇચ્છા હોય તો તેમ વર્તવામા મને જરાપણ વાંધો નથી !" પુષ્પા બોલી

આ પ્રમાણે દંપતીએ વિચાર કર્યો. સુધાકરના હૃદયની કુટિલતાનુ જોર વધ્યુ અને તેમા પત્નીની સમ્મતિ મળતા તે પોતાની ભાવિ સુખી જીંદગીના ખ્યાલ કરતા આનંદમા આવી ગયો. થોડીવાર પહેલાં મજુરે આપેલી ગાળો, મજુરીના પૈસા આપવા માટે પિતા પાસે કરેલી માગણીનો તિરસ્કાર, અને એથી તેને થયેલું અસહ્ય દુઃખ એકદમ ચાલ્યુ ગયું. અને તે હર્ષના હીંચોળામા હીચવા લાગ્યો. પોતાની દીન યાચનાનો તિરસ્કાર કરેલા મ્હોને તે દુનિયામાંથી નાબુદ થયલું જોવા લાગ્યો. અને આખા ચંદ્રપુરમા પોતે એકજ સર્વથી વધારે આનંદ અને સુખ ભોગવી શકશે એમ માનવા લાગ્યો.

"વ્હાલી !" સુધાકર બોલ્યો ! "જો ડોસો મરી જાય ને પછી હું તારા માટે ફેન્સી પોષાક લાવી આપીશ."

"પેલી રામદાસ શેઠના દીકરાની વહુ ચંપા પહેરે છે એવી સાડી પ્હેરવાનું મને કેટલાય દિવસથી મન છે, પણ—"

પત્નિને બોલતી અટકાવીને સુધાકર બોલ્યો.

હવે તારૂં મન માનશે તે પ્રમાણે તને કપડા મળશે ! એ ચંપાથી પણ સરસ સાડીઓ હું તને લાવી આપીશ. પૈસાનો કાંઇ ઓછોજ આપણને તૂટો રહેશે ?" ક્ષણવાર અટકી સુધાકર બોલ્યો: "અને એક મોટર લઇશુ એ મોટરમા બેસી આપણે દરરોજ દરિયા કિનારે ફરવા જઇશું.

"વ્હાલા ' તો તો બહુજ આનંદ આવે !" પુષ્પા બોલી:

"અને એક સારો રસોયો રાખીશું. કે જેથી તારે ચુલો ફુંકવો ન પડે, એક ઘાટી રાખશું કે જેથી તારે વાસણ માજવા ન પડે કેમ ઠીક કે નહિ ?"

' ઘણુંજ ઠીક ! જુઓને વાસણ માંજી માજીને હાથના તળીયા ઘસાઈ ગયા છે. ચુલાનો ધુમાડો ફુંકી ફુંકીને તો ઉધરસ થઈ છે ઉપરાંત આખો પણ ઝીણી પડી ગઈ છે ! હવે તો—"

પુષ્પાની વચ્ચેજ સુધાકર બોલ્યો:

"તારા માથા ઉપરથી એ બધી વિટંબણા દુરજ થઈ સમજી લે. કારણ કે આજ રાત્રેજ ડોસો સ્વધામ પહોચી જશે. સવારમાં તેની દહનક્રિયા. અને સાંજે આનંદની રેલમ છેલ !"

' પણ આપણા આ કાવત્રાની કોઇને ખબર પડશે તો ?" પુષ્પાએ બ્હીક બતાવી.

' એ કાંઇ ડરવાનુ નથી. કારણ કે હુ અને તું બન્નેજ આ વાત જાણીએ છીએ. બીજા કોઇને આ વાતની ઓછીજ ખબર પડવાની હતી ? રાત્રે ડોસો અનાજ લેશે અને તરત તરફડીયા મારી મરી જશે. સવારમા હું જાહેર કરીશ કે એ એકાએક ગોટો ચ્હડવાથી રાત્રે મરણ પામી ગયા. કારણ કે એને ગોટાનું દરદ છે એમ સૌ કોઈ જાણે છે; એટલે કોઈ પણ આપણા ઉપર વ્હેમ લાવશે નહિ; અને આપણું કામ પાર પડી જશે. પણ ઝેર મેળવવાનું કામ તારે ચાલાકીપૂર્વક કરી બતાવવું કે જેથી ડોસાને ખબર પડી જાય નહિ." સુધાકર બોલ્યો.

"એ વિષે તો તમારે જરાપણ ચિંતા કરવી નહિ. એવી સરસ રીતે હું ઝેર ભેળવી આપીશ કે ડોસો પેટ ભરીને ખાશે ત્યાં સુધી

પણ વાતનો ભેદ કળી શકશે નહિ. અને છેલ્લા કોગળે ગોરો '......"
પવિત્ર (!) પત્ની બોલ્યા.

"તોતો બસ કાલ ફત્તેહ !" સુધાકર બોલ્યો. "જો આ વાત બહાર પડે નહિ એની ખાસ સંભાળ રાખજે. હું બહાર બજારમા જઉં છું! અને ત્યાંથી તીવ્ર વિષ ખરીદી લાવું છુ !"

સુધાકરે કપડાતો પહેરેલાં હતા. ખાટ ઉપરથી ઉભો થયો પરંતુ ખીસામા એકપાઇ પણ હતી નહિ ને ઝેર ખરીદવું શી રીતે? એ મુંઝવણનો તેને ખ્યાલ આવ્યો.

"હાક્ષી! ઝેર લાવવા પણ ખીસામા કાંઇ નથી!"

"કાંઇ ફીકર નહિ. "પુષ્પા બોલી! "મારી આ એક વીંગડી લઇ જાઓ. તે વેચીને તેમાથી ઝેર જોઇએ તેટલું લાવો."

"લાવ." સુધાકર બોલ્યો. અને હાથ લાંબો થતા પુષ્પાએ એક અંગડી આપી. અંગડીને કોટના ખીસામા મૂકી સુધાકર બોલ્યો: "જો. આ અંગડી તારા હાથમા નથી એવું ગત સુધી એ ડોસો જોઇ શકે નહિ હોકે?"

"એમા કહેવુંજ ન પડે!" પુષ્પા બોલી!

"હું જાઉં છુ!" સુધાકર બોલ્યો.

"સંભાળજો!" પુષ્પા બોલી:

પિતાનું ખૂન કરવા જેટલી નિર્દયતા ઉપર આવી ગયેલો આત્મા તત્કાલ ઘર બહાર ચાલ્યો ગયો. પુષ્પા ખાટપર એકલી પડી વિચાર માળા ચલાવવા લાગી:

"ઝેર ભેળવવું એ કાંઇ સહેલું કામ નથી! ક્યાક જો વાત ઉઘાડી પડી ગઇ, તો બધી બાજી ધુળમા મળી જવા ઉપરાત તેઓ દુ:ખી થશે. પણ મારે અત્યંત ચાલાકીથી ખોરાકમા ઝેર ભેળવી આપીને પતીનો માર્ગ સાફ અને સરળ કરી આપવો જોઇએ."

સુધાકર બજારમાં ગયો. અને બંગડી વેચી. બપ દુ ડેટ પોપાકમા હતો, અને એક બંગડી વેચવા ગયેલો હોવાથી શરાફો તેને પૂછતા હતા કે: "બંગડી વેચવાનું કારણ?"

સુધાકર કોઇને વ્હેમ ન પડે તેમ ઉત્તર આપતો.

"હું અહિંનો નથી બહારગામ રહું છું. મારી પત્નિ સાથે હું મુસાફરીમાં છું. ગઈ કાલે મારૂં પાકીટ ચોરાયું છે, અને મારી સઘળી રોકડ રકમ કોઈ બદમાશો ઉપાડી ગયા છે, એટલે ઘેર પહોચવા સુધીમા જોઈતી રકમ મેળવવા સારૂ આ બગડી વેચવી પડે છે !"

સુધાકરનો પોષાક ઉત્તમ હતો, તેમ તેની બોલવાની ઢબ એવી તો સરસ હતી કે કોઇ શરાફે કાઇપણ વ્હેમ લીધો નહિ. બેચાર શરાફને ત્યા સુધાકર ફર્યો. અને છેવટે રીતસર ભાવ મળતાં બગડી વેચી.

અત્રે કહેવું જોઇએ કે એક કરોડપતી શેઠના સન્તાનને ગામના શરાફો ન ઓળખે એ કાઇ માનવા જેવી વાત નથી, એવી શંકા ઉપસ્થિત થશે, પરંતુ તેનો એ ખુલાસો છે કે ચંદ્રપુરમા ઘણીજ ટુંક મુદ્દતમાં આવેલા શરાફોને ત્યાજ સુધાકર ગયો હતો. તેને ઓળખે એવા જુના શરાફોના ઓટલા તરફ તેણે નજર પણ કરી નહતી.

પૈસા ગજવામા પડયા. અને ભાઇને આખું જગત્ મુઠીમાં સમાઈ ગયલું જણાયું. આનંદમા તેણે કોઇને પણ ખબર ન પડે એવી ચાલાકીથી ગુપ્ત રીતે તીવ્ર વિષ ખરીદું અને ઘેર આવ્યો:

પતિને જોઇ પુષ્પા બોલી: "એટલીવારમા આવ્યા?" "તેમાં શીવાર?" સુધાકર બોલ્યો "લે આ ઝેર તેને બરાબર સાચવીને રાખ, રાત્રે રસોઇ કરતી વખતે તેમા ભેળવી આપજે. મારે અને તારે તે રસોઈ ખાવી નથી, એટલે ડોસાને જોઇએ તેટલુંજ રાંધજે

કે જેથી વધેલા અનાજને ગુમ કરવાની આપણને તકલીફ લેવી પડે નહિ.”

એમ કહીને સુધાકરે, ગજવામાંથી એક પડીકું કઢ્યું અને પત્નિને આપ્યું. પુષ્પાએ તે લીધું અને રસોડામા મૂકી દીધું. પછી દંપતી ખાટપર બેઠા.

“ પુષ્પા !” સુધાકર બોલ્યો: “ હવે તું મજુરણ મટીને શેઠાણી બનવાની કેમ ?”

પતિની મશ્કરીનો જવાબ, પત્નિએ પણ મશ્કરીમાંજ આપ્યો. “ અને તમે ભુખ્ખા મટીને શ્રીમાન્ શેઠ સાહેબ બનવાના કેમ ?”.

પત્નીની આ મશ્કરીનો જવાબ, સુધાકરે, પુષ્પાનો હાથ પકડી તેના ગુલાબીગાલપર ચુંબન કરીનેજ આપ્યો,

એ ચુંબનના ધ્વનિમા પ્રચંડપાપના ધ્વનિનો સમાવેશ હતો !

પ્રકરણ ચોથું.

“ સ્વતંત્ર દંપતી.”

શયતાન સુધાકરની શિખવણીથી પવિત્ર પત્ની પુષ્પાએ પોતાના પવિત્ર પૂજનીય પરમાત્મારૂપ સાસરાને ઝેર આપ્યું. કાન્તિલાલ રાત્રિનુ ભોજન કરીને પોતાના શયન રૂમમા સૂતા. પુત્રના કુટિલ કારસ્થાનની તેમને ખબર ન હતી. ઝેરની મેળવણી એવી સરસ રીતે કરવામાં આવી હતી; કે તેની ખબર એ વૃદ્ધ ભોળા આત્માને પડી શકી નહિ. દરરોજના રાત્રિ ભોજનમા અને આજના વિષમિશ્રિત રાત્રિભોજનમાં

એમને કાંઈ ફેર જણાયો નહિ. ઉલટું વિષમિશ્રિત રસોઇમા તેને વિશેષ સ્વાદ આવ્યો. જમતી વખતે તેણે મનમાજ ઉદ્‌ગાર કાઢયો હતો:

"આજની રસોઇ કાંઇ બહુજ સરસ બની છે. સ્વાદ અતિશય જણાય છે!"

એ વૃદ્ધાત્માને જાણ ન હતી કે એ સ્વાદમા તેના ભયંકર મૃત્યુનો નાદ હતો. એ સ્વાદમા ઝેરના કિરણ હતા. એ સ્વાદમાં વિષનો વિષમ પ્રકાશ હતો!

જમીને એ વૃદ્ધ આત્મા સૂતા તે સૂતા. સદાના માટે ચિર-નિંદ્રાધિન થઇ ગયા સવારે તેમનો પવિત્ર આત્મા પરમ કૃપાળુ પરમાત્માના પુનિત પ્રકાશમા ભળી ગયો! પવિત્ર પુત્ર, અને પવિત્ર વધુ ડોસાના મૃત્યુથી અવર્ણનીય આનંદમા આવી ગયા સુધાકરે તરત રડારોળ કરી મુકી. પોળના પાડોશીઓ એકદમ દોડી આવ્યા. અને સુધાકરને પુછવા લાગ્યા:

"શું છે શું છે સુધાકર?"

"મ્હારૂં છત્ર ગયું! મારા પિતા મરી ગયા!" રડતા અવાજે સુધાકર એ પ્રમાણે સૌ કોઇને ઉત્તર આપવા લાગ્યો:

"શી રીતે મરી ગયા?" કોઈ પડોશીએ પ્રશ્ન કર્યો.

"ગોટો ચઢયો! હમણા બે કલાક પહેલા તો સાજા સાગ હતા; અને આમ અચાનક અમને દુઃખી કર્યા!" સુધાકર બોલ્યો.

પોતાના કાવત્રાના કિરણો પ્રકાશિત થઈ ન જાય એટલા માટે સુધાકરે રૂદન કરવામાં બાકી રાખી નહિ. જો કે તેના સુધરેલા મગજમા આ રિવાજપ્રતિ ઘૃણા ભરેલી હતી, પરન્તુ જો તે રડે નહિ, કિન્તુ પોતાના પિતાના અચાનક મૃત્યુથી પોતાને અસહ્ય વેદના થઇ છે એવું સૌ કોઈ સગા-વ્હાલાઓને જણાવે નહિ, તો કદાચ પોતાના

ઉપર કોઈ વ્હેમાય; તેથી ડોસાના અકસ્માત મ્હોતથી અંતરમાં તીવ્ર તીરના ભોક્તૃત્વ જેવી વેદના જણાય તેથી પણ વિશેષ વેદના બતાવવા તેણે રૂદન કર્યું. માથું પછાડ્યું. અને તેની પત્નીએ પણ તેવીજ રીતે છાતી કૂટવા માંડી. બન્ને વરવહુના રૂદનમાં એક પ્રકારની વિચિત્રતાનો સમાવેશ હતો, અને તે એ કે જોનારની આંખોમાં પણ આંસુ ભરાઇ આવે હાજર થયેલા સોની આંખોમાં આંસુ આવ્યા. અને ક્ષણભર કરૂણમય દેખાવ થઇ રહ્યો !

આખરે સુધાકરે, બળતા જીગરે બાપના શબની દહનક્રિયા કરી. સ્મશાન ભૂમિમાંથી સૌ કોઇ પોતપોતાના ઘેર ચાલ્યા ગયા. સુધાકર પોતાના મકાનમાં આવ્યો. અને કરેલા રૂદનથી દુ:ખવા આવેલી છાતીને સેકવા લાગ્યો. તેની પત્ની પુષ્પાએ પણ અતિશય છાતીને કુટેલી હોવાથી તેની છાતી પણ દુ:ખવા આવી હતી દંપતી. પરસ્પર જોતા પોતપોતાની છાતી શેકતા હતા.

સુધાકરે જણાવ્યું: " પુષ્પા ! કાવત્રુ તો આબાદ ફત્તેહમંદ થયુ ! પણ જરા છાતી દુ:ખવા આવી ગઇ ! "

" હવે ડોકટરને બોલાવજોને ! થોડુજ કોઇ તમને રોકવાનું છે? " પત્ની બોલ્યા.

અતિશય આનંદમાં આવી ગયેલા દંપતીએ રાત્રીની ભુખ લાગેલી હોવાથી મધ્યાહ્ને ભોજન કર્યું. સુધાકરની આજ્ઞાથી પુષ્પાએ કંસાર બનાવ્યો હતો. પિતાના મ્હોતથી કંઇ પણ ખેદ ન પામતા દંપતીએ કંસારને યોગ્ય ન્યાય આપ્યો અને પાનસોપારી ખાઇ ખાટપર બેઠા.

પ્રથમ સુધાકર બોલ્યો: પુષ્પા ! હવે આપણે શું કરવું ? "

" પ્રથમ તો એ કે ઘરમાં શું સીલીક છે તે તપાસો. "

સુધાકરે તિજોરીની ચાવી પેટીના ખાનામાંથી લીધી. અને

સઘળી તિજોરી ખોલીને અંદરની રકમ એકઠી કરી. એ રકમ એક કરોડથી પણ વધુ હતી. સુધાકરના હર્ષના પાર ન રહ્યો.

"વ્હાલી ! એક કરોડ રૂપિઆ છે ! આટલાથી તો આપણે અત્યંત વૈભવ વિલાસ ભોગવી શકીશુ ! હવે માનજે તું રાણી અને હું રાજા !"

× × × ×

કાંન્તિલાલ શેઠનું સાદું ઘર ઉચ્ચ કોટિના ફર્નિચરથી શણગારાઈ ગયુ ! રસોયો-ચાકરી અનેનોકર વિગેરે રખાઈ ગયા ! શેઠાણી સુંદર રીતે રહેવા લાગ્યા. ઘરકામની વ્યાધિ દુર થઇ. તૈયાર થયેલું અનાજ આરોગવામા તે અતિશય આનંદ અનુભવવા લાગી સુધાકરે, ચાલુ જમાનાને અનુસરીને એક મોટરકાર અને એક વિકટોરીયાની ખરીદ કર્ઇ. રાતી પાઇના પણ દર્શન ન કરેલા ગજવાઓ હજારોની નોટોના બંડલોથી ચિકાર થઇ ગયા. એક રાજ્ય કર્તાની પેઠે તે સાહ્યબી ભોગવવા લાગ્યો. પાઇ પાઇ કરીને-પરસેવો ઉતારીને એકત્ર કરેલું ધન, પુષ્કળરીતે ખરચાવવા લાગ્યુ. કાંતિલાલ શેઠે પુરી રાખેલી લક્ષ્મીને, સુધાકરે યથેચ્છ ફરવાની છુટ આપી. શેઠાણીએ સુંદર પોષાકોથી પોતાના દેહને દીપાવવામાજ ટાઇમ વીતાવવા માડયો. કલાકે કલાકે પોષાક બદલાવવામા તેને અતિશય આનંદ જણાવા લાગ્યો સુકાઈ ગયેલો તેનો દેહ, ફુલાવા લાગ્યો. પત્નીના ભરાવદાર તથા ગાલો, વદન ઉપર ચમકમારતી લાલિમ્ વિશાળ થતી છાતી, દેહમા પ્રવેશ કરતી લાલાશ આ બધુ જોઇ સુધાકરના મોહનો પાર ન રહયો. પુષ્પાના ગુલાબના ગોટાજેવા દેહને તે ઘડીપણ અળગો મુકતો નહિ. એક કરોડ રૂપીઆ રોકડ સિલિક હોવાથી પોતાની જીંદગીમાં તે નહિ ખુટે એમ ધારી સુધાકર કાઇપણ

ધંધો કરતો નહિ, તેનું મુખ્ય કામ કોઇપણ હોય તો તે પુષ્પા સામે જાઇને બેસી રહેવું એ હતું ! પોતાનામાં અતિશય મોદ પામતા પતિને જોઇ પુષ્પા કલાકે કલાકે નવા નવા પોષાકથી પોતાના કુદરતી સૌન્દર્યમાં કૃતિમ સૌન્દર્યતાનો ઉમેરો કરતી હતી. પત્નને જુદા જુદા પોસાકમાં જોઇ પતિ દિવસે દિવસે પત્નિમાં છેકજ મોહ વશ થઇ ગયો કિન્તુ તે પત્નીનું એક રમકડું બની ગયો !

પુષ્પાએ જુદા જુદા વાદ્યાનો અનુભવ લેવા માડ્યો. સારંગી વગાડવામાં તે અત્યંત કુશળ થઇ ગઇ. પતિને જ્યારે જ્યારે ઇચ્છા થતી ત્યારે ત્યારે તે પોતાના કોમળ કંઠથી સારંગીના સુર મધુર સુર સાથે એકાદ સંગીત સંભળાવતી.

એક દિવસની વાત છે. વસત પંચમીની રળિયામણી રમ્ય સંધ્યા હતી. આકાશમાં રંગ બેરંગી દેખાવો થઇ રહ્યા હતા. પવનની ગતિ નહિ મદ કે નહિ જોરમાં કિન્તુ સાધારણ હતી. સ્વાભાવિકજ સધ્યાના સમયે માનવ દેહના સૌન્દર્યમાં કુદરતી સૌન્દર્યનો ચમકાર પ્રવેશ કરે છે, અને સુંદર સંધ્યાના સુંદર સમયે સુદર દેહની સુદરતાની વૃદ્ધિ થાય છે, તેમ પુષ્પાની સુંદરતામાં ઓર વૃદ્ધિ થયેલી જોવાતી હતી. તેનું વદન રક્ત રવિ જેવું લાલ પ્રકાશવાળું બનીગયું હતું.

બંગલાના ઝરૂખામાં બેઠી બેઠી તે કુદરતી દ્રશ્ય ખોળામાં સારંગી રાખીને જોઇ રહી હતી. સ્વર્ગની પરી, તિલોત્તમા કે ઉર્વશીના સૌન્દર્યને ક્ષણ ભર હરાવે એટલા સૌન્દર્યનો પુષ્પામાં સમાવેશ થઇ ગયો હતો. તે હસતી ત્યારે તેનું સમસ્ત શરીર જાણે હસતું હોય તેમ જોનારને મનો મુગ્ધ કરે એમ હતું, આછા સ્મિત વખતે બે હોષ્ઠની વચ્ચે જરા જરા દેખાવમાં આવતી દંતપક્તિ, લાલચોળ મ્હોને વિશેષ મોહક બનાવતી હતી ! કુદરતી દ્રશ્ય જોતા તેના હોઠ

જરા ઉઘડેલા હોવાથી તેની આકર્ષકતા અત્યંત વધી પડી હતી. જ્યારે તેના તરવી નયનો દીવ્ય દ્રશ્યને જોતા થાકી ગયા, ત્યારે તેણે ખોળામા પડેલી સારંગીને ઉભી કરી પૃષ્ઠ ભાગ ખભા સાથે ટેકવી ચમ્પાની કળીયો જેવી આગળીયો સારંગીપર ફરવા લાગી, અને તેની સાથે સુમધુર રણકાર ગાજી રહ્યો. માનવશ સ્થીતીમા તેણે પાએક કલાક સુધી વગાડયા કર્યું, પછી તેણે સંગીત બોલવા માડ્યુ.

"અજબ છે કુદરતની લીલા !
"ઉકેલે માનવ શું દીના !
અજબ છે કુદરતની લીલા !
"એક હસાવે એક રડાવે,—
"નયનો કરે ભીના !
અજબ છે કુદરતની લીલા !
'શુભ અને તે સઘલી જાણે
કુદરત છે બીના !
અજબ છે કુદરતની લીલા !
'પળમા ભિખ્યારી રાય બનાવે—
'રાય બનાવે દીના !
અજબ છે કુદરતની લીલા !
"કળી ન શકાયે એવી બારે
"કુરદત ગતી ન વીના
અજબ છે કુદરતની લીલા !
"અજબ છે કુદરતની લીલા !
"ઉકેલે માનવ શું દીના !
અજબ છે કુદરતની લીલા, !

'मंगल'

સંગીતના નાદમા લીન બનેલી પુષ્પાની, સારંગી ઉપર ચોટેલી આંખો ઉપર એકાએક કોઈના હાથ પડયા પુષ્પા, એ હાથને ઓળખી ગઈ અને વીણાવિનંદીત સ્વરે બોલી:

"વ્હાલા શું ન્હાનપણ આવ્યુ ? !"

સન્મુખ થઈને સુધાકરે ઉત્તર આપ્યો.

"ત્યારે વળી આપણે ક્યારે વૃદ્ધ બની ગયા હતા ?"

"આ બગલમા શું દબાવ્યુ છે ?" સુધાકરની બગલમા કાંઈક દબાયલુ જોતા પુષ્પા બોલી.

"આ તારા માટે એક સુંદર અને સરસ સાડી છે !" એમ કહી સુધાકર પત્નિના ખોળામા, પોતાની બગલમા દબાવેલું ન્હાનુ પોટલું ફેંકયુ, પુષ્પાએ સારંગીને બાજુમા મુકી દઈને પોટલુ છોડયુ અંદરથી એક સુંદર સાડી નીરખતા પુષ્પા કયાય સુધી તે સાડી તરફ જોઈ રહી.

"વાહ ! કેવી સરસ સાડી છે !" સાડી જોઈ રહ્યા પછી પુષ્પા બોલી

"અને સાડીને પરીધાન કરનાર પણ કેવી સરસ છે ?" સુધાકરે મશ્કરી ચલાવી.

"અને સાડીને ખરીદી લાવનાર પણ કેવા સરસ છે ?" પુષ્પાએ મશ્કરીનો ઉત્તર મશ્કરીમાજ આપ્યો.

"પુષ્પા !" સુધાકર બોલ્યો: "હું તારી જરા મશ્કરી કરૂં છું ત્યા તારા એવા શબ્દો મારા કાનપર અથડાય છે કે મારી જીભ ચુપ થઇ જાય છે ! આટલુ બધુ તું કયાથી બોલતા શીખી ?"

"તમારી પાસેથીજ તો !" પુષ્પા બોલી.

"વ્હાલી !" સુધાકર ખાટપર બેસીને બોલ્યો: "અહિં આવ."

પુષ્પા, સાડીની સાથે ખાટ તરફ ગઈ. સુધાકરે તેને સોડમા લેવા ચેષ્ટા કરી. પુષ્પા સ્ત્રી સ્વભાવ પ્રમાણે દુર ખસી ગઈ. સુધાકરે તેને પકડી અને ખાટપર બેસવા કહ્યું. પતિની આજ્ઞા થતા પુષ્પા ખાટપર બેઠી:

" પુષ્પા ! સુધાકર બોલ્યો; " આ પ્રફુલ્લ થયેલી સંધ્યામા તારૂં દેહ સુમન અત્યંત પ્રફુલ્લિત થયુ હોય એમ જણાય છે. અને તેથી મારૂં મન એક ઇચ્છાને આશ્રય આપે છે. "

" કઈ ઇચ્છા ? પુષ્પા બોલી.

" જો. આ." કહી સુધાકરે પુષ્પાના શરીરને બાહુ પાશમા બદ્ધ કર્યું, અને લાલાશથી ઉભરાતા ગાલ ઉપર પાચ સાત ચુંબનો કર્યા. ચુંબનથી અકળાઇને પુષ્પા બોલી.

" મને છોડી દો. આ સાડી બગડે છે ! "

" કાંઇ ફીકર નહિ. બીજી લવાશે ! " કહી સુધાકરે બીજા પાચ સાત ચુંબનો કર્યા.

આવી રીતે આ સ્વતંત્ર જોડું પોતાની સ્વતત્ર મરજી પ્રમાણે સુખાનંદનો અનુભવ કરી રહ્યું હતું. મોજ શોખ અને રંગરાગ ઉડાવવામા પુષ્ળ દ્રવ્યનો વ્યય થતો હતો. પુષ્પાના મ્હોમાથી સુચનને, સુધાકર એક ક્ષણના પણ વિલંબ વિના અમલમા મુકવા પ્રયત્ન કરતો.

પુષ્પાની સ્વતત્રતા આખરે મર્યાદા બહારગઇ. સુધાકરને, પોતે ધારે તેમ નચાવી શકતી હોવાથી તેના હૃદયમાથી સુધાકરનો ભય સમુળગો નાશ પામી ગયો. સુધાકરની સાથે ફરવા જવાનો તેનો વિચાર ન હોય, તો સુધાકર ગમે તેમ કરે તો પણ પુષ્પા, તેનું માનતી નહિ,

પતિને સન્મણા કરેલી સ્વતંત્રતાનો તેને આગળ જતા કેવો કડવો અનુભવ થાય છે તે ઘટના આગળ ઉપર આલેખવામા આવશે.

જે સુધાકર, પિતાની હયાતીમા રાતી પાઇ વિના સુંઝાતો હતો જે સુધાકર મિત્રોને મિજલસ આપવાની વાત આવતા નીચું ધાલતો હતો, જે સુધાકર, પતિને જોઇતી એક પણ ચીજ પુરી પાડી શકતો નહોતો, તે સુધાકર અત્યારે એક રાજાથી પણ વિશેષ વૈભવ ભોગવી રહ્યો છે.

સુધાકરની ઉડાઉ વૃત્તિ જોઇ ગામના લોકો કહેતા કે "કાન્તિલાલ શેઠના પરસેવાથી પેદા થયલું દ્રવ્ય આ સુધાકર તદન ઉડાવી દેશે !" પરન્તુ સુધાકર, એવી નિંદાને કદીપણ મહત્વ આપતો નહિ. જેમ જેમ લોકો તેને ઉડાઉ કહેતા ગયા, તેમ તેમ તેણે છુટા હાથે પૈસા ખરચવા માડયા. બાપના પરસેવાથી પેદા થયલા ધન ઉપર તાગડધિન્ના કરનાર એ પુત્ર, પરમાત્માના પવિત્ર ચોપડામાં 'પ્રબળ પાપી ' 'અક્ષમ્ય અપરાધિ ' તરીકે ચિતરાઇ ગયો હતો ! દુનિયામા તેના કુટિલ કારસ્થાનના કિરણો અપ્રકાશિતજ રહેવા પામ્યા; પરન્તુ સર્વજ્ઞ સરજનહારથી તે છાનું હતું નહિ...પવિત્ર પિતાનો વધ કર્યાના પાપને બે વરસ થયા પછી સુધાકરને એક પુત્ર થયો. અને તેનુ નામ પ્રભાકર પાડવામા આવ્યું.

એક પુત્રની માતા થવાનું સદ્દભાગ્ય પ્રાપ્ત થતા પુષ્પાના અભિમાનનો પાર ન રહ્યો. પોતાના સૌન્દર્યનું અભિમાન, પોતાની વાણીમા રહેલા મોહકત્વનુ અભિમાન, સંગીત શાસ્ત્રના જ્ઞાનનું અભિમાન અને એકપુત્રની માતા થયાનુ અભિમાન આવી રીતે જુદા જુદા અભિમાનોમા પુષ્પા પોતાના ધર્મને ભુલી ગઇ. જોકે તેને પોતાના ધર્મનું જ્ઞાન હતું તો નહિજ પરન્તુ પતિની આજ્ઞામા રહેવાના

કંઈક અધુરા જ્ઞાનને તેના હૃદયમા સ્થાન હતું; તે હવે જતું રહ્યું, પત્નિની આજ્ઞા માનવાને બદલે પતિને પોતાની આજ્ઞામા રહેવાની ફરજ પાડવા લાગી. સુધાકરનો એક પણ વિચાર પત્નિની અનુમતિ વિના અમલમા આવી શકે નહિ; પત્નિના લાવણ્યમા સુધાકર છેકજ ડુબી ગયો તે એક રીતે સ્વતંત્ર થયો—પરન્તુ બીજી બાજુ તે પરતંત્ર થતો ચાલ્યો જોઇએ તેટલું દ્રવ્ય વાપરવા તે સ્વતંત્ર હતો, પરન્તુ પત્નિની ઇચ્છા વિના એક પણ ડગલું ભરવા તે અશક્ત થયો પુષ્પા જ્યારે ને ત્યારે પતિને ધમકાવવામા પોતાને કૃત કૃત્ય માનતી. પત્નિના ઠપકાને સુધાકર નીચા મ્હોએ સાંભળી લેતો

પ્રભાકરને ઉછેરવા માટે આયા રાખવામા આવી હતી; પરન્તુ આયા કયાંય બહાર ગઇ હોય અને પ્રભાકર રડતો આયાનું કામ સુધાકરને કરવુ પડતું !

આટલી સ્વતંત્રતામા—આટલા અમર્યાદિત અભિમાનમા વિરહની પુષ્પાની પવિત્રતા ધીમે ધીમે નષ્ટ થતી ચાલી. સુધાકરને છોડી તે એકલી ગમે ત્યા ફરવા ચાલી જતી; અને મોડી રાત્રે ઘેર પાછી ફરતી. સુધાકર કયારેક ચીડાઇ જતો અને ક્રોધમા ઠપકો આપવા જતો ' મોડીરાત સુધી તુ એકલી બહાર ફર્યા કરે એ રીત સારી નથી આજ પછી તારે મારાવિના ફરવા જવું નહિ "

" એવી બાબતોમા તમારે માથું ઘાલવાનુ નથી ! " પત્નીના ઝનુનથી મલતા આટલા ટુંકા ઉત્તરથી સુધાકરની જીભ બંધ થઇ જતી !

પ્રકરણ પાંચમું.

" પુષ્પાની પાપી ઇચ્છા. "

ચન્દ્રપુર દરિયા કિનારે આવેલું હતું. મુબાઇમા ચોપાટી ઉપર સાંજે જેમ મુબઇની પચરંગી પ્રજા ફરવા જાય છે, તેમ ચદ્રપુરની પ્રજા દરિયાની ઠડી લ્હેર અનુભવવા ઉભરાઇ જતી હતી શેઠાણી પુષ્પા મોટર લઇને દરિયા કિનારે એકલી ફરવા આવી હતી. તેણે અપટુડેટ પોષાક પારધાન કર્યો હતો. એક સંતાનની માતા થયા છતા તેના સૌન્દર્યમા જરાપણ ક્ષીણતા આવી શકી ન હોવાથી એક યુવતી કરતા પણ વિશેષ છટાથી તે ફરતી હતી. ફરતા ફરતા તેની દૃષ્ટિ એક દરિયાના તરંગોને નિહાળતા યુવક ઉપર પડી તે યુવક સાદા પરંતુ સુંદર પોષાકમા હતો. દરિયામા ઉછળતા વારિ તરંગો સાથે તેનુ ચિત્ત રમત કરતું હતું. પુષ્પા, કે અંતરા આકર્ષણે ખેચાઇને ત્યા આવી. અને યુવકની પેઠે પોતે પણ દરિયાને નિહાળવા લાગી.

યુવકનો ચેરો જોઇ પુષ્પાનુ મન લોભાયું. તેની પવિત્રતા ઉપર માનસિક દુષ્ટ કાક્ષાના પાપની છાયા પડી, યુવકની દરીયાના મોજા ઉપર ચોટેલી ચક્ષુઓ તરફ પુષ્પા વારે વારે જોવા લાગી. પરંતુ યુવકની દૃષ્ટિ જરાપણ ચલાયમાન થઇ નહિ. એક કલાક લગભગ એ પ્રમાણે વીતી ગયો. સૂર્યાસ્ત થવાની તૈયારી હતી દરિયાના પાણીમા પડતો રક્ત સૂર્યનો રક્ત પ્રકાશ અત્યંત દીપવા લાગ્યો પ્રભાકરનો પ્રકાશ વાયુ અસારથી ઉત્પન્ન થતા તરંગોની સાથે હીંચોલા ખાવા લાગ્યો અને તેની સાથે તે યુવક અને પુષ્પાના અંતર હીંચોલા ખાવા લાગ્યા. તે યુવકનું અંતર કુદરત કૃતિની અગમ્યતા જોતું હતું, ત્યારે પુષ્પાનું અં-

તર મદનના મારથી અપવિત્ર આકાક્ષાને કેવી રીતે પરિપૂર્ણ કરવી તેના વિચારમા ઝોલાખાતું હતું. સ્ત્રી ચરિત્ર ચલાવ્યા સિવાય કદાચ પોતાના મન ગમતા યુવકની સાથે પ્રેમરસ ન ભોગવી શકાય એમ તેને લાગ્યુ. સ્ત્રી ચરિત્ર કેવું ચલાવવું ? પા કલાક સુધી મનમા તેણે વિચાર કર્યો. પરંતુ તેને એક પણ વિચાર એવો ન જડયો કે જેથી સ્હેલાઇથી તે યુવક પોતાની સાથે પ્યારના વમળમા પડે ! આમ જ્યારે તે યુવક સૃષ્ટિ સૌન્દર્ય જોવામા લીન હતો, ત્યારે બીજી બાજુ પોતાનીજ પાસે ઉભેલી પ્રમદા પાપાચારમા પ્રવૃત્ત થવાના વિચારમા હતી. અહો ! સ્ત્રી હૃદય કેટલી કુટિલા હોય છે !

સુધાકર તરફથી તેને જે જોઇએ તે મલતું હતું; કશી પણ વાતની તેને ઉણપ હતી નહિ; છતા પણ તે પોતાની પવિત્રતાનુ લીલામ કરવા જેટલી હવે તૈયાર થઇ. અનેક વિચારના અંતે તેને એક વિચાર સુજ્યો અને તરત તે વિચારનો તેણે અમલ કર્યો

પાણીના ઉછળતા મોજા તરફ તે ચાલી. યુવકની દૃષ્ટિતો હજી એમજ તલ્લીન હતી. પુષ્પા શુ કરે છે તેનું તેને ભાન હતું નહિ પુષ્પા પાણીની સપાટી પર ગઇ. અને હાથ ધોવાના ઇરાદાથી જાણે તે પાણી તરફ ગઇ હોય તેમ હાથ ધોવા લાગી. યુવકને ફસાવા તેણે સ્ત્રી ચરિત્ર ચલાવ્યુ હાથ ધોતા ધોતા ઇરાદા પૂર્વક તે લપસી પડી હોય તેમ પાણીમા પડી ગઇ. તેણે, શરીર ઉપર બહુ મુલ્ય વસ્ત્રો પરિધાન કર્યા હતા. પરંન્તુ યુવક તરફ ખેચાયલા તેના દિલને એ વસ્ત્રાની જરા પણ કિંમત રહી નહિઃ અને પાણીમા ભીંજવવા દીધા, જોકે તે પાણીમા પડી ગઇ પણ તે એવી રીતે પડી હતી કે તેને પાણીમાથી કાઢવાની યુવકને ફરજ પડે. અને કદાચ યુવકને દયા ન આવે કિંન્તુ પાણીમા પડવા જેટલી તેનામા હિંમત ન હોય

તો તેના શરીરને કશી પણ ઇજા આવે નહિ, કિન્તુ પાણીમા તણાઇ જાય નહિ. આવી રીતે તે પાણીમા લપસી પડી અને તેની સાથે તેણે બુમ પાડી.

પુષ્પાની બુમ સાભળી કિનારે ઉભેલા યુવકની દૃષ્ટિ ડુબકા ખાતી પુષ્પા ઉપર પડી. તેના હૃદયમા અત્યંત દયા ઉભરાઇ આવી. પુષ્પા આ યુવક તરફ હાથ લબાવતી, ઘડી ઘડીમા પાણીના કોગળા કરતી જાણે કે ડૂબવાની તૈયારીમા હોય તેવી ચેષ્ટા કરવા લાગી. યુવકે ત્વરા પૂર્વક કપડા ઉતારી કિનારે મૂકયા અને એકદમ પુષ્પા તરફ ગયો.

પુષ્પા પોતાના ચરિત્રને સફળતા મળેલી જોઇ આનદમા આવી ગઇ પરંતુ તેને પેલા આનંદના ભાવનુ દર્શન તેના મ્હો ઉપર જણાયુ નહિ

તે યુવકે પુષ્પાને હાથ પકડીને પાણી બહાર લાવી મુકી જ્યારે તે યુવકના હાથમા પોતાનો નાજુક અને કોમળ હાથ ગયો, ત્યારેજ તેના હૃદયમા ઝણુ ઝણાટી થઇ.

કિનારે આવીને તે બોલી! ' મહાશય ! આપનો આભાર ! ” પુષ્પાએ એવી તો છટાથી યુવકનો આભાર પ્રદર્શિત કર્યો કે તે યુવક પુષ્પાના સૌન્દર્યમા મોહ પામ્યો

" તેમા આભાર શાનો ? મારા દેખતા શુ હુ તમને પાણીમાં ડુબવા દઉં ? ”

' મળી દષ્ટો દષ્ટ ' એ ન્યાયે બન્નેની આખ મળતા પુષ્પાની અંતરમા મદનની આગ ભયકર રૂપમા પ્રજ્વલિત થઇ તે યુવક પણ મદનના માર પાસે દીન બની ગયો. યુવકની મુખાકૃતી પરના ભાવો વાચીને પુષ્પા બોલીઃ “ જરા મારી સાથે આવશો ? ”

"ક્યા ?" તે યુવકે પ્રશ્ન કર્યો.

"આપના પુનિત પગલા મારા બંગલે થાય તો—"

' તમારી સાથે હું ન આવી શકું ! ' તે યુવકે પુષ્પાને બોલતી અટકાવીને વચ્ચેજ કહ્યું.

"કેમ ?" પુષ્પાએ પ્રશ્ન પૃછ્યો.

"તેમા પ્રતિષ્ઠાનો સવાલ છે." તે યુવકે જણાવ્યું. જો કે તેના હૃદયમા પુષ્પાના સૌન્દર્યનો જોઇએ તેટલો દાબ પડી ગયો હતો; અને તેથી તે પુષ્પાની સાથે તે કહે ત્યાં જવા માટે આતુર બની ગયો હતો; પરંતુ એકદમ એ આતુરતાને અમલમાં મૂકતા તેને સંકોચ થયો અને ઉપર પ્રમાણે શબ્દો ઉચ્ચાર્યા.

યુવકના અંતરના ભાવો પોતાને અનુકુળ થઇ ગયા છે એવું યુવકના મ્હો ઉપરથી પુષ્પા કળી ગઇ. તેણે જણાવ્યુ : "પ્રતિષ્ઠાનો સવાલ એટલે ?"

"લોકોનો વ્હેમ." તે યુવકે ઉત્તર આપ્યો.

"લોકોનો સદાય વ્હેમથી ભરપુરજ હોય છે ! એટલે શું–"

"પણ તમે કહેવા શુ માગો છો ?" તે યુવકે વચ્ચેજ પ્રશ્ન કર્યો.

"આપના પુનિત પગલા અમારે ઘેર થાય અને અમને આપના સ્વાગતનો લાભ પ્રાપ્ત થાય !" પુષ્પા બોલી

"ભલે હું આવું છુ !" તે યુવક બોલ્યો.

"આપનું નામ ?" પુષ્પાએ પ્રશ્ન કર્યો.

"ભક્તિદાસ." તે યુવકે પોતાનું નામ જણાવ્યુ.

"ચાલો." કરી પુષ્પા પોતાની મોટર પાસે આવી. અને ભક્તિદાસની સાથ તેણે મોટરમા સ્થાન લીધું. મોટર ઘર તરફ ઉપડી

ગઇ. એક યુવકની સાથ પુષ્પાને જોઇ સુધાકરને વ્હેમ આવ્યો. પરંતુ પુષ્પાએ પ્રવેશની સાથેજ જણાવ્યું " હું આજે અકસ્માતથી બચવા પામી છું !"

ભીંજાયલા કપડામા પુષ્પાને જોઇને સુધાકરને જરા પણ વ્હેમ આણ્યો નહિ. પુષ્પાને તેણે પૃછ્યું:

" કેવી રીતે ?"

" આ યુવકના સાહસથી ?' પુષ્પાએ ભક્તિદાસ તરફ આંગળી ચિંધીને કહ્યું:

" મહાશય !" સુધાકર, ભક્તિદાસ તરફ જોઇ બોલ્યો. આપનો અત્યંત આભાર ! આપનું નામ ?"

" ભક્તિદાસ " ઉત્તર મળ્યો.

" વ્હાલા !" પુષ્પા, સુધાકર તરફ જોઇને બોલી." આ યુવક ન હોત તો આજે તમે મારા દર્શન કરી શકત નહિ મારે અને તમારે આ મહાશયનો અત્યંત આભાર માનવાનો છે !"

પતિના હૃદયમા ભક્તિદાસ તરફનો ભાવ ભરી દેવા પુષ્પાએ એ પ્રમાણે શબ્દો ઉચ્ચાર્યા: સુધાકર બોલ્યો:" વ્હાલી ખરેજ તું કહે છે તેમ જો ભક્તિદાસ ન હોત તો તું અકસ્માતનો ભોગ થઇ પડત, અને મારી જીંદગીને–"

" ઝેર જેવી બનાવીજાત એ મને !" પુષ્પા બોલી:

" હા," સુધાકર બોલ્યો:

પુષ્પાએ તિજોરી ખોલીને નોટોના બંડલ કાઢયા. એક હજારની નોટો ભક્તિદાસને આપતા તે બોલી !

" લ્યો આ જરા આભારનો બદલો !

" હા. લઇ લ્યો ભક્તિદાસ !" સુધાકર બોલ્યો:

પતિને પૂછ્યા સિવાય હજાર રૂપિઆ જેટલી રકમ પોતાને કાઢી આપવા. જેટલી પુષ્પાને સ્વતંત્ર જોતા ભક્તિદાસના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. કરેલા ઉપકારના બદલામાં મળતી નોટો લેવામા ભક્તિદાસે પ્રથમ જરા આના કાની બતાવી; પરંતુ દંપતીના અત્યાગ્રહ પાસે એની આનાકાનીને વિદાય મળી. અને નોટોનો સ્વીકાર થયો.

"હવે હું રજા લઇશ." ભક્તિદાસ બોલ્યો.

"જરા બેસો હું ચ્હા બનાવું" પુષ્પા બોલી.

ભક્તિદાસ પુષ્પાના સ્મિત ભર્યા સ્વાગતનો લાભ લેવા રોકાયો. પુષ્પાએ ચ્હા તૈયાર કરી. ભક્તિદાસે તેને યોગ્ય ન્યાય આપ્યો. પુષ્પાએ પાન બનાવવા માડયા. ભક્તિદાસની દ્રષ્ટિ નાગર વેલના પાન ઉપર પુષ્પાના રમતા આંગળાની ઉપર હતી. પાન તૈયાર થયા. અને પુષ્પાએ પાન આપવા પોતાનો હાથ લંબાવ્યો. ભક્તિદાસે ભાવ પૂર્વક પાનને લીધું અને ચાવ્યું.

પુષ્પા અને ભક્તિદાસ ના અંતરમા અન્યોન્ય પ્યારનો ઉદય થયો.

રજા લઇ ભક્તિદાસ ઉઠયો. પુષ્પા દ્વાર પર્યંત વળાવવા. ગઇ. સુધાકર પત્નિના અવિવેકથી સંતોષ પામતો હતો. પરંતુ તેને ખબર ન હતી એ વિવેકમા પાપનું આહવાન છે! દ્વાર સુધી પુષ્પા પાછળ ગઇ. ભક્તિદાસ બોલ્યો!

"ઉભા રહો,"

"ઉભા રહો." પુષ્પાએ કહ્યું.

ભક્તિદાસ ઉભો રહ્યો અને પુષ્પા બોલી:

"તમે દરરોજ દરિયા કિનારે ફરવા આવો છો?"

"હા," ભક્તિદાસે કહ્યું. "પણ એ પૂછવાનું કારણ?"

"આપણે ત્યાં મળી શકીએ!" પુષ્પાએ કહ્યું.

પોતાની ઉપર પુષ્પાનો પ્યાર થતો જાય છે એમ ભક્તિદાસને લાગ્યુ. અને જો પુષ્પાની સાથે પ્યાર થાય તો દ્રવ્યની રેલમ છેલ થાય એમ તે માનવા લાગ્યો તે બોલ્યો:

" આપણે કાલે મળીશુ ! તમે આવશોને ? „

" હા ! હુંતો દરરોજ ફરવા આવું છું ! " પુષ્પાએ જણાવ્યુ:

" ઠીક " કહી બન્ને જુદા પડયા. પુષ્પા સુધાકરની પાસે આવી. સુધાકર બોલ્યો: " વ્હાલી ! તુંતો બહુજ વિવેકી હો ? "

" વિવેક તો કરવોજ જોઇએને ! અને તેમાં આતો વળી મારા જીવનદાતા હતા, પછી વિવેક બને તેટલો કરવોજ જોઇએ ! "

" વ્હાલી ! તું કેમ કરતા દરીયામાં પડી ગઇ ?

" હું હાથ ધોવા કિનારે બેઠી અને પગ લપસ્યો. ભલું થજો એ ભક્તિદાસનું કે તેઓ એ વખતે કિનારા પર હાજર હતા, અને મારી બૂમ સાભળી તેઓએ સાહસ કર્યુ, અને મારો જીવ બચાવ્યો, નહિતર આજે મારૂં આવી બન્યુ હતું ! " પુષ્પા બોલી:

" હવેથી તારે દરિયા કિનારે ફરવા જવું નહિ. " પતિએ હુકમ કર્યો.

" દરિયાના કિનારે જેવી હવા આવે છે, તેવી હવા—"

" પણ નવ્વાણું ટકાનું જોખમ તેનુ ? " પત્નીના બોલવાની વચ્ચે સુધાકર બોલ્યો·

" કે દરરોજ એવું બને છે ? " પુષ્પા બોલી:

" પણ એક દિવસ એવું બને ત્યા મારો ભવ તો—"

" વાહ ! વ્હાલા ! શુ મારા વિના નહિ ચાલે ? " પુષ્પા બોલી.

"તારા વિના? અરે તારા વિના તે હું એક મિનિટ પણ પ્રાણ ટકાવી શકું નહિ." મોહાંધ પતિએ ઉદ્ગાર કાઢ્યા.

"તમારા જેવા પ્રેમાળ પતિને મેળવતા હુ સ્વર્ગનું સુખ ભોગવી રહી છુ!" પુષ્પા બોલી

"અને તારા જેવી પ્રેમાળ પત્નિ મેળવતા હુ સ્વર્ગનો આનંદ ભોગવી રહ્યો છું!" સુધાકર બોલ્યો.

રાત પડી ગઇ હતી, નોકરે આવીને રસોઈ તૈયાર થઇ ભાનું જણાવ્યુ. પરસ્પર કંઠમા હાથ ભેરવી દંપતી રસોડામા ગયા

* * * *

"શું ભક્તિદાસનું રૂપ! જાણે કામદેવનો સાક્ષાત્ અવતાર! મારા ચિત્તને એ ચોરી ગયો છે. મારા હૃદયમા ઉંડી છાપ પાડી ગયો છે. શું તેનું હસતુ મુખારવિન્દ! શું તેના મધુરા શબ્દો! એવા રસિક આત્માની સાથે મારા આત્માનુ જોડાણ થાય તો સુખાનંદની અવધિ થાય કાલે દરિયા કિનારે એ આવશે કે નહિ! આવવાનાજ, મારે કાલે મારી મનેચ્છા તેમને જણાવવીજ જોઇએ. જેમ બને તેમ વેળાસર એ મારા પ્યારમા પડે તેવો રસ્તો મારે લેવો જોઇએ. ભક્તિદાસ! તમે મને દિવાની બનાવી છે.

આ પ્રમાણે મન સાથે બોલતી પુષ્પા ખાટ ઉપર બેઠી છે, તેની આંખો આગળ ભક્તિદાસની મૂર્તિ તરવરી રહી છે. સુધાકર બાજુના રૂમમા સિગાર ફુંકતો બેઠો હતો. પુષ્પાની મનહર છબિથી દુર રહેવાનું તેને ઠીક લાગતું નહિ. હાથમા જલતી સિગાર સાથે તે, હીંચતી પુષ્પા પાસે આવ્યો અને બોલ્યો:

"વ્હાલી! તેં મને દિવાનો બનાવ્યો છે! તારા વિના હું ઘડી પણ રહી શકતો નથી."

"અને તમાશા વિના શું હું રહી શકું છું કેમ ?"

"આજે મને એક સંગીત સાંભળવાની ઇચ્છા થઇ છે !" સુધાકર બોલ્યો."

પુષ્પાનું મન ભક્તિદાસના સ્મરણમા લીન થયું હતું. સંગીત ગાવાની તેણે ના પાડી: "આજે નહિ. કોઈ દિવસે વાત."

"આજેજ સંભળાવ" સુધાકરે આગ્રહ કર્યો.

"મારૂ માથું દુઃખે છે ! કાનમા પાણી ભરાઇ ગયુ છે. સંગીત ગાવા જેવી ખુશ મીજાજ સ્થિતિમા હું નથી."

"મને નિરાશ કરશે ?" સુધાકર બોલ્યો.

"અત્યારેતો એમજ !" પુષ્પા બોલી

"ઠીક, ત્યારે !" સુધાકર બોલ્યો.

પોતાની ઇચ્છાને માન નમળતા સુધાકર પોતાના વિચાર ભુવનમા આવ્યો અને સિલકનો સરવાળો કરવા લાગ્યો સરવાળો થતા તે ચમકી ગયો.

"આ શું ? અરધો કરોડ રૂપિઆ શું ખરચાઇ ગયા ? અરર ! કેટલી ઉડાઉ વૃત્તિ ! અરધા કરોડ જેટલી નાદર રકમ મેં મારા સુદ વૈભવ વિલાસમા ખરચી નાખી ! ઓહો ! હવે માત્ર અરધો કરોડજ રહ્યા ! અરે પણ એટલી રકમથી તો વર્ષોના વર્ષો આનંદ અને સાહ્યબીમા વિતાવી શકાશે !"

આ પ્રમાણે ઉદગાર કાઢતો સુધાકર હિસાબ તૈયાર કરી રહ્યો હતો, ત્યારે બીજી બાજુ તેની પત્ની પુષ્પા, પોતાની પવિત્રતાના પટ ઉપર પાપી પ્રકાશ પાડવાનો હિસાબ તૈયાર કરી રહી હતી !

પ્રકરણ છઠ્ઠું.

" પત્નિની સ્વચ્છંદતા.

રવિવારનો દિવસ હતો, સાજના પાંચ વાગ્યા હતા. સુધાકરના બંગલાની ફરતા આવેલા બાગમા આજે સુધાકર તરફથી તેના મિત્રાને પાર્ટી હતી. પ્રવેશ દ્વાર ઉપર મ્હેમાનોને આવકાર આપવા સારૂ એક ઇગ્લીશ બેન્ડ રાખવામા આવ્યું હતું. પાચ વાગતા નિમંત્રિત મ્હેમાનો એક પછી એક પાર્ટીમા હાજર થવા લાગ્યા. પ્રવેશ દ્વાર પરના બેન્ડના સત્સરથી મ્હેમાનોના મ્હો હર્ષથી પુલકિત થઇ જતા હતા.

નિમત્રિત સર્વ મ્હેમાનોના આવી ગયા પછી સુધાકરની ગોઠવણ મુજબ બે વારાગનાઓ હાજર થઇ, ન્હાના પીરસવાના કામ સાથે વારાગનાઓએ નૃત્ય કરવા માંડયું

" રસ ઘેલા ! રસના ભોગી !
" બનો કા ! પલમા પ્રણુય રોગી ?
" રસ ઘેલા ! રસના ભોગી !

-- સાખી--

" સ્વતંત્રતા છોડી દઇ બનો બધા પરતંત્ર,
" રસ બસ થઇને રસિકડા ભણો પ્રણયનો મંત્ર !
" સેવોએ મંત્ર ઉધોગી !
" બનો કા પ્રેમ પિયુષના ભોગી ! રસ ઘેલા !
" રસ ઘેલા !...રસના ભોગી !
" બનો કાં પલમા પ્રણુય રોગી? રસ ઘેલા !

મંગલ

આખા ચન્દ્રપુર ગામમા સૌથી સરસ કહેવાતી વારાંગનાઓને સુધાકરે બોલાવી હતી. વારાંગનાઓએ ઉત્તમ પ્રકારે નૃત્ય કરી બતાવી મ્હેમાનોને સંતુષ્ટ કર્યા. પછી પોતાનું ઇનામ લઇ વારાગનાઓ ચાલી ગઇ.

પાર્ટીમા ઉપસ્થિત થયેલા પરસ્પર વાતો કરવા લાગ્યા. સુધાકરનો એક મિત્ર જીવનલાલ કે જે બૅરિસ્ટર થયલો હતો, તે પણ પોતાની બી. એ. કલાસમા ભણતી પુત્રીને લઇને પાર્ટીમા આવ્યો હતો. સુધાકર, જીવનલાલની સાથે વાતો કરતો કરતો તેની પુત્રી તરફ દષ્ટિ પાત કર્યે જતો હતો. એ દષ્ટિમા વિકાર હતો.

જીવનલાલનું ઘર સુધરેલા વિચારનું હોઇ તેની પુત્રી પણ સુધરેલા મગજની હતી. જેના ઘરમા વડીલો યથેચ્છ વર્તન કરે છે, તેના ઘરમા ન્હાનાઓ જરૂર પાપાચાર આદરે છે. જીવનલાલ એક યુવતીની સાથે પ્યારમા પડયો હતો. અને તેના ઘરમા સૌ કોઇ તે જાણતું હતું. તેની પુત્રી, તેના ભ્રષ્ટા ચારની વાત જાણતી હતી. અને તેથી તે પણ સ્વતંત્ર રીતે હરતી ફરતી હતી જ્યારે પુત્રીને સ્વતંત્ર રીતે ફરતી જીવનલાલ જોતો. ત્યારે પુત્રીને ધમકાવતો; પરંતુ તેનો ઉત્તર પુત્રી તરફથી મળતો.

"અમને ગમે તે અમે કેમ ન કરીએ ?"

જીવનલાલ પુત્રીના આવા જવાબથી ક્રોધે ભરાતો; પરન્તુ તેનો ક્રોધ જરા પણ ચાલી શકતો નહિ. જેનું ચારિત્ર્ય શુદ્ધ હોય તેજ અન્યના ઉપર પોતાની છાપ પાડી શકે. ગુરૂ હોય તો શિષ્યે તનમન ધનથી તેની આજ્ઞા ઉઠાવવીજ જોઇએ–પરન્તુ કદાચ કુસંગતિના દોષે શિષ્ય પોતાના ધર્મને ભુલી જાય અને ગુરૂ તેને શિક્ષા આપે–ઉચિત ઠપકો આપે, પરન્તુ ગુરૂનીએ શિક્ષા–એ ઠપકો શિષ્યની ઉપર ત્યારેજ

છાપ પાડી શકે, જ્યારે ગુરૂનું ચારિત્ર્ય આદર્શ કિંવા પવિત્ર અને નિર્મળ હોય. પરન્તુ જો ગુરૂનું ચારિત્ર્ય શિષ્યના કરતા પણ અપવિત્ર અને કલંકિત હોય તો, શિષ્યને કુપથગામી જોતા પોતે ગુરૂછે એમ માની ઠપકો કે શિક્ષા આપવા જશે, તેનું પરિણામ કંઇ પણ આવવાનું નહિ. તેવીજ રીતે વડીલો અને સંતાનો વચ્ચે સમજવું વડીલોનું ચારિત્ર્ય શુદ્ધ હોય અને તે સંતાનોને શિક્ષા આપે તો સંતાનોને એ શિક્ષા માન્ય કરવીજ જોઇએ; પરન્તુ જો વડીલ પોતે પાપાચાર કરતો હોય-શાસ્ત્રની પવિત્ર આજ્ઞા ઉપર પગ મૂકતો હોય તો-સંતાનોને પાપાચાર કરતા તે કદી પણ અટકાવવા શક્તિવંત થઇ શકશે નહિ. દુષ્ટ ચારિત્ર્ય શીલ કદી પણ કોઇના ઉપર છાપ પાડી શકતો નથી, પછી ભલે પોતાનું સંતાન હોય કે પોતાનો સેવક હોય.

આજે જીવનલાલનો વિચાર, તેની પુત્રીને પાર્ટીમા લાવવાનો નહતો, જો કે તે સુધરેલો હતો; અને આવી રીતે પાર્ટીઓમા સ્ત્રીઓની હાજરીમાં તેનું સુધરેલું મગજ જરાપણ પાપ કિંવા દોષ જોતું નહિ; પરન્તુ કુટુંબ સાથે નિમંત્રણ નહોવાથી પુત્રીને સાથે લઇ જવા તેના હૃદયની નાહતી. પરંતુ પુત્રીના આગ્રહ પાસે તેના હૃદયનો અવાજ શમી ગયો. અને પાર્ટીમાં તેને પુત્રીને સાથ લઇને જવું પડ્યું!

જ્યારે જીવનલાલ, સુધાકરની સાથ વાતચિત કરી રહ્યા હતો, ત્યારે સુધાકરની, પોતાની પુત્રી ઉપરની કુદ્રષ્ટિ તે કળી શક્યો નહતો. સુધાકર, જીવનલાલની સાથ વાત કરતા કરતા સામે બેઠેલી જીવનલાલની પુત્રી ગુલાબ તરફ એવી ચુપકીથી જોઇ લેતો હતો કે જીવનલાલ તે જોઈ શક્યો નહિ. ગુલાબ, સુધાકરને પોતાની તરફ વખતો-

વખત દૃષ્ટિપાત કરતો જોઇને અંતરમાં સુધાકરના હાર્દિક ભાવને સમજી ગઈ.

ગુલાબની ઉમ્મર સોળ વર્ષની હતી. તેના શરીરનો બાંધો મજબુત હતો. આટલી મ્હોટી ઉમ્મર સુધી ગુલાબને કુંવારી રાખવાના બે કારણ હતા. એકતો એકે જીવનલાલને બાળ વિવાહ તરફ ઘૃણા હતી અને તેથી ગુલાબ સોળ વર્ષ પુરા કરે ત્યાર પછી તેનો વિવાહ કરવાનો જીવનલાલનો વિચાર હતો. બાળ વિવાહ તરફની ઘૃણા એ હિતાવહ છે; પરંતુ તેની સાથે એટલું જાણવું જોઇએ કે બાળકોની ઉમરની મર્યાદા કયાં સુધી લગ્ન ન કરવા યોગ્ય છે તે જાણવું જોઇએ. સાધારણ રીતે પુરૂષનુ લગ્ન વીશ વર્ષે, અને સ્ત્રીનું લગ્ન સોળ વર્ષે કરવાનુ માન્ય કરીએ, તો તેમાં એક બાબત તરફ ખાસ લક્ષ આપવાની વડીલોની ફરજ છે. અને તે એકે સંતાનોના શરીરના બાંધા તરફ ધ્યાન આપવું. સોળ વર્ષનું વય લગ્ન કરવા યોગ્ય માની લીધું હોય–અને છોકરીના શરીરના બાધા તરફ ધ્યાન આપવાનું છોડી દીધુ હોય તો અનિષ્ટ પરિણામની ઉપસ્થિતિનો ભય જરૂરજ રહે છે. એટલા માટે જો છોકરીની ઉમ્મર સોળ વર્ષ સુધી ગયા પછીજ છોકરીમા એક સ્ત્રી તરીકેના ચિન્હો દેખાય તો સોળ વર્ષે લગ્ન કરવામા વાંધો નહિ; પરન્તુ જે છોકરી સુખમાં ઉછરતા બાર ચૌદ વર્ષમાજ સ્ત્રી તરીકેના ચિન્હો સપાદન કરે કિંવા એક કન્યા નહિ પણ જોતાજ સ્ત્રી તરીકે કહેવી પડે એવો જેનો બાંધો થયો હોય એવી છોકરીઓને સોળ વર્ષ પછીજ પરણાવવી એ આગ્રહ કોઇપણ રીતે સમાજને લાભકારક નથી. તેવીજ રીતે પુરૂષનું સમજવું.

જીવનલાલની બાળવિવાહ પ્રત્યેની ઘૃણા આવકારદાયક લેખાયે; પરંતુ તેમા એક એ બાબત તરફ તેનું લક્ષ ખેંચાયું નહિ કે જેનો

ઉપર ઉલ્લેખ થઈ ગયો છે, ગુલાબનું વય ચૌદ વર્ષનું થયું ત્યારથીજ તેનામાં સ્ત્રી તરીકેનાં ચિન્હો સ્પષ્ટ દેખાવા લાગ્યા હતા. અમારા મંતવ્ય પ્રમાણે એવી સ્થિતિમાં લગ્ન કરી નાખવા એ બાળવિવાહ કોઇપણ રીતે કહી શકાય નહિ. જોકે સત્યુગ જેવો યુગ હોય તો શરીરના બાંધા ગમે તેવા મજબુત કિંવા રૂષ્ટપુષ્ટ હોય તથાપિ નક્કી કેટલી ઉમ્મરેજ સંતાનોને પરણાવવા, પરન્તુ આ કળીયુગ છે. મનુષ્યના હૃદયમાં નિર્દોષભાવો સત્યયુગના જેટલા હાલમા જોવામાં આવતા નથી. સત્યયુગમા એક યુવાન પુરૂષ એક યુવાન સ્ત્રીની સાથે ખુશીથી એકાંતમા રહી શકતો, બેસી શકતો, કે હસી શકતો, છતા પણ તે બન્નેના હૃદયમા અનિષ્ટ વીકારનો સંચાર થતો નહિ. અને અત્યારના હડહડતા કળિયુગમાં એ પ્રમાણે બનવું અસંભવિતજ ગણાય. કિન્તુ એક પુરૂષ, એક સ્ત્રીની સાથ એકાંતમા રહેતા ઉભયના ઉરમા અનિષ્ટ વિકારન પ્રવેશવાય તે સર્વથા ન માનવા જોગ છે. એટલે લગ્ન જેવા વિષયમા ઉમ્મરની સાથ સંતાનોના શરીરના રૂષ્ટપુષ્ટતા ઉપર પણ વડીલોએ ધ્યાન ખેંચવું આવશ્યક છે!

સત્યુગના વિચારોને કળિયુગમાં સ્થાન આપી શકાયજ નહિ,

ગુલાબ, સુધાકરના હાર્દિક ભાવને કળી ગઈ. તેના હૃદયમા પણ કેંક સમયથી પ્રેમમા પડવાની વાસનાનો ઉદય થયો હતો, પરન્તુ તે કોઇને પોતાની લાયક ગણતી ન્હોતી ગુલાબનો ગુલાબીવાનજોઇ ઘણાં ગુલાબી માણસો પોતાની સાથે પ્યારમા પડવા ગુલાબને વિનવતા હતા, પરન્તુ ગુલાબ કોઇને પણ પોતાની યોગ્ય જોઇ શકતી નહિ. કોઇ ભણેલ હોયતો સ્થીતિમા સાધારણ હોય. કોઇ સ્થીતીમાં સારો હોય તો ભણેલોજ ન હોય આવી રીતે કોઇને તે પોતાનો પ્યાર આપી શકી નહોતી. આજે સુધાકરની પોતાના ઉપર

પડતી દ્રષ્ટિને તે વિકારાત્મક જોવા લાગી. અને મનમાં વિચાર કરવા લાગી કે "જો સુધાકરની આ મારા ઉપરની દ્રષ્ટિમાં વિકાર હોય, કિંતુ મારા તરફનો મોહ હોય તો હું જરૂર સુધાકરને મારો પ્યાર અર્પણ કરીશ. કારણકે તે બી. એ. થયેલા ગ્રેજ્યુએટ છે અને સ્થીતિ માં કરોડ પતિ છે લક્ષ્મી અને વિદ્યાનો યોગ સુધાકરમા મળ્યો છે, અને મારા પ્યારને જો એજ વ્યક્તિને અર્પણ થાય તોજ મારૂં જીવન સુખમા પસાર થાય."

જો ગુલાબને બે વર્ષ પહેલા પરણાવી દેવામા આવી હોત તો તેના હૃદયમાં આવી પાપી વાસનાને સ્થાન મળત નહિ. જીવનલાલના સોળમે વર્ષેજ વિવાહ કરવાના આગ્રહમા, કેવુ ભયંકર પરિણામ આવે છે. તેનો ખ્યાલ આગળ ઉપર સ્પષ્ટ રીતે ચર્ચાવાનો હોવાથી અત્રે તે વિષે કંઇપણ કહેવામાં આવતું નથી.

આમંત્રિત મ્હેમાનો વિખેરાયા. જીવનલાલ પણ સુધાકરની સાથે સેકહેન્ડ કરી વિદાય થયો. જીવનલાલની સાથે સેકહેન્ડ કરતી વખતે સુધાકરના મનમા ઇચ્છા થઇ આવી કે ગુલાબ પણ સેકહેન્ડ કરે તો—?'

"વેલ મી. સુધાકર" એમ કહી ગુલાબે સુધાકર સાથે સેકહેન્ડ કરી ગુલાબના ગુલાબી હાથને સુધાકરે જોરથી દાબ્યો. ગુલાબે તેનો જવાબ મૌન રહીને આપ્યો. સુધાકર ગુલાબને મૌન જોઇને મનમા સમજી ગયો કે ગુલાબની મરજીને તે પોતાની અનુકુલ કરી શકશે કારણ કે ગુલાબને હાથના જોરથી દાબવાની સાથે છણકી હોત તો કદાચ ગુલાબને મેળવતા કદાચ આકાશ પાતાળ એક કરવા પડત પણ ગુલાબની મૌનનો, 'પોતાની ઇચ્છાને અનુકુળ વર્તવાની હા'

એવો અર્થ સુધાકરે કર્યો. અને તેથી કંઈ પણ સંકોચવિના તે બોલ્યો.

" ગુલાબ ! હવે ક્યારે મળીશ ? "

જીવનલાલ બાગની બહાર નિકળી ગયો હતો. એટલે બન્નેને વાતચીત કરવામાં ત્યા કશો અંતરાય હતો નહિ. સુધાકરના પ્રશ્નનો ઉત્તર ગુલાબે, ગુલાબીજ આપ્યો.

" તમે કહો ત્યાં. "

" જરૂર? " સુધાકરે કહ્યું,

" જરૂર ! " ગુલાબ બોલી.

" કાલે સાંજના છ વાગ્યે અહિં આવજે ! " સુધાકરે ટાઇમ આપ્યો.

" આવીશ " ગુલાબ બોલી.

" જરૂર ? " સુધાકરે પુછ્યુ. " જરૂર ! " ગુલાબ બોલી.

આ પ્રમાણે રજા લઇ ગુલાબ બાગ બહાર નિકળી જીવનલાલ પુત્રીની રાહ જોતો મોટરમા બેઠો હતો. ગુલાબ આવી અને મોટરમા પિતાની સાથે બેઠી. જીવનલાલે કહ્યું.

" કેમ વાર થઇ ?" તેના સ્વરમા વ્હેમ ન હતો.

" સ્હેજ ! સુધાકરના પત્ની સાથે થોડી વાત કરી." ગુલાબે ઉત્તર આપ્યો, તેના સ્વરમા સત્ય ન હતું.

ગુલાબના ગયા પછી સુધાકર એક ખુરશીમાં બેઠો અને ગુલાબની મુર્તિને પોતાની આંખો આગળ જોવા લાગ્યો. પાછળથી પુષ્પા આવી. પતિની સ્થીતિ જોઇને પુષ્પા બોલી:

" શા વિચારમા ગુથાયા છો ?"

સુધાકર વિચાર નિદ્રામાંથી જાગ્રત થયો. પોતાની વિહ્વળતા

પુષ્પા કળી ન શકે એટલા માટે ચાલુ ભાવને દમાવી હાસ્ય કરતાં તે બોલ્યો. "વિચાર? વ્હાલી! તારા વિચાર સિવાય મને બીજા વિચારજ ક્યાં આવે છે?"

"એટલા બધા મને ચાહો છો?" પુષ્પા બોલી;

"તેની તને અત્યારે ખબર પડે છે?" સુધાકર બોલ્યો,

"ઠીક, કહો તો ખરા મારા વિર્ચાર શું કરતા હતા?" પુષ્પા બોલી;

પત્નીના આ પ્રશ્નનો શું ઉત્તર આપવો? સુધાકર મુંઝાયો તેણે જેમ તેમ ઉત્તર આપ્યો: "તને વર્ત્તમાન સુખ કરતા–"

"એ ખોટો જવાબ છે." પુષ્પા વચ્ચેજ બોલી ઉઠી: "કૃપા કરી સત્ય વસ્તુ સ્થીતિથી મને વાકેફ કરો. શું તમારા અંતરના વિચાર જાણવા જેટલી હું અધિકારિણી નથી કે આમ અસત્ય ઉત્તર આપો છો?"

"નારે ના વ્હાલી! સુધાકર બોલ્યો. "મારા હૃદયની દરેક વાત જાણવા તું અધિકારીણી છે, મારા હૃદયની વાત મારે તને કહેવીજ જોઇએ. શું કોઇ દિવસ તારાથી હું કોઇ પણ વાત ગુપ્ત રાખું છું કે તારે આવી શંકા ઉઠાવવી પડે છે?"

"વ્હાલા! કોઈ દિવસ કોઇ પણ વાત તમે ગુપ્ત ન રાખી હોય એમ કદાચ હું માની લઉં, પરન્તુ આજની વાતતો—"

પત્નીને વ્હેમાતી જોઇને સુધા કર બોલ્યો,

"પણ તું નાહક વ્હેમાય છે? મેં કહ્યું નહિ કે હું તારા વિચારમાજ હતો!"

"એ વાત હું માની શકતી નથી!" પુષ્પા બોલી; "જો તમે મને ચાહતા હો તો બધી વાત જાહેર કરો."

સુધાકરની મુઝવણને પાર ન રહયો. જો સત્ય હકીકત ગુપ્ત રાખે તો પણ પત્ની વ્હેમાય, તેણે કયો રસ્તો લેવો ?

"ગમે તેમ પણ ગુલાબ તરફની પ્રીતિના અંકુર ફુટયા છે એવું પુષ્પાને જણાવવું નહિ" એમ વિચાર કરી સુધાકર બોલ્યો.

"તું માને યા ન માને પણ મેં કહ્યું તે સત્યજ છે !"

"બસ આજેજ મને ખબર પડી કે તમે મારાથી દગો રમી રહ્યા છો. મેંએ 'તારા ઉપર હું મારો જાન ઓવારી નાખું' એવા મધુર શબ્દો વદીને અંદર ખાને કોઈ બીજી રમણીને તમે ચાહો છો, બોલો ખરૂં કે નહિ ?" પુષ્પાએ અનુમાન પરવતા આ પ્રમાણે ઉચ્ચે સ્વરે શબ્દો ઉચ્ચાર્યા.

"પુષ્પા ! તું આ શું બોલે છે ? તારા વિના શું હું અન્યને ચાહું છું ? તું તે માની શકે છે ?" સુધાકરે જણાવ્યું.

"હા. હું માની શકું છું કે તમે મારા તરફ જરાપણ લાગણી ધરાવતા નથી. કિંતુ કોઇ બીજી સ્ત્રી ઉપર તમે પ્રેમરસ વરસાવી રહ્યા છો."

પુષ્પાએ આ શબ્દો સક્રોધ ઉચ્ચાર્યા. મુખ ઉપર ક્રોધનાભાવો પ્રતિત થવા લાગ્યા. સુધાકરે મનમાં વિચાર્યું.

"સત્યવાત કહું ?" મને ઉત્તર આપ્યો: "નહિ, અનુમાન બાધતા જે સ્ત્રી કુપિત થાય છે, તે સ્ત્રી સત્ય હકીકત જાણવા પામે કે ગુલાબ નામની કોઈ સ્ત્રીની તરફ પોતાના પતિનું હૃદય વળ્યુ છે તોતે કેટલો ઉત્પાત કરે ?"

આખરે ગમે તેમ થાય તોપણ સત્યવાત ન પ્રકાશ કરવાનો સુધાકરે વિચાર કર્યો. જેમ જેમ સુધાકરે સત્યવાત ન જણાવવાનો આગ્રહ રાખ્યો, તેમ તેમ પુષ્પાએ સત્યવાત જાણવાનો આગ્રહ

ચલાવ્યો, સુધાકરે સત્યવાત કહી નહિ પુષ્પાનો રૉફ વધી પડ્યો. તે બોલી:

"બસ! આજથી તમારે ઘરબહાર નિકળવું નહિ, સમજ્યા?"

"તેનું કારણ?" સુધાકરે પૂછ્યું

"મારી મરજી," પુષ્પા બોલી.

સુધાકર વિસ્મય પામ્યો. પત્નીની આટલી સ્વચ્છંદતા તેણે અત્યારેજ જોઈ. એજ ક્ષણે બન્નેના જીવન બન્નેના વિચાર એકમેકથી જુદા પડવાની શરૂઆત થઈ ચૂકી?

પ્રકરણ સાતમું.

"જુગારનું ઝેર!"

"વિશ્વેશ!" એક વ્યક્તિએ રૂમમા પ્રવેશ કરતા કહ્યું

"કેમ?" અંદર બેઠેલી વ્યક્તિએ ઉચું જોયું.

"શુ થાય છે?" આવનારે કહ્યું. અને ખાલી પડેલી ખુરશી પર બેઠો.

"કાંઈ નવા જુની છે વિમળ!" વિશ્વેશે પૂછ્યું.

"નવા જુની તો કંઈ નથી. પણ—"

"વળી પણ શું?" વિમળની વચ્ચમા વિશ્વેશ બોલ્યો.

"એક બાબતમા હું તારો મત લેવા આવ્યો છું!" વિમળે જણાવ્યુ.

"કઈ બાબતમા વિમળ!" વિશ્વેશ બોલ્યો.

"વાતને ગુપ્ત રાખવી પડશે!" વિમળે જણાવ્યુ:

"ઘણીજ ખુશીથી." વિશ્વેશે જણાવ્યુ.

"પેલા સુધાકરને ઓળખે છે કે?" વિમળે કહ્યુ:

"હા. કાન્તિલાલ શેઠનો દિકરો કે જે હાલ બાપની મિલ્કત ઉપર તાગડધિન્ના કરી રહ્યો છે એને?" વિશ્વેશે પૂછ્યું:

"હા. એજ તેના વિષે મારે કહેવાનુ છે." વિમળ બોલ્યો.

"સુધાકર વિષે? શું છે? કહે જોઉં?" વિશ્વેશ બોલ્યો.

"જુઓ સાભળો! મારો વિચાર એમ થાય છે કે સુધાકરની સાથ આપણે સ્નેહ કરવો—"

"શામાટે?" વચ્ચમાંજ વિશ્વેશે પૂછ્યુ.

"એમ ઉતાવળો ન થા. બધી વાત હું તને સ્પષ્ટ રીતે જાહેર જણાવું છું!" સુધાકર સાથ શા સારૂ સ્નેહ જોડવાનો છે, એ હું તને કહું...જો. તે કરોડાધિશ છે; સાથ મૈત્રિ થઇ હોય તો ગજવા ચિકાર થાય!"

"કેવી રીતે?" વળી વચ્ચેજ વિશ્વેશે પ્રશ્ન કર્યો.

'તું હજી મારૂ પુરેપુરૂં બોલવું તો સાભળી લે. સુધાકરની સાથ સ્નેહ થાય એટલે પછી આપણે તેને દરરોજ વેશ્યાઓને ત્યા લઇ જવો—એ અજબ રસને એક વખત ચખાડવામાં આપણે ફાવીએ એટલે બસ! પછી તો તેને દરરોજ ત્યા ગયા સિવાય ચાલશે નહિ એટલે જોઇએ તેટલા પૈસા આપણે તેની પાસેથી મેળવી શકીશું! બોલ, તું મારા આ વિચારને વધાવે છે કે નહિ?" વિમળ બોલ્યો:

"તારો વિચાર ઉત્તમ છે. જો સુધાકર સાથ સ્નેહ બંધાઇ જાય તો આપણે આપણું ધાર્યું જરૂર કરીશું!" વિશ્વેશ બોલ્યો:

"આપણે બન્ને અત્યારે તેને ત્યા જઇએ" વિમળ બોલ્યો.

"ત્યાં જઇને શું કરવું?" વિશ્વેશ બોલ્યો:

"એક રસ્તો છે." વિમળે જણાવ્યું.

"શું ?" વિશ્વેશે પૂછ્યું.

"ત્યા જઇને આપણે રૂવાબથી વાતો કરવી. જુગારમા આપણે કરોડોપતિ થઇ ગયા છીએ એમ જણાવી તેને જુગાર રમવાનો આગ્રહ કરવો. જો તે પળલશે તો તે દ્વારાપણ આપણા ખીસા ભરપૂર થશે.': વિમળે જણાવ્યું.

આ પ્રમાણે વિચાર કરીને બન્ને જણા ત્યાંથી વિદાય થયા આ બન્ને જણા શ્રીમંતના સંતાનોને ફસાવવાનુંજ બીઝનેશ કર્યા કરતા હતા. એકને મુફલીસ બનાવી બીજાને હાથમા લે, બીજાને મુફલીસ બનાવી ત્રીજાને હાથમાં લે, આ પ્રમાણે તેઓ પોતાનું ગુજરાન ચલાવી રહ્યા હતા. પાપકે અનીતિથી તેઓ ડરતા નહિ. ધર્મને તેઓ ઓળખતા નહતા. ખરેખર ! તેઓ માનવ વેશમા દાનવ હતા બલ્કે દાનવ થી પણ વિશેષ ભયંકર હતા. એમ કહેવામા જરા પણ અતિશયોકિતનો દોષ નથી.

સુધાકર પોતાની રૂમમાં બેઠો હતો ત્યાં નોકરે આવીને બે વીઝીટીંગ કાર્ડો આપ્યા.

YISHVESHA. P.
B. A.

VIMALDAS. B. SHAH
M, A.

ખરીરીતે આ બન્ને બદમાશો બી. એ. કે એમ, એ. થયલા હતા નહિ, સાધારણ ઇંગ્લીશ જાણતા હતા. અને તેથી બોલવામાં

કાંઈ અડચણ આવતી નહિ, પોતાનો બાર પડે એ માટે બન્ને એ પોતાના નામની નીચે ડીગ્રીઓ લખી, વીઝીટીંગ કાર્ડ વાંચીને સુધાકરે બન્નેને અંદર બોલાવ્યા. અને સારો આવકાર આપ્યો. મ્હેમાનો બેસીગયા પછી સુધાકર બોલ્યો,

"અહિં સુધી આવવાનુ કારણ ?"

"આપને ખાસ મળવા માટે !" વિમળે જણાવ્યું.

"બહુ સારૂ ! આપના દર્શનથી હું કૃતાર્થ થયો." સુધાકરે સભ્યતા પુર્વક એ શબ્દો ઉચ્ચાર્યા:

"એક થોડી વાત કહેવાની છે !" વિમલ બોલ્યો.

"કહો સુધાકર બોલ્યો

"અમ્હારી કમિટિની આવતી કાલે બેઠક છે. તેમા આપને આવવા માટે આમંત્રણ આપવા આવ્યા છીએ. કમિટીનું પ્રમુખ-સ્થાન આપને આપવાનું છે !" વિમળ વિમળતા પુર્વક બોલ્યો,

"આપની કમીટીમા કેટલા સભ્યો છે ?" સુધાકર બોલ્યો.

"આસરે ત્રીસ થી ચાલીસ" વિમળે ઉતર આપ્યો

"કમિટિમા બધા મેમ્બરો હાજર રહેવાના કે નહિ ?" સુધાકર બોલ્યો.

"દરેક મેમ્બર કમિટિમા આવવાના છે !" વિમળે કહ્યું.

"કમિટિના ઉદ્દેશો શું છે ?"

"આપની માફક અમારે બીજાને પણ આમંત્રણ આપવા જવાની ઉતાવળ હોઈ એ બધી બાબતો અમે અત્યારે કહી શકિશું નહિ માટે માફ કરજો. કાલે આપ કમિટિમાં પધારસો એ વખતે કમીટીના શા ઉદ્દેશો છે તેમજ કમિટિને લગતું સઘળું કામકાજ બતાવવામાં આવશે. અત્યારે તો ફકત આપને કમિટિના સભ્યોની

સંમતી લઈ આવતી કાલે મિટિંગમા હાજર રહેવાનું આમંત્રણજ આપવા આવ્યા છીએ. આપ પધારી શકશો કે નહિ ?" વિમળે જણાવ્યું.

"જો કે મારે પ્રવાસ વિશેષ છે, પરન્તુ આપનો અત્યાગ્રહ હશે તો હું જરૂર આવીશ." સુધાકર બોલ્યો:

"અમે કાલે સાંજે આપને તેડવા આવી શું !' વિમળ ઉભો થતાં બોલ્યો.

"સારૂં." સુધાકર બોલ્યો,

"સાહેબજી !" વિમળ બોલ્યો.

"સાહેબજી !" સુધાકર બોલ્યો.

શેકહેન્ડ કરીને ઉભય બદમાશો ત્યાથી વિદાય થઇ ગયા. રસ્તામાં બન્ને વાત ચિત કરવા લાગ્યા.

"વિશ્વેશ" વિમળ બોલ્યો; "કાલે આપણે એક કામ કરવાનું છે. તે એકે આપણા જુગાર ખાનામા આપણા સ્નેહીઓ સૌ કોઇને હાજર રાખવા. સુધાકરને સારૂં માન આપીને પછી જુગાર રમવાનો આગ્રહ કરવો, જો સુધાકર કાંઇ પણ ફુવાબ કરેકે" 'કમીટિજે' એવું કહી કોઇને છેતરીને પછી ફસાવવાનો ધંધો કરે છે.?" તો આપણે બધાએ મલી તેને સખ્ત શિક્ષા કરવી અને જો વધારે ત્રણ પાંચ કરે તોતો બસ હારજ કરી નાખવો !"

બન્ને બદમાસોએ આ પ્રમાણે વિચાર કર્યો.. ભોળા અંતરના શ્રીમાનના સંતાનોને આવા શયતાનો વર્તમાન જમાનામા ફસાવે છે; પરન્તુ પરિણામે કુદરતના કોપમાં શયતાનજ પોતે હોમાય છે, કુદરતનો એવો અગમ્ય ન્યાય છે ! પરમાત્માની શિક્ષા રૂપી લાકડીનો જરાપણ અવાજ થતો નથી છતાં પણ અવાજ વિનાની એ લાકડીનો

પ્રહાર અતિ સજ્જડ થાય છે ! અને શયતાનના જીગર એ પ્રહારને ઝીલતા ત્રાહીત્રાહી પોકારે છે. આવા દાખલાઓ અનેક બને છે અનેક અનુભવાય છે !

બીજે દિવસે સાંજે વિશ્વેશ અને વિમળ ઉભય સુધાકરને તેડવા આવ્યા. સુધાકર અપ–ટુ–ડેટ પોષાક શરીર ઉપર ધારણ કરી ગજવામા હજારેકની નેટોને લઈને તેમની સાથે રવાના થયો. જુગારખાનાના મકાન પાસે મોટર અટકી. અને ત્રિપુટી નીચે ઉતરી. ત્રણે જણાં મકાનમા અંદર દાખલ થયા.

આ વખતે સઘળા જુગારીઓ અગાઉથી કરેલા સંકેત પ્રમાણે જુગારખાનાના મકાનમા આવી ગયા હતા. આ સઘળાને સભ્યો તરીકે માનીને સુધાકરે મિટીંગનું કાર્ય સત્ય માન્યું. એક મ્હોટી ખુરશીપર સુધાકરને બેસવાનું સૂચન થયું અને તે બેઠો.
વિશ્વેશના ઈસારાથી વિમળ સુધાકરને કહેવા લાગ્યો.

"સુધાકર ! આ મિટિંગ નથી,—— "

"ત્યારે ?" સુધાકર ચમક્યો;

"આ સઘળા જુગારીઓ છે. આ મકાન જુગારખાનું છે અમે પણ જુગારી છીએ," વિમળે કહ્યું.

"મને અહિં લાવવાનું કારણ ?" સુધાકરે પૂછ્યું

"અમારા જેવા થવા માટે !" વિમળ બોલ્યો.

એટલે ?" સુધાકરનો પ્રશ્ન થયો:

"અમારી સાથે તમારે જુગારની રમત રમવી." વિમળે જણાવ્યું.

"જુગાર ?" સુધાકર ચમક્યો: "શું આ જુગારખાનું છે ?"

"હા. શેઠ ! "બધાએ સાથે ઉત્તર આપ્યો.

વિમળે વિમળભાવને મુખ ઉપર ધારીને કહેવા માડયું:

"શેઠ! ચમકો નહિ. જુગાર એ એક એવો વ્યવહાર છે કે માણસ એક કાચી ઘડીમાં પૈસાદાર થઈ જાય છે! જુઓને મારી પોતાનીજ વાત! હું એક મહીના પહેલા તદ્દન ગરીબ સ્થીતિમા હતો અને અત્યારે હું લાખોપતી બની ગયો છું! એ સઘળો પ્રતાપ જુગારનો...લક્ષ્મીના ઉત્કર્ષ સાથ જુગાર રમવામાં મનને પણ ઓર આનંદ અને સ્ફુર્તિ મળે છે!"

"જુગાર રમનારની પ્રતીક્ષા—"

"એ મુર્ખ લોકોની વાત!" વિમળ સુધાકરની વચ્ચેજ બોલ્યો. શું જુગાર રમતા પ્રતિષ્ઠા જતી હશે? જેના વ્યવહારથી-જે રમતથી માણસ પોતાની ગરીબી હાલત છોડી દઇને શ્રીમંતાઈને પ્રાપ્ત કરી શકે છે, તે વ્યવહાર-તે રમત, શું નિંદાપાત્ર કહેવાય? અમુક માણસોએ જુગારને વખોડી કાઢયો છે; પરંતુ વાસ્તવિક જુગાર એ કોઇપણ દ્વેષ નથી. જુઓને કૈરવ-પાડવ પણ જુગાર રમ્યા હતા કે નહિ. નળરાજા પણ જુગાર રમ્યા હતા કે નહિ?"

"એ દૃષ્ટાંત છે જો બરાબર, પરન્તુ પાડવ જુગાર રમ્યા તો રાજપાટ સઘળું ખોઇને અત્યંત દુઃખી થયા, નળરાજા જુગાર રમ્યા તો તે પણ અત્યંત દુઃખી થયા અને રાતદિવસ જંગલમાં વનચરની પેઠે ભુખ્યા-તરસ્યા ભટકવું પડયું! તમે કહોછો કે જુગાર લાભદાયક છે, ત્યારે એ બધા દાખલાઓ પુરાવો આપે છે કે માણસ, પોતાની પ્રતિષ્ઠા-પોતાનું સુખ વિગેરેને તજી દઇ અસહ્ય દુઃખ સાગરમાં ડુબી જાય છે!" સુધાકરે જણાવ્યું,

"પણ તમે ભૂલો છો. પાડવ, જુગાર રમતા હાર્યા અને અત્યંત દુઃખી થયા તેનું મુળ કારણ શું હતું એ જાણો છો?

કૌરવના કપટથી-દગાથી પાડવો દુઃખી થયા એમ કહે છે, તેમને સત્ય વસ્તુની ખબરજ નહિ હોય. વાસ્તવિક રમતમાં કૌરવે કરેલા દગાથી પાંડવો દુઃખી થયા. અને કૌરવના કપટથી જુગારના પવિત્ર વ્યવહારને કલંક લાગ્યુઃ એવીજ રીતે નળ રાજાનુ. તે પણ દુઃખી થયા એ જુગારથી નહિ, પરન્તુ સામા પક્ષના કપટથી. આ ઉપરથી સિધ્ધ થાય છે કે જુગાર રમનાર કદી પણ દુઃખી થઈ શકે નહિ; જો એ રમતમા દગાને સ્થાન ન હોય તો ! કેમ ખરૂં નહિ. મી. સુધાકર ! " વિમળે સવિસ્તર પોતાનું જ્ઞાન જણાવી આપ્યું. સુધાકરને ફસાવવા માટે તેણે ફિલસુફી ચલાવવા માડી,

સુધાકરનું હૃદય જુગાર તરફ વળ્યું તો ખરૂં વિમળની દલીલો જાણે કે તેને જુગાર રમવાની સલાહ આપતી હોય તેમ લાગ્યું જુગારની રમતમાં વિમળ કહે છે તેમ જો આનંદ અને લક્ષ્મીની રેલમ છેલ થતી હોય તો તે રમત આપણે શા માટે ન રમવી ? સુધાકરને આ વિચાર આવ્યો. એ વિચાર આવતા તરત તે કમ કર્યો અને જુગારમા પ્રતિષ્ઠાની હનિ છે એમ જાણતાં આવેલા વિચારને વિદાય આપી.

સુધાકર ગ્રેજ્યુએટ થયલો યુવક હતો વિમળના કહેવા પ્રમાણે તે સત્ય માની લે એટલો અભણ કે મૂર્ખ નહોતો જુગાર એ એક મહાન પાપ છે એ શું તે ન સમજ્યો હોય ? પરન્તુ પોતાને મળેલી સ્વતંત્રતાનો ઉપયોગ કરવામા તેને ઓરમન આવતી હોવાથી જુગારની રમત રમવા તરફ તેનો વિચાર ગયો પણ સમાજની નિંદાનો ભય તેના એ વિચારને દાબી દીધો. સુધાકરે કહ્યું.

" સમાજ જુગારને મહત્ દોષ માને છે તેનું ? "

" સમાજ નવરો છે ! " વિમળ બોલ્યો " કે ને કે શોધી

ઢાંકવાના માટેજ તે પોતાને ઉશ્કેરત રાખે છે, બાકી કંઈ જુગારમાં દોષ હોય એમ હું માનતો નથી. અરે ! શાસ્ત્રોને દોષ હોય એમ માની લઈએ પરંતુ તેમાં મજા આવે છે તે કેમ છોડાય ?

સુધાકરને જુગાર રમવાનો શોખ થઇ આવ્યો. તે સ્વતંત્ર હતો જુગાર રમે કે ગમે તે પાપમા તે પ્રવૃત્ત થાય, પરન્તુ તેને રોકનાર કોઇ હતું નહિ. એટલે તરત તેણે પોતાના શોખને માન આપ્યું. અને જુગાર રમવાની ઇચ્છા બતાવી પોતાના કારસ્થાનમા ફાવવાથી વિમળ અને તેની સાથે તેના સહકારીઓ સઘળા ગજી થઇ ગયા. અને જુગારની રમત શરૂ થઇ.

સુધાકર આ પહેલીજ વખત જુગાર રમતો હોવાથી કેમ રમવું તે બરાબર જાણતો ન હતો. તેથી વિમળ તેનો પક્ષકાર થયો. અને રમત ચાલવા લાગી. વાસ્તવિક રીતે વિમળ કાંઈ સુધાકરનો પક્ષકાર હતો નહિ, પરંતુ બહાર દેખાવમા સુધાકરને સારૂં લાગે એટલા સારૂ તે તેનો પક્ષકાર હોવાનો ડોળ કરવા લાગ્યો. અને એ ડોળ કરતા છતા સુધાકર રમતમા હારવા લાગ્યો. પોતે સાથે લાવેલા એકહજાર રૂપિઆ જુગારમાં ચાલ્યા ગયા. સુધાકરને જુગાર ઉપર એટલાથી અપ્રીતી ન થઈ જાય એટલા સારૂ વિમળે કહ્યું “ એતો રમતમાં પહેલા એવુંજ હોય ! અમે પણ પહેલા હજારો રૂપિઆ ગુમાવી બેઠા હતા; પરન્તુ પાછળથી અમે લક્ષાધિપતિ થઈ શકયા છીએ. આ રમતજ એવી છે, કે પ્રથમ હારજ ખાય ! ”

“ કાંઈ ફીકર નહિ. ” સુધાકર બોલ્યો: એકહજાર રૂપિયાનો તેને કાઇ હિસાબ હતો નહિ. જો કે પોતાના પિતાની હયાતીમા એક હજાર તો શું પરન્તુ એક રૂપિઆનો પણ તેને અત્યંત હિસાબ હતો પરન્તુ કરોડાધિશ થયા પછી—સંપૂર્ણ સ્વતંત્ર થયા પછી—દરરોજ

એ પાંચ હજારનું પાણી કરતો હોવાથી આ રમતમાં ગુમાવેલા હજાર રૂપિઆ માટે જરાપણ સંકોચ થયો નહિ.

"હવે હું જઈશ." ખીસા ખાલી થતાં સુધાકર બોલ્યો.

"કેમ? હજી તો અરધી કલાક પણ ન રમ્યા ત્યા જવાની વાત કરો છો?" વિમળ બોલ્યો:

"મારી પાસે રૂપિઆ ખલાસ થઈ ગયા!" સુધાકરે ઉઠવાનું કારણ જણાવ્યું.

"એટલે? શું રૂપિઆ ખલાસ થયા એટલે તમારે ઉઠવુંજ જોઇએ? નહિરે મી. સુધાકર! તમને જોઈએ તેટલા રૂપિઆ અમે આપીએ. આનંદથી રમો, અમને તમારો વિશ્વાસ છે."

સુધાકરને રમવાની ઈચ્છા તો હતીજ. પરન્તુ પાસેની સીલિક ખતમ થતા તે ઉઠવાનો વિચાર કરતો હતો, ત્યાં વિમળ તેનો શરાફ થયો. અને જોઇએ તેટલા રૂપિઆ આપવા કહ્યુઃ પોતાની આટલી શાહુકારી છે તે જોઇને સુધાકરના ફેફસાં આનંદથી ફુલી ગયાં. અને તેણે વિમળ પાસેથી પાંચહજાર રૂપિઆ લીધા તે પણ ગુમાવ્યા. બીજા દશહજાર લીધા. તેપણ ગુમાવ્યા. જુગારી તરીકે પંકાયલાઓ, શું સુધાકરને જીતવા આપે એમ હતા? બેચાર કલાકમાં પચીસેક હજાર રૂપિઆ ગુમાવી સુધાકર ઘેર ગયો. તેના હૃદયમાં જુગારનું ઝેર વ્યાપી ગયું.

પ્રકરણ આઠમું.

" પતિને ઝેર આપવા જતાં પોતાને મળેલું ઝેર. "

જુગારના ઝેરમા સુધાકર ઝોકા ખાતો થયો, એ પહેલાજ પુષ્પાની પવિત્રતાનું ચિત્ર ભુંસાઇ ગયુ હતું ! ભક્તિદાસની સાથે તે પ્યારમા પડી ગઇ હતી. સુધાકરને તેની કશીપણ ખબર પડવા દીધી નહતી. પુષ્પા દરરોજ સાંજે એકલી દરિયાકિનારે ફરવા જતી, ભક્તિ વખતસર ત્યા આવતો. આશક-માશુક મળતા અને પછી ભક્તિદાસ, પુષ્પાની ભક્તિ અનન્ય ભાવે પોતે કરતો હોય તેમ બતાવવા ચેષ્ટા કરતો. પુષ્પા, પોતાના મનહર મીઠા અલબેલા આશક ઉપર વારી જતી. દરિયાની ઠંડી લ્હેર અનુભવી પ્રેમિક અને પ્રેમિકા પોતાના ગુપ્ત ક્રિડા સ્થાન તરફ જતા. અને ત્યાં પાપાચારનો પ્રવાહ વહેતો.

મોડી રાત્રે પુષ્પા ઘેર આવતી, પરન્તુ સુધાકરથી તેને કાંઈ કહેવાય નહિ. જો કોઇ દિવસ સુધાકર કાઇ વ્હેમના શબ્દો સંભળાવે તો તરત તે છણકાઇને રિસાવાનો પ્રયોગ અજમાવે. સુધાકરને મહા-મુશીબતે પત્નીની રીસ ઉતારવી પડે. આમ થોડા દિવસ ચાલ્યું ? પછી તો સુધાકરે તેને કંઇપણ ન કહેવાનો વિચાર કર્યો. પતિના આ વિચારમા પુષ્પાને અનહદ છુટ મળી. સ્વતંત્રામા પવિત્રતાનું ખુન થતું ચાલ્યુ ! અને ભક્તિદાસ અને પુષ્પા પ્યારના ગીચવમળમા છેક ગળા સુધી ગરકાવ થઈ ગયા !

પત્નીની સ્વતંત્રતા જોઈ સુધાકરનો પુષ્પાપરનો પ્યાર તદ્દન નષ્ટ થયો. પુષ્પને પતિના પ્યારની કંઇજ જરૂર હતી નહિ. સુધાકર,

પત્નિની પેઠે પાપાચારમાં પ્રવૃત્ત થયો. ગુલાબને તેણે પોતાની માશુક બનાવી. પુત્રીના પાપની જીવનલાલ જેવા બૅરિસ્ટર થયલા પિતાને ખબર પડી નહિં.

એક દિવસ ગુલાબની સાથે ગુપ્તાવાસમા સુધાકર બેઠો હતો. ગુલાબ પોતાના આશકના ખોળામાં પોતાનું ગુલાબી બદન નાખી પડી હતી; ગાલ હાસ્ય કરતા પિયતમને ચુંબન કરવા આકર્ષતા હતા. સુધાકરે ચુંબન કર્યું. અને કહ્યું:

"ગુલાબ! આમનેઆમ આપણો ગુપ્ત સબંધ કયાં સુધી ચાલશે.?"

"આપણા બન્નેના દેહ સલામત હશે ત્યાં સુધી!" ગુલાબે ઉત્તર આપ્યો.

"પણ તારા પિતા હમણા તારા લગ્ન કરેતો?" સુધાકર બોલ્યો.

"હજી મારા લગ્ન આવતી સાલ કરવાનો મારા પિતાનો વિચાર છે. મારી માતા વખતો વખત મારા પિતાને મારા લગ્ન કરવાનું કહે છે; પરંતુ મારા પિતા એકજ જવાબ આપે છે કે "હજી લગ્નને લાયક ગુલાબ થઇ નથી." એટલે હજી મારા લગ્નનો આવતી સાલ થવાના."

"એમ? ત્યારે તો આપણો આ ગુપ્ત સંબંધ એક સાલના માટે સજજડ છે, ખરૂં?" સુધાકર બોલ્યો.

"હા, ડીયર!" ગુલાબ બોલી.

આશક-માશુક પ્રેમથી વિંટળાઈ વળ્યા! લગ્નને માટે ન લાયક ગણાતી પુત્રી, ભયંકર ભ્રષ્ટાચાર સેવવા લાગી!

* × × *

"વ્હાલા!" પુષ્પાએ પોતાના પ્યારમાં પડેલા આશકને સંબોધન આપ્યું.

"શું !" ભક્તિદાસે પ્રશ્ન કર્યો:

"એક વાત કહેવાની છે !" પુષ્પાએ જણાવ્યું.

"કહીનાખ !" ભક્તિદાસે કહ્યું:

"આપણા આ ગુપ્ત સંબંધની વાત ધીમે ધીમે પ્રકાશમાં આવવના ચિન્હો જણાય છે. માટે આપણે સાવચેત થવું જોઇએ." પુષ્પાએ જણાવ્યું.

"આખી દુનિયા આપણા સંબંધને કેમ નથી જાણતી ?" ભક્તિદાસ બોલ્યો:

"પણ મારા પતિ જાણે તો ?" પુષ્પા બોલી:

"તો તેને—" ભક્તિદાસ બોલતા અટકી પડ્યો.

"કેમ અટકી ગયા ?" પુષ્પા બોલી:

"મારૂં માનીશ ?" ભક્તિદાસ બોલ્યો:

"તમારૂં કહેણ માનવાની મેં કયે દિવસ ના પાડી છે કે તમે આમ શંકાશીલ પ્રશ્ન કરો છો ?" પુષ્પાએ જણાવ્યું.

"તો તું તારા પતિને ઝેર આપ." ભક્તિદાસ બોલ્યો: "પછી આપણે સ્વતંત્ર રીતે રહી શકીશું !"

પતિની સૂચનાથી સાસરાને આપવા ઝેરનું પુષ્પાને સ્મરણ થઈ આવ્યુ: તેના સમસ્ત શરીરમાં કંપનો આવિર્ભાવ થયો !

"શામાટે કંપે છે ?" ભક્તિદાસ બોલ્યો: "એ કામ તો ઘણુંજ સરળ છે। ખાવાની વસ્તુમાં ઝેર ભેળવી દેવું એટલે આપણી સ્વતંત્રાનંદની અવધિ !"

"ભલે હું તેમ કરીશ !" પુષ્પા બોલી:

પ્રિય વાંચક ! પત્નિને આપેલી સ્વતંત્રતામાં સુધાકર કેવી ભયંકર સ્થીતમા આવી પડે છે, તે યથાક્રમે તમે જાણી શકશો.

આશક—માશુકે આ પ્રમાણે વિચાર કર્યો અને પછી બન્ને જણા છુટા પડયા.

પુષ્પા ઘેર આવીને પોતાના ખાનગી રૂમમાં બેઠી: અને તે આત્મગત બોલવા લાગી.

"સુધાકર ! એ તમારૂં આવી બન્યું સમજો ! દરરોજ કેને કેં મને ઠપકે આપવામાં તમેજ તમારી જીવન દોરી ઉપર કાપ મુકશો. મારે શું ? સ્વતંત્ર રીતે વિચરતા મારા ઉપર તમે શંકાની અને વ્હેમની દ્રષ્ટિ નાખવા માડી: પરન્તુ આજ રાત્રેજ તમારા ભોજનમાં હું ઝેર ભેળવી દઇશ. તમારા પિતાને આપેલા ઝેરનો બદલો તમને હુ આપીશ. તમારા પાપના પ્રાયશ્ચિતમા તમારે ઝેર મિશ્રિત ભોજન આરોગવું પડશે, અને થોડીવાર તરફડીને તતકાળ જીંદગીનો ત્યાગ કરી મારા અંતરાય વચ્ચે તમારે મરણોત્વહન થવું પડશે !"

આ પ્રમાણે પાપીણી પ્રેમદા ઉદ્દગાર કાઢી રહી હતી. પોતાના પતિને ઉદ્દેશીને તેણે એ શબ્દો કાઢયા. પતિને બાપનો બદલો આપવા નિકળેલી પત્નિ, જાણે કેમ પોતાને પાપનો બદલો આપનાર કોઇ નહિ મળે તેમ પતિને–પોતાના પૂજનીય દેવતાને ઝેર આપવા તૈયાર થઇ ખરેખર ! સ્ત્રીઓના હૃદય વિષે વજ્રથી પણ ઘણા કઠિન, કુસુમથી પણ કોમળાં એવું જે કહેવાય છે તે સત્યજ છે. સ્ત્રીજાતીમા કુસુમથી પણ કુમળા અંતરની સ્ત્રીઓની સાથે પુષ્પાના જેવી વજ્રથી પણ કઠિન અંતરવાળી સ્ત્રીઓ પડી છે. ધિઃક્કાર છે ! એવી વજ્ર હૃદયી પાપી મસ્ત પત્નિઓને !

ઉપરોક્ત ઉદ્દગાર કાઢીને પુષ્પાએ, પતિએ લાવી આપેલા ઝેરમાંથી સાસરાને ઝેર આપીને વધારેના ઝેરને પોતે મૂકેલા ઠેકાણે

શોધવા માંડયું. એ ઝેર તેને હાથ આવ્યું. અને તે ઝેરના સામે જોઇ હસવા લાગી.

" ઝેર ! તારા કાતિલ સ્વભાવ પ્રમાણે આજે તારે તારા કાતિલ સ્વરૂપનો મારા પતિને અનુભવ આપવાનો છે ! "

એમ કહી તેણે રસોઈ બનાવવા રસોયાને કહ્યું.

સુધાકર ઘેર ન હતો. જ્યારથી ગુલાબની સાથે તે પ્યારમા પડયો હતો તેમજ જુગારનો ઝેરી પવન તેના મગજમા ઘુસી ગયો હતો, ત્યારથી તે વિશેષ પણે ઘર આગળ રહેતો જ નહિ. ગુલાબની સાથ ગુપ્તાવાસમા, કે જુગારીઓની સાથ જુગારખાનામા ?

જ્યારે ઝેર આપવાના વિચારમાં પુષ્પા મશ્ગુલ હતી, ત્યારે સુધાકર જુગારખાનામા પોતાના જુગારી મિત્રો સાથે જુગાર રમી રહ્યો હતો. અત્યાર સુધીમા તેણે જુગારની રમતમા કશો પણ સાર કે લાભ જોયો નહિ, છતા પણ " હાર્યો જુગારી બમણું રમે " એ ન્યાયે તે બમણું જુગાર ખેલવા લાગ્યો. જુગારમા તેને અત્યંત મજા આવવા લાગી. પરતુ તેને ખબર ન હતી કે એ મજાની પાછળ પોતાના વિનાશનો ધ્વનિ ઘોર કરવા તૈયાર થઇ ગયો છે !

અત્યાર સુધીમા સુધાકરે લાખો રૂપીઆ જુગારમા ગુમાવી દીધા હતા. આજે પણ તે એક લાખ રૂપીઆ લઇને રમવા આવ્યો હતો. જુગારી મિત્રોએ દગો કિંવા કપટનું શસ્ત્ર ચલાવી સુધાકરના એક લાખ રૂપિઆ પણ જીતી લીધા. સુધાકર વિલે મોઢે ઘર તરફ રવાના થયો !

સુધાકરના ગયા પછી વિષ્વેશ અને વિમળ અત્યંત હર્ષિત થયા. આજે લીધેલા લાખ રૂપિઆનો બન્નેએ સરખો ભાગ વ્હેંચ્યો. અને તેમાંથી થોડો ભાગ પોતાને સહાય કરનાર મિત્રોને આપ્યો.

સુધાકર ઘેર આવ્યો તે વખતે તેની પત્ની પુષ્પા ખોરાકમાં ઝેર ભેળવવાનું કામ કરતી હતી. રસોયાએ રસોઇ તૈયાર થઇ ગયાનું કહેતા રસોયાને બહાર કાઢી પોતે કરવા ધારેલું નીચ કૃત્ય કરી રહી હતી. સુધાકર આવ્યો. આજે એક લાખ રુપિઆ ગુમાવેલા હોવાથી તેના મુખ ઉપર સ્હેજ ઉદાસિનતાનો ભાવ હતો. પરન્તુ એ ભાવ તેણે "આજે ગયા તો ભલે ગયા કાલે બધા જીતી લઇશ !" એવો વિચાર કરીને શમાવી દીધો.

સુધાકર પોતાના દિવાનખાનામાં ખાટ ઉપર બેસી હીંચી રહ્યો હતો. ત્યાં પુષ્પા આવી. કોઇ દિવસ ન બતાવેલા પ્યાર પૂર્વક તે પતિની સામે જોતી બેઠી. અને હસીને બોલી; 'નાથ' ચાલો જમવા. રસોઇ તૈયાર થઇ ગઇ છે !"

"પુષ્પા !" સુધાકર બોલ્યો. "આજે કાઇ કોઇએ તને ઉપદેશ આપ્યો છે શું ?"

"કેમ ?" મીઠું હસીને પુષ્પા બોલી.

"કોઇ દિવસ નહિ અને આજે તું મને જમવા તેડવા આવી છે !"

"તમે મને તિરસ્કારી કાઢો, પરન્તુ કાઇ હું તમને તિરસ્કારી શકું એમ છું ? અમે પત્નિ—પતિની આશ્રિતા—દાસી. પતિ અમારા શિરતાજ. છત્ર વિના અમે શી રીતે સંસારમા ટકી શકવાના હતા ? તમેતો મ્હારા દેવ ! તમારા પુજનમાજ મારી મુક્તિ. તમારી કૃપા-મેળવવામાજ મ્હારા જીવનનું સાફલ્ય. પતિભક્તિ એજ અમારો મંત્ર. એ મંત્રોચ્ચારમાંજ અમે પવિત્ર !" પુષ્પાએ જણાવ્યું. પુષ્પાએ બને તેટલી મોહકતા પૂર્ણ એ પ્રમાણે શબ્દો સંભળાવ્યા. પુષ્પાના એ દેખાતાં પવિત્ર શબ્દોની પાછળ કેવું ભયંકર પાપ છુપાયલું છે,

તેની સુધાકરને ખબર પડી નહિ. પત્નિના મીઠાં શબ્દો સાંભળીને સુધાકર બોલ્યો.

"વ્હાલી! જો તું એવી રીતે વર્તીશ તો તું સતિ કહેવાઇશ."

"ચારિત્ર્યઆદર્શ રાખીને પતિભક્તિ કરવી એ સન્નારીનો ધર્મ છે." પુષ્પાએ જણાવ્યું.

ખરેખર સન્નારીનો એ ધર્મ છે. પરન્તુ પુષ્પા સન્નારી ક્યાં હતી કે તે એ ધર્મ બજાવે? તેતો કુટિલ કુર કામિની હતી. તેના માટે એવો ધર્મ ત્યાગજ હોય. પતિને રીબાવવામાંજ એવી કુટિલાઓને આત્મતૃપ્તિ થાય. પતિને તરછોડી, પરપુરૂષ સાથે પ્યાર કરે તો જ તેનું જીવન સાફલ્ય ગણાય. પુષ્પાએ પરપુરૂષ સાથે પ્યાર જોડયો હતો, માત્ર પતિને રીબાવવાનું કામ બાકી હતું. પનિને રીબાવવા કરતા ઠાર કરવાનું તેને ઉત્તમ લાગ્યું. અને તેણે ખોરાકમાં ઝેર મેળવ્યું. કુટિલતા અને કુરતાની પરાકાષ્ટા કરતી એ કામિની પોતાના પતિને લઇને ભોજનાલયમાં આવી

પતિને થાળી પીરસીને પુષ્પા પંખો ચલાવવા લાગી.

સુધાકર જમવા બેઠો. પુષ્પાની આજની રીતભાત જોઇ તેના આનંદનો પાર રહ્યો નહિ. પુષ્પાના સ્વતંત્ર મગજથીજ નિરંકુશ વર્તનથી. સુધાકર મનમા અત્યંત દીલગીર થતો હતો, પરંતુ પુષ્પાને તે કહી શકવા અશક્ત હતો. કદાચ કંઇ કહે તો પણ પુષ્પા તેનું કશું ગણકારતી નહિ. આજે અચાનક પુષ્પાનં વર્ત્તન બદલાઇ ગયેલું જોઇને તેની દીલગીરી ચાલી ગઇ. જુગારની રમતમાં ગુમાવેલા લાખ રૂપિઆ માટેનો શોક પણ તે ભુલી ગયો. પણ........

પુષ્પાના પાપનો પ્રકાશ થવાનેજ સર્જાયો હોય ત્યા શું થાય?

જમવા બેઠેલો સુધાકર, પીરસેલી થાળીમાંથી ખોરાકનો કોળીયો ભરે ત્યાર પહેલા તેની દ્રષ્ટિ એક વસ્તુ પર પડી. અને તે ઉભો થઇ ગયો

આ વસ્તુ ઝેરની પડીકી હતી. ઝેરનું મિશ્રણ કરીને વધેલા ઝેરને ગુપ્ત રીતે સંતાડવાનું પુષ્પા ભુલી ગઇ હતી. રસોડા વચ્ચે પડેલા ઝેરને જોઇ સુધાકર ઉભો થઇ ગયો. ઝેરની પડીકી તેણે હાથમાં લીધી. અને તે બોલ્યો.

" કુલટા ! આજે તારો શો વિચાર હતો ?"

" નાથ ! આપ નાહક કેમ ખીજાઓ છો ?" પુષ્પા બોલી;

" નાહક !" હોઠપીશીને તે બોલ્યો, " જો આ પડીકી શાની છે ?"

જ્યારે સુધાકરે ઉભો થઇને પડીકી લીધી, ત્યારે પુષ્પાને ખબર હતી નહિ કે તે ઝેરની પડીકી છે. અત્યારે પતિએ બતાવતાં તે જોઈ શકી કે તે પોતાના પાપનો પ્રકાશ કરવા રસોડા વચ્ચે પડી રહેલી પડીકી પતિને મારવા માટે વપરાયલું ઝેર છે !

ઝેરને જોતાંજ પુષ્પા દીંગ થઈ ગઇ. પરન્તુ પોતાની પરિસ્થીતિ પતિ ન જાણી શકે એટલા માટે તેણે ચાલાકી પુર્વક ઉત્તર આપ્યો.

' નાથ ! આ પડીકી ઝેરની છે ! હું હમણાં આ બધો રસોડાનો સામાન સાફ કરતી હતી, તે વખતે તે દીવસે તમે લાવી આપેલા ઝેરના આટલો ભાગ મેં જોયો અને તે બધું સાફ કરી લીધા પછી જમીનમા દાટી દેવાના વિચારે પડીકી અહીં મુકી હું સાફ કરવા લાગી. બધું સાફ થઇ ગયું એટલે તરત હું આપને જમવા તેડવા આવી. અને આ પડીકું અહિંજ પડી રહ્યું. લાવોને તે કોઇ જગ્યાએ દાટી દઇએ કે........

પત્નિને બોલતી અટકાવીને સુધાકર બોલ્યો.

"પાપિણી પુષ્પા ! તારા પાપનો પ્રકાશ કરનારૂ આ ઝેર તારે પેટમા પધરાવવું પડશે સમજી ?" સુધાકર બોલ્યો.

પુષ્પાના હાજાગગડી ગયા. પતિનો વિનાશ કરવા જતા પોતાનો વિનાશ કાળ આવી પહોંચ્યો જરૂર સુધાકર પોતાને ઝેર ખવરાવશે બલાત્કારે પણ ઝેર ખવરાવસે—અને પોતાના જીવનને તજવું પડશે એમ તેને જણાઈ ચુકયું, તે થરથર કંપવા લાગી, ખરે ખર ! પાપનો ઘડો કદી પણ ફુટયાવિના રેહતો નથી.

પોતાના વિનાશના સથીરોને પોતાની પાપી આંખો વડે તે વાંચવા લાગી. તો પણ પતિને પોતાની ઉપરનો વ્હેમ દુર કરવા સારૂ બને તેટલું કરવું એમ ધારી તે બોલી:

"નાથ ! વ્હેમમા ન પડો ! હું કાંઈ—"

"ચુપકર રંડા !" સુધાકર બોલ્યો. "આ મારી થાળીમા પીરસેલા ખોરાકમા તેં ઝેર ભેળવ્યું છે કે નહિ ? તે જણાવ."

પુષ્પા મૌન રહી. તેની મૌનવશ સ્થીતીપરથી સુધાકરે પોતાના વ્હેમને સત્ય માન્યો. અને તેથી તેણે પુષ્પાને કહ્યું,

"ચંડાલિણી ! ઘોર પાપિણી ! ઉઠ ! તારા પાપનું પ્રાયશ્ચિત કર !"

પુષ્પાને હવે લાગ્યું કે ગમે તેમ કરીશ તો પતિનો કોપ હવે શાંત થવાનો નથી. તેથી તેણે સત્ય વાત જાહેર કરી.

"નાથ ! ક્ષમા ! આ અબળાને ક્ષમા કરો ! આપનો વ્હેમ સત્ય છે !"

"ધિક્કાર છે ! મેં તને સ્વતંત્રતા આપી, તે શું તને આવી કુટીલા, ક્રુર થવા માટે ? પતિને ઝેર આપવા માટે ?"

"મારી ભુલ થઈ ! આશ્રિતા જાણી ક્ષમા કરો !"

"નહી. તારો અક્ષમ્ય અપરાધ હું જરા પણ માફ કરી શકું નહી. ચાલ આ ઝેરને ચાવીજા. અથવા મને પીરસેલા ખોરાકને આરોગી જા. તારા પાપનું ફળ તને મારે આપવુંજ જોઈએ."

"પણ મને માફ કરો. માફ કરો."

"પુષ્પાના આક્રંદને ન ગણકારતા સુધાકરે પોતાના હાથમાની પડીકીના ઝેરને બલાત્કારે પુષ્પાના મ્હોમા નાખી દીધું જ્યાંસુધી મ્હોમા પડેલું ઝેર ગળા નીચે ઉતરે નહિં ત્યા સુધી સુધાકરે પત્નિનું મ્હો નીચું થવા દીધું નહિ જ્યારે ઝેરનો રસ, પોતાની પાપીણી પત્નીના ઉદર સુધી પહોચી ગયો ત્યારે સુધાકરે તેને એક જોરથી લાત મારી. પુષ્પા એ લાતના પ્રહારથી ધબ દઈને પૃથ્વી પર પટકાઇ પડી. સુધાકરનો કોપ ઝેર ખવરાવ્યા છતા પણ શાંત થયો નહિ, પડેલી પુષ્પાના દેહ ઉપર જોરથી લાતો મારવા માડી; પુષ્પાના પરિતાપ નો પાર ન રહ્યો. પતિના પગની પડતી લાતો વચ્ચે, પોતાના ફળ તરીકે પતિએ આપેલા ઝેરના પ્રતાપે પુષ્પાનો પ્રાણ પરલોકે ચાલ્યો ગયો ! અરે ખર !

"પાપ સંસારે કર્યું તે લેશ ટળવાનું નથી !
'શિક્ષા ગુન્હાની પામવી એ દુર જોવાનું નથી !"

પ્રકરણ નવમું.

"શયતાનની જોડી."

વિશ્વેશ અને વિમળે, દિવસ જતાં સુધાકરને પોતાના શયતાની ચક્કરમા ફેરવવા માંડ્યો. જુગારનું વિષ આપીને સુધાકરની તિજોરી

તોડવા માંડી. સુધાકર જુગારના છંદમાં પોતાની મિલ્કત ગુમાવતો ચાલ્યો એક પણ દિવસ એવો ન જવા લાગ્યો કે જે દિવસે સુધાકરે બે પાચ હજાર ન ગુમાવ્યા હોય.

જુગારમાં ગુમાવાતા પૈસા ઉપરાત બીજા ખર્ચોમા પણ સુધાકર પુષ્કળ દ્રવ્ય ખર્ચતો હતો. ગુલાબની માગણી સતોષવામા પણ તે પાછું વાળી જોતો નહિ. એ રીતે પુરો પરસેવો ઉતારી પેદા કરેલી બાપની મિલ્કત સુધાકરે જેમ આવે તેમ ઉડાડવામાડી પોતાની ઉડાઉ વૃત્તિના પરિણામે પોતાને શા શા દુઃખો ભોગવવાના આવી પડશે એનો એને એ વખતે કાંઇ પણ ખ્યાલ ન હતો. જુગારના છંદની સાથે તેનું વલણ વ્યભિચાર તરફ વળ્યું. ગુલાબના સૌન્દર્યનું પાન કરવાં છતા તેના મદનની તૃષા તૃપી થતી નહિ. ગુલાબના જેવી બીજી ગુલાબ શોધવામાં તે પોતાની સઘળી શક્તિનો વ્યય કરવા લાગ્યો. એક દિવસ જુગારખાનામા તેણે વિમળ અને વિશ્વેશને પોતાની મનેચ્છા નિવેદન કરી: “ વિશ્વેશ ! એકાદ બુલબુલને માશુક બનાવવા વિચાર છે !”

“ મનગમતી માશુકો અનેક તૈયાર છે !” વીશ્વેશે જણાવ્યુ.

“ મને મેળવી આપો.” સુધાકરે જણાવ્યું.

લાગ જોઈ બન્ને બદમાશોએ દ્રવ્ય છીનવવાની વૃત્તિને સતેજ કરી: “ એ કામ કાંઈ જેવું તેવું નથી. તેમાં તો—”

વિશ્વેશના વાકયને વિમળે પુરૂં કર્યું,

“ જીવના જોખમ છે !”

“ પણ તમે તે કામ પાર પાડી શકો કે નહિ ?” સુધાકર બોલ્યો.

“ તમારા તરફના સ્નેહના આકર્ષણે કદાચ એવા જીવના જોખમવાળા પુષ્કળ કાર્યમા અમે અમારાથી બનતું કરીએ, પરન્તુ—

વિશ્વેશ્વરને અપૂર્ણ રાખીને સુધાકર બોલ્યો.

" એ હું સમજી ગયો. તમે સાહસ કરો. હું તમને સંતોષીશ"

" કંઈ પહેલાં આપવું જોઈએ. " વિમળે કહ્યું.

" કામ ફત્તેહ કરો પછી આપીશ. સુધાકરે જણાવ્યું.

" એ ન બને કામ કરાવવું હોય તો પહેલા પાચ હજાર આપો. બીજા પાચ હજાર કામ ખતમ થયા પછી આપજો. જોકે વીશ હજારથી વધારે કિંમતનું એ કામ છે. પરન્તુ તમે અમારા સ્નેહી છો, એટલે તમારૂં કામ એ અમારૂં કામ."

" ઠીકલ્યો આ પાંચહજાર." કહી સુધાકરે ગજવામાંથી પાચ હજારની નોટોનું બંડલ આપ્યું. નોટોના બંડલને લઇને વિશ્વેશ બોલ્યો. " જુઓ આ દશ હજારનો અમારા કામની કદર છે. પરન્તુ જે બુલબુલ અમે તમને મેળવી આપીએ તે બુલ બુલને તેની ઇચ્છા પ્રમાણે આપવું પડશે, સમજ્યા ?"

" એ હું ક્યાં નથી જાણતો ? પણ મિત્રો ! બુલબુલતો એવું શોધી કાઢ જો કે—"

" એમા તો કહેવુંજ ન પડે ! " બન્ને બદમાશો બોલી ઉઠ્યા.

" કેટલી મુદ્દત થશે ?" સુધાકરે પૂછ્યું:

" અરે ! આવતી કાલે જોઈએ આવતી કાલે !" વિમળે જણાવ્યુ.

" શાબાશ, દોસ્તો ! " કહી સુધાકર ચાલ્યો ગયો.

સુધાકરના ગયા પછી બન્ને બદમાશો વિચારમા પડ્યા.

" વિમળ !" પ્રથમ વિશ્વેશ બોલ્યો: "તારા ધારવામાં કોઇ બુલબુલ છે કે ?"

" ના. વિમળે જણાવ્યું.

" મારા ધારવામાં પણ નથી. વિશ્વેશે જણાવ્યું.

થોડીવાર વિચાર કરીને વિમળ બોલ્યો. ''દોસ્ત! મારી ધ્યાનમા જો કે બુલબુલ છે—'' વિમળ બોલ્યો.

"ત્યારે જણાવને—આપણે એ બુલબુલને સપાટામા લઇએ વિશ્વેશ બોલ્યો.

"જીવનલાલ બૅરિસ્ટર છે તે? તેની પુત્રી ગુલાબગૌરી," વિમળ બોલ્યો.

"પણ એ બુલબુલને સકંજામા આપણે લઇ શકીએ નહિ." વિશ્વેશે પોતાની અશક્તિ બતાવી.

"અરે! વિશ્વેશ!" વિમળ બોલ્યો." ગુલાબને સપાટામા લેવી એ એક બાલકની રમત જેવું છે. કારણકે ગુલાબની ઉમ્મર સોળ વર્ષની છે છતા પણ તેના માબાપે તેને પરણાવી નથી. એટલી મોટી ઉમ્મરે તે હજી કુંવારી છે, હું ધારૂં છુ કે તેના અંતરમા મદનની આગ પ્રજવલિત થઇ ગઇ હશે! અને તે આગમા એ કુમારિકા બલતી હશે! આપણે તેને ફસાવી શકીશું!" વિમળે જણાવ્યું. 'એમ? ત્યારે તો એના જેવું એકે નહિ. ગુલાબ એ ખરેખર ગુલાબની છે. જો સુધાકરને ગુલાબ મેળવી આપીએ તો આપણને પાચ હજાર ઉપરાત બીજું પણ ઇનામ મળશે. "વિશ્વેશે જણાવ્યુ.

× × ×

સાંજે દરિયા કિનારે ગુલાબ ફરવા આવે છે એવું એ બન્ને બદમાશો જાણતા હોવાથી તે આ દરિયા કીનારે ગયા. સમીસાંજનો સમય હતો. ચંદ્રપુરની પચરંગી પ્રજાએ કીનારે ઉત્તરી પડી હતી. અસંખ્ય નરનારીઓ ત્યાં ઉભરાતા હતા. બન્ને જણા ગુલાબને જોવા તલપાપડ થઇ રહ્યા હતા. એટલામાં સુધાકરને તે બદમાશોએ જોયો.

જોતાંજ તેઓ ચમક્યા. તેમના ચમકવાનું કારણ એ હતું કે જે બુલબુલને તેઓ ફસાવવા ધારતા હતા તે બુલબુલ ગુલાબ ગોરી સુધાકરના આઠું પાશમાં ફસાયલી સુધાકરની જમણી બાજુ ઉભેલી હતી ?

" વિશ્વેશ ? " વિમળ બોલ્યો, " સુધાકરના હાથ કોના કંઠ પર પડયા છે ? "

" એજ ગુલાબ ? " વિશ્વેશ બોલી ઉઠયો.

" આહા ? ગુલાબ તે ખરેખર ગુલાબજ છે ? જો ને કેવી સુંદર છે ? " વિમળ બોલ્યો.

" સુધાકરે એ ગુલાબના ગોટાને આપણા પહેલાજ ધ્યાનમાં લઈ લીધો જણાય છે ? " વિશ્વેશ બોલ્યો.

" ગુલાબના ગુલાબી રંગમાં સુધાકર રંગાય છે ! વીમળ બોલ્યો.

" આપણે પણ એ રંગમા કેમ ન રંગાવું ? " વિશ્વેશ બોલ્યો.

" જો તારી ઇચ્છા હોય તો ગુલાબને આપણે માશુક બનાવીએ. " વિમળ બોલ્યો;

" જોને કેવી સ્વર્ગની સુંદરી જેવી સુંદર લાગે છે ! સાક્ષાત્ ઇંદ્રની અપ્સરા જેવી અબળાને માશુક બનાવવા કયા હિણભાગીની ઇચ્છા ન હોય ? " વિશ્વેશ બોલ્યો:

" તો કાલેજ ગુલાબને આપણે સુધાકરની સોડમાંથી ખુંચવી લઇએ. " વિમળ બોલ્યો.

" હા. એમજ. " વિશ્વેશ બોલ્યો.

આ પ્રમાણે બન્ને બદમાશો પાપી વિચારો ઘડી રહયા હતા, ત્યાં સુધાકરની દૃષ્ટિ આ ઉભય તરફ ગઈ. અને બધાની એક નજર

થઈ ગુલાબની સાથે પોતે હોવાથી પ્રથમ તો જરા સંકોચાયો પરન્તુ પાછળથી સુધાકરે બન્નેને પોતાની પાસે બોલાવ્યા. બન્ને જણાં ત્યાં ગયા. અને સુધાકરની સાથે સેકહેન્ડ કરી.

સુધાકર બોલ્યો. " તમે પણ ફરવા આવ્યા છો શું ? "

સુધાકરના વીનોદી સ્વભાવને વીનોદ કરવા વીરેશ બોલ્યો; " ફરવા આવ્યા છીએ પરન્તુ તમારી માફક એકાદ બુલબુલ કયા લાવ્યા છીએ ? "

આ સાંભળીને ગુલાબ ફીકકી પડી ગઇ. સુધાકરે, પોતાની સાથે ના પાપી વ્યવહારની વાત આ બન્નેને જણાવ્યા સીવાય તેઓ કયાંથી જાણી શકે ? અને જો જણાવી હોય તો પ્રતીષ્ઠા કેટલી ? પોતાના માવતરને જણાવતાં હવે શો વીલંબ ? ગુલાબનો ગુલાબી રંગ કૃષ્ણ વર્ણ જેવો દેખાવા લાગ્યો. છાતી ઉડી ગઇ. સુધાકરની સોડમાથી ન્હાસી જવાની તેની ઇચ્છા થઇ.

સુધાકર, પોતાના બદમાશ મીત્રો સાથે હસતો તાલીયો લેતો દેતો વાતો કરી રહ્યો હતો બદમાશો સુધાકરની સાથે વાતો કરતાં કરતાં ગુલાબ તરફ દૃષ્ટિપાત કર્યે જતા હતા. એ બદમાશોની દૃષ્ટિમાં વિકાર વિષ ભરેલું હતું. ગુલાબ જરા નજીક ઉભી ઉભી અંતરથી ધ્રુજતી હતી. તેની છાતીમા શ્વાસ વધતા જતા હતા.

બરાબર આ વખતે જીવનલાલ દરિયાકિનારે સ્હેલ કરવા આવી ચ્હડયો. જીવનલાલ કોઇ દિવસ અહિં ફરવા આવતો નહિ. પિતાના આ નિયમને જાણીતી હોવાથીજ ગુલાબ, સુધાકર જોડે ફરવા આવતી. આજે પુત્રીના પાપાચારનો પ્રકાશ થવાનો હોવાથી પીતાનો વીચાર ફરવા આવવાનો થયો, અને વળી જે સ્થળે પોતાના બાલક વીવાહના આગ્રહમા દેહની સ્થીતી ને માન નહી આપવાના મતને

તોડી પાડનારૂં દ્રશ્ય ભજવાઇ રહ્યું હતું તે સ્થળે તે આવી પહોંચ્યો. ગુલાબને તેના પીતાએ જોઇ. સુધાકરની પાસેજ તે ઉભી હતી. સુધાકર બીજા બે બદમાશો સાથે વાતચીત કરી રહ્યો હતો; જીવનલાલ બળીગયો પોતાની પુત્રી આવી રીતે બે ચાર પુરૂષની સાથે છુટથી હરે ફરે છે એ તેણે આજેજ જોયું. સુધાકર અને ગુલાબ ઉભયની ગળચી પકડી પછાડી પાડવા જેટલો જીવનલાલને ક્રોધ ચ્હડયો. તેના એ ક્રોધમાં સુધાકરે, ગુલાબના ખભાપર પોતાનો હાથ ટેકવીને ઘી હોમવા જેવું કર્યું. પુત્રીના પાપાચારનો પ્રકાશ વધ્યો. અને પિતાના પગલા પાપી પુત્રી તરફ ચાલવા લાગ્યા.

સુધાકર ગુલાબના ખભાપર પોતાનો હાથ ટેકવી, હસતો હસતો વાર્તાલાપમા લીન હતો; ત્યા તેના ખભાપર લોખંડી હાથ જોરથી પડયો; અને સુધાકર ચમક્યો. પાછું ફરીને જુએ છે તો જીવનલાલ કાળસમો વિક્રાળ વદને પોતાની તરફ જોઇ રહ્યો હતો. ગુલાબે પણ પોતાના પિતાને જોયો, અને થરથર કંપવા લાગી.

જીવનલાલ બોલ્યો: "બદમાશ! તારા પાપાચાર અતિશય વધતા જાય છે. નીચ! શયતાન! તેં મારી નિર્દોષ કુમારિકાને પણ કલંકિત કરવાનું ન છોડયું કેમ?"

એમ કહી જીવનલાલે સુધાકરના વાસામાં એક સોટી પ્રહાર કર્યો. અને પુત્રીની તરફ જોઇને બોલ્યો.

"ગુલાબ! ધિક્કાર છે! તારા પાપી મ્હોંને જોઇ મારા હૈયામાં હોળી સળગે છે!"

ગુલાબ, પિતાના ઠપકાના ક્રોધના ભાવ સાથે મિશ્રણ થયલા શબ્દો નીચી દ્રષ્ટિએ સાંભળી રહી હતી. ગુલાબની એ નીચી દ્રષ્ટિમાંથી શબ્દ પંડિત ટપકતી હતી કે:

"જ્યારે તમે મને યોગ્ય ઉમ્મરે પરણાવી નહિ; ત્યારે હું શું કરૂં ?"

અને ખરેખર ! જીવનલાલના હઠાગ્રહના પરિણામે ગુલાબ મદનનો વિકાર ન સમાવી શકવાથી. સુધાકરની સાથે પ્યારમાં પડી હતી ગુલાબના હાથે થયલા પાપાચારનો કોઇપણ જવાબદાર હોય તો તેનો પિતા જીવનલાલ ગુલાબ જેવી સૌન્દર્ય શાલિની સંપતિમાં ઉછરેલી મ્હોટી ઉમ્મરની કન્યકા મદનના મનોરથને કેમ વેડફી શકે ? જો તેને ઉચિત ઉમરે પરણાવવામા આવી હોત તો તે પાપના પંથે જાત નહિ, અને કદાચ જો પોતાને પરણાવ્યા છતા ગુલાબ, પોતાના પતિને ઠોકરે મારી પર પુરૂષ સાથે પ્યારમા પડત, તો તે પાપ માટે તે પોતેજ દોષિત--જવાબદાર લેખાત, અને કુદરત તરફથી તેને એકલીનેજ સખ્ત શિક્ષા થાત પરન્તુ ગુલાબના એ પાપમા ગુલાબના જેટલોજ જીવનલાલ જવાબદાર ગણાવો જોઇએ ગુલાબને અને જીવનલાલ ઉભયને સરખીજ શિક્ષા મળવી જોઇએ. અમારા નમ્ર મંતવ્ય પ્રમાણે બન્ને એક સરખાજ દોષિત છે.

સુધાકરને બેચાર સોટી મારી જીવનલાલ, ગુલાબને લઇ પોતાના બંગલે જવા વિદાય થઇ ગયો.

જીવનલાલના ગયા પછી વાંસે હાથ ફેરવતો સુધાકર,' પોતાના બદમાશ મિત્રોને કહેવા લાગ્યો.

" મિત્રો ! આ જીવનલાલને કોઇપણ ઉપાયે ઠાર કરવો જોઇએ. "

" અમે તૈયાર છીએ. " વિશ્વેશ બોલ્યો.

" લ્યો આ પાંચહજાર, જીવનલાલનું આજેજ બને તો ખુન કરી નાખજો ! " સુધાકરે નોટો આપી. બદમાશોએ તે લઇ લીધી.

વિશ્વેશ બોલ્યો: " જો આપની ઇચ્છા હોય તો એ નીચ જીવનલાલનું ખુન કરીને ગુલાબને તમારા સ્થાને ઉપાડી લાવીએ. "

" તો તો ઘણુંજ સારૂં ! " સુધાકર બોલ્યો.

પોતાના પાપના બદલામા પોતાને ખાવી પડેલી સોટીઓના બદલામાં સુધાકરે જીવનલાલનું ખૂન કરવાનો વિચાર કર્યો " જર ચાહે તે કરે " એ ન્યાયે તેણે એ વિચાર અમલમાં મૂકવા માટે પોતાના રાક્ષસ જેવા મિત્રોને લાંચ આપીને એ નીચ કૃત્ય પાર પાડવાનું પગલું ભર્યું. પૈસા મળતાં જોઈ સુધાકરની મરજી પ્રમાણે કામો કરી આપવા એ બદમાશ જોડી તૈયાર થઇ. પૈસા મળે એટલે પછી ભલેને લલાટમાં ગમે તેવા પાપો જ્યંડિત થાય તેની તેમને દરકાર હતી નહિ.

ગુલાબને ગુમાવી. સુધાકર હવે બીજા બુલબુલને જોવા લાગ્યો. કોઇપણ બુલબુલ તેને પસંદ પડતું નહિ.

વિશ્વેશ અને વિમળે અડધી રાત્રે જીવનલાલના મકાનમાં ચુપકીદીથી પ્રવેશ કર્યો. બહાર શાંતિ હતી. જીવનલાલના મકાનમા પણ શાંતિ હતી. જીવનલાલ શાંતિથી નિંદ્રા લઇ રહ્યો હતો. બાજુના પલંગમાં જીવનલાલની પત્ની ઘસ ઘસાટ ઉંઘી રહી હતી. દિવાનખાનું એક બેરિસ્ટરનું હોઈ અત્યંત સુશોભિત હતું. ટેબલ પર એક લૅંપ પડ્યું હતું. અને તેમાં ઝાંખો દીપક બળી રહ્યો હતો.

બદમાશો કૃષ્ણ વસ્ત્ર પરિધાન કરીને એ દિવાનખાનામાં આવ્યા. આવતાંજ બળતા દીપકને બુઝાવ્યો. ખંડમા અંધકાર વ્યાપી ગયો. બહાર કરેલી ગોઠવણ પ્રમાણે વિમળ દ્વાર પાસે અંદર ઉભો રહ્યો, અને વિશ્વેશ જીવનલાલના પલંગ તરફ ગયો.

જીવનલાલનું આખું શરીર કાશ્મીરી સાલમા લપેટાયલું હતું. ફક્ત શ્વાસો શ્વાસની ક્રિયાને ખલેલ ન આવે એટલા માટે તેણે મ્હોં પર ઓઢેલું હતું નહિ. જીવનલાલનું ભવ્ય મ્હોં જોઇને વિશ્વેશ ક્ષણ વારતો સ્થંભી ગયો. કદાચ જાગી જશે તો ? પરન્તુ તે ડરપોક ન હતો. બ્હીકણ ન હતો. હાથમાં રાખેલો ભરેલો તમંચો વિશ્વેશે જીવનલાલની નિદ્રાધિન ધબકતી છાતી સામે તાક્યો. અને ઘોડો ચ્હડાવી તેણે વિમળ સામું જોયું.

જીવનલાલના મૃત્યુની ઘડી આવી પહોંચી. વિમળ તરફ કરેલી દૃષ્ટિનો વિશ્વેશને કામ તમામ કરવાનો ઉત્તર મળ્યો. ઘોડો ચ્હડાવીને વિશ્વેશ એક ક્ષણ જગદીશના મ્હો સામું જોઇ રહયો. વિમળની તાકીદ થતા ઘોડો પડયો. અવાજ થયો. જીવનલાલની છાતીમાં ગોળી આરપાર ચાલી ગઇ.

અવાજની સાથે જીવનલાલની પત્ની નિદ્રા મુક્ત થઇ. પતિનું ખુન કરનાર કાળા પોષાકમા છુપાયલા કાળા માથાના કાળા માનવીને જોતાજ એકદમ ઉભી થઇ ગઇ. અને પાસેના ટેબલના ખાનામાથી ઍરિસ્ટરની રીવૉલ્વર લે, ત્યાર પહેલાં વિશ્વેશે એ નિર્દોષ પત્નીની છાતીમા કટાર ભોંકી દીધી. આખું દિવાનખાનું લોહીલોહાણુ થઇ ગયું. એક બાજુ પતિનું શબ, બીજી બાજુ પત્નિનું શબ, દંપતીનું ખુન થતાં બાજુના રૂમમાંથી ગુલાબ એ કતલખાનામાં દોડી આવી. બદમાશોને જોઇતું હતું તેવુંજ થયું ગુલાબને શોધવાની તેમને તસ્દી લેવી પડી નહિ. માતા-પિતાના કફોન સ્થીતિમાં થયલા ખુન જોઇને ગુલાબ કંપી ગઇ. પરન્તુ તરતજ બદમાશોએ તેને ઉપાડી. ગુલાબ બુમ મારવા જાય ત્યાર પહેલાં બદમાશોએ રૂમાલનો ડુચો આપ્યો. પ્રયત્ન કરવા છતાં ગુલાબ બુમ મારી શકી નહિ.

બદમાશોએ, કાળીરાત્રિએ કાળાં કામ કરીને ગુલાબને મોટરમાં નાખી પોતાના મકાને આવી પહોચ્યા. ખરેખર! પાપી આત્માઓ ભયંકર પાપમા પ્રવૃત્ત થતાં લેશ પણ આંચકો ખાતા નથી.

પ્રકરણ દશમું.

" પરિણામે પરિતાપ. "

બીજે દિવસે સહવારે જીવનલાલના ખૂનની વાત બહાર આવી. પોલીસોએ ખુનવાળી જગ્યાએ જઇને તપાસ કરી. દંપતીના શબને હૉસ્પિટલમા લાવ્યા. ડૉક્ટરે શબને તપાસીને જણાવ્યું કે. " જીવનલાલનું ખુન તમંચાથી, અને તેની પત્નીનું ખુન કટારથી થયું છે!"

ખુનીનો પત્તો મેળવવા પોલીસે હુશિયારમા હુશિયાર ડીટેકટીવને રોકયા. ખુન કરવાનો ઉદ્દેશ ગુલાબને ઉપાડી જવાનો હોય એમ માની એ કેશમાં રોકાયલા ડીટેકટીવોને ગુલાબની તપાસ કરવા માડી. શયતાનની જોડીએ ગુલાબને પોતાના મકાનમા એવી રીતે ગુપ્ત સંતાડી દીધી હતી કે ડીટેકટીવો તેનો પત્તો મેળવી શકવા અશક્ત થયા.

સુધાકર પાસેથી જીવનલાલનું ખુન કરવાનું કામ ખતમ કરવાના માટે શયતાનોએ સારી રીતે ઇનામ મેળવ્યું. સુધાકરે ગુલાબ વિષે પૂછયુ ત્યારે શયતાનોએ પણ જણાવ્યું કે!" આખા બંગલામાજ તપાસ કરી પરન્તુ અમને ગુલાબ મળી નહિં.

ડીટેકટીવોની પેઠે સુધાકર પણ ગુલાબની શોધમા પડયો.

ગુલાબ શયતાનોના સપાટામાં સપડાઇ. શયતાનોને પ્રથમતો તેણે તિરસ્કાર્યા. પરન્તુ પોતાની દશા-પોતાના માતા-પિતાના જેવી થશે

એવી શયતાનોની ધમકી પાસે ગુલાબ દીન બની ગઇ. અને શયતાનોની સાથે પાપાચારમાં પ્રવૃત્ત થઇ. ગુલાબ દિવસે દિવસે શયતાનોની જોડી સાથે અત્યંત પ્યારમાં પડી ગઇ.

ખરેખર! યોગ્ય ઉમ્મરે નહિ પરણાવાની કન્યાઓની એ ને આ દશા!

જ્યારથી ગુલાબને પોતાના મકાનમા આણવામ. આવી હતી, ત્યારથી સુધાકર, એ શયતાનની જોડીને જોઇ શકતો ન હોવાથી–તેમજ જુગારખાનામાં તે બન્નેની ગેરહાજરી જોવાથી એ શયતાનો ઉપર વ્હેમાયો: "રખેને એ શયતાનો ગુલાબને ઉપાડી ગયા હોય!"

પોતાનો વ્હેમ સાચો હોય તોપણ એ જોડી પાસે પોતાનું કાંઇ ચાલે એવું હતું નહિ તેથી તે ડીટેકટીવને મળ્યો. અને પોતાના પાપની વાત ગુપ્ત રાખીને માત્ર એટલુંજ તેણે જણાવ્યું કે: "ગુલાબચોરીને વિશ્વેશ અને વિમળ નામના માણસો ઉપાડી ગયા હોય એવો મને શક જાય છે!"

સુધાકરના આ પ્રમાણેના શબ્દો સાભળી ડીટેકટીવે શયતાનની જોડીના ઘરની તપાસ કરી. અંદરથી ગુલાબ મળી આવતા તે જોડીને પોલીસો પાસે કેદ કરાવીને ડીટેકટીવો કોર્ટમાં ઉપાડી ગયા. ત્યાં ન્યાયાધિકારીના સવાલો પૂછાતાં શયતાનોએ સત્ય હકીકત જણાવી દીધી. તરતજ સુધાકરને કોર્ટમાં બોલાવ્યો. સુધાકરે પ્રથમ તો પોતાની ઉપરના આરોપનો ઇન્કાર કર્યો, પરન્તુ ખુનીઓ પોતેજ કહેતા હોવાથી જજ્જે સુધાકર ઉપર ખુન કરાવવાનો આરોપ મૂક્યો. પ્રથમ ખુનીઓને ફાંસીની સજા થઇ.

જે દિવસે ખુનીઓને ફાંસી મળવાની હતી, તેજ દિવસે સુધાકર ઉપરના કેસની સુનાવણી હતી. સુધાકરે પોતાની પાસે મજબુત

તિજોરી હોવાથી રૂશ્વત આપીને પોતાના ઉપરના કેસના આરોપને દુર કર્યો. અને શયતાનની જોડીને ફાંસી મળી.

પાપની અવધિ થતાં સાખી પ્રભુ લેતો નથી!
ઘટપાપનો પૂરો થતાં ફૂટયા વિના રે'તો નથી!

* * * *

ગુલાબને છોડી મૂકવામાં આવતાં ગુલાબ સુધાકરને જઇને મળી. પોતે નિરાધાર હોવાથી પોતાને આશ્રય આપવા અને શયતાનો સાથે કરેલા દુરાચાર માટે, શયતાનોના દાબ પાસે પોતે દીન હતી એવા બચાવની સાથે માફી ચાહવા વિનંતિ કરી. સુધાકરે ભજ્ઞા ગુલાબનો તિરસ્કાર કર્યો. એક વખતની પોતાની પ્રેમપાત્ર ગુલાબની વિનતિ તરફ લક્ષ આપ્યું નહિ. આખરે હતાશ હૃદયને ગુલાબ પોતાના ભાગ્યને નિંદતી સુધાકરના ચાહને મેળવવા નિષ્ફળ બની. પોતાનું દુનિયામાં કોઇ હતું નહિ. પોતાને રક્ષણ આપનાર તરીકે તેણે પ્રયાસ કર્યો નહિ. કિન્તુ સુધાકરના તિરસ્કારના છેલ્લા શબ્દોની સાથે એ ગુલાબ-ગૈરી જીભ કરડીને આપઘાત કરી ગઇ. સંપૂર્ણકળાએ વિકસેલું એકા એક ગુલાબ આવી રીતે કચરાઇ ગયું ?

ગુલાબના આપઘાતની સાથે સુધાકરને પોતાની શયતાનીયતનો ખ્યાલ આવ્યો. જીવનલાલ અને તેની પત્નિ બન્નેના ખુન પોતે કરાવેલા હોવાથી પોતે અઘોર પાપી તરીકે પોતાને પીછાનતો થયો. ગુલાબને આપઘાત કરવાની ફરજ પાડનાર પણ આડકરી રીતે તે પોતાને ગણવા લાગ્યો. અને તે દિવસથી તેણે પોતાના પાપી વિચારોને છોડીને આદર્શ વિચારોને પોતાના હૃદયમા સ્થાન આપ્યું.

પણ બહુ મોડું થઇ ગયું હતું! સુધાકરની આ પલટેલી સ્થીતિ જો કે ગુલાબના આપઘાતને આભારી હતી; પરન્તુ તેની સાથે પોતાની

પાસેની ખલાસ થયેલી મિલ્કતને આભારી પણ હતી એક કરોડ રૂપિઆ તેણે માત્ર છ-આઠ મહિનામા ફના કરી નાખ્યા હતા તેની સ્થીતિનો પડઘો થયો એ વખતે તેની પાશે માત્ર એકહજાર રૂપિઆ બાકી રહ્યા હતા. એટલા પૈસાથી તેણે પોતાના અવશેષ જીવનને ધાર્મિક રીતે ગાળવાનો વિચાર કર્યો, પરન્તુ એવી રીતે તે બની શકે નો' તેના પાપોનો તેને શું બદલો મળ્યો ? કંઇજ નહિ. ઇશ્વર તો કુદરતી ન્યાય તેને શિક્ષા આપવાનો હતો. શિક્ષાની લાકડીનો કંઇપણ અવાજ ન થાય, અને શયતાન બનેલો સ્વતંત્ર સુધાકર સંકષ્ટના સાગરમાં ડુબી જાય એવી કુદરતની ઇચ્છા થઇ.

ગુલાબનો આપઘાત પોતાના મકાનમા થયો હતો, એટલે પોલીસે ગુલાબનો ખુની તરીકે સુધાકરને પકડી પાડયો. ગુલાબ પાસેના હજાર રૂપિઆ હોમીને એ આરોપમાંથી બચી ગયો ! હવે તેની પાસે સીલિકમા કાઇ રહ્યું નહિ. હવેજ તેને પોતાના પાપનો સંપુર્ણ પરિતાપ થવા લાગ્યો. પિતાને આપેલા ઝેર માટે તેને પારાવાર પશ્ચાતાપ થયો, એ નિંદનીય-પાપી કૃત્ય પોતે ન કર્યું હોત તો પુષ્પ પાપી નબનત, ગુલાબ પાપી ન બનત, અને તેની સાથે પોતે પણ પાપી ન બનત. પણ છેવટે તેને સત્ય સમજાયું. પણ એ સમજણ તેને છેક છેલ્લે આવેલી હોવાથી દુઃખને-પાપના પશ્ચાતાપને તે ભોગવવા લાગ્યો.

પોતે ખરીદેલી સઘળી ચિજો વેચીને થોડા દીવસ તો તેણે પોતાના દીવસો કાઢ્યા. પરંન્તુ છેવટે તેને ભુખે મરવાનો દિવસ પ્રાપ્ત થયો. એકપણ રૂપિઓ તેની પાસે રહ્યો નહિ. એક કરોડની મિલ્કત પુજનીય પિતા, પત્ની એ સઘળું તે પોતાની સ્વતંત્ર થવાની અભિલાષમા ગુમાવી બેઠો.

ત્રણ દિવસના તેને ઉપવાસ થયા. એક પાઇ પણ તેની પાસે રહી ન્હોતી–એક પાઇ પણ ઉપજે એવી તેની પાસે ચીજ રહી ન્હોતી કે જેથી તે પોતાના પેટને સંતોષી શકે. પોતાની ભુખને ભાગી શકે ઉપરા ઉપરી ઉપવાસ થતા તેના શરીરમાંથી ચેતન ઓછું થવા લાગ્યું. સુકાઇને તે હાડપિંજર જેવો થઇ ગયો તેના દેહમાં લોહીનું એક પણ ટીપું રહ્યું નહિ, પોતાના પાપી પેટને સંતોષવા તેણે પોતાના આખા ઘરમા ખુણા તપાસ્યા કે કાંઇ મળી આવે પરન્તુ તેણે કાંઈ રહેવા દીધું હોય તો મળેને ? સઘળું ખલાસ થઇ ગયું હતું. લમણે હાથ દઇ, ઉંડી ઉતરી ગયેલી આખને મીંચીને તે આંસુ ટપકાવતો પોતાના ઘરના ભોય તળીયે બેઠો હતો. રડી રડીને તેણે પોતાના હૃદય પરનો ભાર હલકો કર્યો. પછી ઉઠયો. ફરી વખત આખું ઘર તપાસ્યુ એક રૂપિઓ તેને મળી આવ્યો. રૂપિઆને તેણે ચુમી કરી. અને તરત તે બજારમા દોડી ગયો. તેનામા ચાલવાની શકિત રહી નહોતી પરન્તુ એક રૂપિઓ મળ્યો હોવાથી અને તેથી લાબે દિવસે પોતાના પેટને સંતોષ મળવાનો હોવાથી તે બજાર સુધી જઇ શકયો, કરોડ રૂપીઆ ફના કરી નાખનાર એ સ્વતંત્રાભિલાષી સુધાકર દરરોજ હજારો રૂપિઆ ઉડાવતો હતો, તે સુધાકર એક રૂપિઓ મળતાં પોતાના પેટને–ઉંડા ઉતરી ગયેલા પેટને ફુલાવવા હર્ષભેર દોડીગયો.

સુધાકરે સાત ઉપવાસ પછી આજે સંતોપ પુર્વક ખાધું. એક રૂપિઆમાથી બારઆના ગયા. ચાર આના બીજે દિવસે ખાવામાં નાખવા કે નહિ ? એ વિચાર તેને આવ્યો પરન્તુ આજે પેટ ભરી દીધેલું હોવાથી આવતી કાલનો વિચાર છોડીને તે ઘેર આવીને સુતો રાત્રિ ગઇ. સવાર પડી. આગલા દિવસે ભરાયલુ પેટ પાછું ખાલી

થયું વળી ભુખ લાગી પ્રથમ તો તેણે ચાર આનાથી બે ત્રણ દિવસ પછી ખાવાનો વિચાર કર્યો. પરન્તુ બપોરથતા તો કકડીને ભુખ લાગી તે બજારમા આવ્યો અને પોતાની પાસેના ચાર આનામાંથી આવ્યું તેટલું ખાધું તેટલાથી પણ તેના આત્માને સંતોષ થયો પણ હવે શું કરવું પોતાના સધાતા ગજવા તપાસ્યા તોબરા જેવડા ખીસા ખાલી ખમ હતા. નોટોના બંડલ જે ગજવામા રહેતા હતા તે ગજવામાથી અંતે એક પૈસો નીકળ્યો. એ પૈસાને જોઇને તે આત્મગત બોલવા લાગ્યો. "માત્ર એકજ પૈસો ! કરોડો રૂપિઆનો માલિક માત્ર એકજ પૈસો જુએ છે ! અફસોસ ! સ્વતંત્ર પણે મોજ મજાહ રંગ–રાગ–અનેક સાહસ ઉડાવવામાં હું પિતાનો ખુની બન્યો પત્નીનો ખુની બન્યો. અને એક નિર્દોષ કુટુંબનો પણ ખુની બન્યો એકંદરે મેં પાચ ખુન કર્યા. હાય ! મારી શી દશા થશે ! અરેરે એક કરોડ રૂપિઆ મેં એકદમ ઉડાવી નાખ્યા ! એક કરોડ રૂપીઆ ! કે એટલી મોટી રકમથીતો સેંકડો નહિ બલકે હજારો લાખો નિરાધારોને આશ્રય આપી શકાત. એક કરોડ રૂપીઆ ! એટલી રકમથી તો દેશનું દ્રવ્ય ગૌમાતાઓ–બેચાર નહિપરન્તુ હજારો લખ્ખો વિદેશ જતી કસાઇને હાથે કપાતી અટકાવી શકાત ! એક કરોડ રૂપિઆ ! અરે ! એટલી રકમથી લાખો વિધવાઓને પોષી શકાત ! એક કરોડ રૂપિઆ ! એટલી રકમથી એકલાખ ઉપરાત રેંટીઆઓનો પ્રચાર કરાવી શકાત ! એક કરોડ રૂપિઆ ! એટલી રકમથી તો સેંકડો વિધાલયો સ્થાપી શકાત ! પરન્તુ મેં અભાગીએ દુર્બુદ્ધિને વશ થઇ એટલી મહાન રકમ માત્ર મોજ વૈભવમાં ઉડાવી દીધી ! અત્યારે માત્ર એકજ પૈસો ! "

પોતાની સારી સ્થીતીમાં જેને જેને રકમોની મદદ કરી હતી, તેઓ બધા સારી સ્થીતિ ભોગવતા હોવાથી તે બધાની પાસે સુધાકર

પૈસાની માગણી કરવા ગયો. પરન્તુ કોઇએ તેને એક પાઇ પણ આપી નહિ. તેની સારી સ્થીતીમાં જેઓ તેના સ્નેહી થવા દોડી આવ્યા હતા, તેઓ સઘળા તેની કઢંગી સ્થીતીમા ફરી બેઠા ! દુઃખી સુધાકરને કોઇએ પણ એક પાઇની મદદ આપી નહિ. એક કરોડ પતી માત્ર એકજ પૈસાનો માલિક રહયો !

કોઇએ પણ મદદ આપી નહિ એટલે તેને વળી ફરીથી ઉપવાસ થવા લાગ્યા. તેને અત્યંત ભુખ લાગી હતી. પરન્તુ તેની પાસે કંઇ હતું નહિ કે તે પેટને સંતોષી શકે. તેમ પોતે કોઇની પાસે રસ્તા ઉપર ઉભો રહી ભીખ પણ કેમ માગી શકે ? એક વખતનો એક કરોડપતી શું રસ્તાનો ભિખારી બને ? જોકે તે રસ્તાના ભિખારી કરતા પણ વધારે દીનભિખારી બન્યો હતો; પરન્તુ તે પોતાના મનમાંજ જાણતો હતો. પોતાને ઉપવાસો કરવા પડે છે એવું કોઇ જાણી શકયું ન હતું. પોતાની પાસેના એક પૈસાથી જે આવે તે પેટ ભરવાનો તેણે વિચાર કર્યો. બજારમા ગયો પરંતુ પૈસાને ખરચતાં તેનો જીવ ચાલ્યો નહિ. " એકજ પૈસો ! શું તે પણ ગુમાવવો ? પોતાની પાસેના એકજ પૈસાને તે સ્નેહથી નિહાળી રહયો હતો; ત્યાં તેનો એક જુનો સહાધ્યાયી તેને મળ્યો. સુધાકરને જોઇને તે બોલ્યોઃ " સુધાકર ! હમણાં કાંઇ તબીયત ઠીક નથી રહેતી ! આવું દુબળુ શરીર ? "

સુધાકર શું જવાબ આપે. તેની આખમાં આસુ આવ્યા. તેના સહાધ્યાયી મિત્રે આશ્વાસન આપતા ખુલાસો પૂછયો. સુધાકરે સઘળો ખુલાસો પોતાના એક વખતના સાથે ભણનારાને કરી આપ્યો. સુધાકરનો ખુલાસો વિચિત્ર હતો. પાપી હતો, તેના મિત્રે તે સાંભળતાં સુધાકરને ઠપકો આપવાને બદલે આશ્વાસન થયું ! " સુધાકર ! જે થયું તે થયું ! હવે તું ચાલ મારે ઘેર ! 'મારે ઘેરજ રહેજે !

આટલા દિવસ તું ભુખ્યો રહ્યો અને મને જણાવ્યું પણ નહિ ? શું તું મને છેકજ ભુલી ગયો હતો ?

સુધાકર, આટલા આશ્વાસનથી શાંત થયો. લથડતે પગે તે પોતાના સહાધ્યાયી મિત્ર શાંતિલાલને ઘેર ગયો: ત્યાં જઈને તેણે ભુખ અને તરસનું દુ:ખ દુર કર્યું.

સુધાકર, પોતાના સહાધ્યાયી મિત્ર શાંન્તિલાલને ત્યાં પોષાવા લાગ્યો. એક દિનભિખારી અને તેનામાં કંઇપણ ફેર રહ્યો નહિ. સુધાકર એથી નિરાધારાવસ્થામાં પાંચ સાત દિવસ રહ્યો. જમ્યો. પરન્તુ તેને શાંતિ અને સુખનો લેશ પણ અનુભવ થઇ શકતો ન હતો. ક્યાંથી થાય ? પાંચ આત્માઓના લોહી પીનાર ખુની આત્માને શાંતિ અને સુખ ક્યાંથી મળી શકે ? તેનું અંતર વજ્રના તીરના ભોંકારથી થતાં અવર્ણનીય દુ:ખથી પણ વિશેષ દુ:ખી હતું ! એક દિવસે તેણે એક દુ:ખમાંથી છુટવા આપઘાત કરવાનો વિચાર કર્યો.

\+ \+ ×

મધ્ય રાત્રિનો સમય હતો. સઘળું શાંત હતું. પવન શાંત હતો. દરિયો શાંત હતો. પરન્તુ દરિયા કિનારે ઉભેલા સુધાકરનું હૃદય શાંત ન હતું. અત્યંત ઉદ્વેગી હતું. અત્યારે તે દરિયામાં પડી પોતાના દુ:ખી જીવનનો અંત આણવા આવ્યો હતો. કિનારે પાંચેક કલાક ઉભા રહીને તેણે ચોપાસ લાંબે સુધી દૃષ્ટિ કરી. આજુબાજુ કોઈ ન જણાતા તેણે દરિયાના પાણીમાં ચાલવા માંડયું આગળ ગયો. પાણીથી ભીંજાયો...વધુ આગળ ગયો... અને એક સ્વતંત્ર બનવાની અભિલાષામાં બનેલા ' પ્રચંડ પાપી ' ના દેહ ઉપર દરિયાના પાણી ફરી વળ્યા ! ?

સવારે તેની લાસ દરિયાકિનારે મળી આવી પોલીસે તે સ્વાધિન કરી; તેના સઘળા ગજવા તપાસ્યા. ગજવામાંથી મિલ્કતમાં મળી આવ્યો માત્ર: " **એકજ પૈસો !** "

વાંચવા લાયક પુસ્તકો.

પૈસા કેમ કમાવા?—થોડી મુડીમાંથી લક્ષાધિપતિ કેમ થવાય તેની સંપૂર્ણ સમજણ આ પુસ્તકમાં છે. કીં. ૧–૮–૦ રૂ. આ.

નઝીર	૧–૦
હુનર પ્રકાશ	૨–૦
સ્વામી દયાનંદ સરસ્વતિ	૨–૦

૨૦૦ વર્ષનું પંચાગ—વ્યાપારીઓ અને ધંધાદારીઓને અતિ ઉપયોગી છે. કી. કાચા પુંઠાના રૂ. ૩ અને પાકા પુંઠાના રૂ. ૩ાા

ભારતીય સામ્રાજ્યા	૨–૮
અમૃતાનંદ ભક્તિરસથી ભરપુર આખ્યાનનો સંગ્રહ	૩–૦
મનુસ્મૃતિ	૩–૮
સાહિત્યદર્શન	૧–૧૨
સમાજ	૧–૦
પ્રભાત	૧–૮
બાદશાહી કથાકુંજ	૧–૦

ઘેર બેઠાં અંગ્રેજી શીખવાના પુસ્તકો.

અંગ્રેજી અભ્યાસ–ગુજરાતી ઈંગ્રેજી અને ઇંગ્રેજી ગુજરાતી વાકયો વ્યાકરણના નિયમો, હંમેશા વપરાતા પુષ્કળ શબ્દોનો ભંડાર, કાગળ, ચીઠ્ઠી, તારના નમુના, અને બીજી અનેક બાબતો શીખવાનું સાધન કીં. ૧–૮

વિગેરે લખતાં શીખવાનું ૧–૮

અંબાલાલ સાકરલાલ કૃત મોટી ઇંગ્લીશ ઇન્ડુ ગુ. ડીક્ષનેરી ૭–૦

ધી પોકેટ ઇંગ્લીશ ઇન્ડુ ગુજરાતી ડીક્ષનેરી પૃષ્ઠ ૧૧૪૨ ૨–૮

ધી પોકેટ ગુજરાતી ઇન્ડુ ઇંગ્લીશ ડીક્ષનેરી પૃષ્ઠ ૧૨૧૮ ૨–૮

નાની ઇ. ઇન્ડુ ગુ. ડીક્ષનેરી	૧–૦
વિચાર સાગર	૫–૦
સુધરેલી સીતા	૨–૪
રાજપુત કથાકુંજ	૧–૮
શાંતિ નિકેતન	૨–૪
ગુણ લક્ષ્મિ	૧–૯
રાજા છત્રસાલ	૨–૪
અનુપમ કુમારી	૨–૦
તેનીકની સુંદરી	૪–૦
શ્રીમતિ વિજ્યા	૨–૦
સૌદર્ય જવાળા ભા. ૧–૨ દરેક	૧–૧૨
પ્રમાદધનની પ્રભુતા	૪–૯
મોહિની	૧–૮
રણઘેલા રજપુતો	૩–૦
સુબોધ રત્નમાળા	૨–૮
ગુજરાતી ટેલીગ્રાફ બુક	૨–૮
સોસાયટીનો રયુ	૨–૮
માયાવી મોહિની	૪–૦

પુસ્તકો	રૂ. આ.
ડુબતું વ્હાણ	૪–૦
આસામપર હલ્લો	૧–૪
મહાત્માજીના ખાનગી પત્રો	૦–૬
પારસમણી (પારસસંગ્રહ)	૩–૦
રણછોડલાલનું જીવન ચરિત્ર	૩–૦
સંસાર	૧–૮
આદર્શ ગ્રહસ્થ (જાપાનીસ જાસુસ)	૮–૪
બ્રહ્મ કર્મ	૧–૪
દ્વિજ કર્મ	૦–૨
વેદાન્ત સમુચ્ચય	૨–૮
સદાચાર સમુચ્ચય	૨–૮
સ્તોત્ર સમુચ્ચય	૦–૬
ચરિત્ર મણિકાન્ત મોટું	૪–૦
અમર ચરિત્ર ચાર ભાગ દરેક ભાગના	૩–૮
આપણો ધર્મ	૪–૦
રાષ્ટ્રીય ગીત	૧–૦
હિન્દ સ્વરાજ	૦–૪
રાષ્ટ્ર કીર્તન	૦–૩
સ્વદેશ ગીત	૦–૧૨
સોર્ટ સેન્ટેન્સીઝ	૦–૪
જ્ઞાન ચિંતામણી	૨–૮
જાદુઈ ફ્રાનસ	૦–૮
સુવાસીની સરલા	૦–૧૨
ઇન્દુ કુમારી	૧–૮
સદ્‌ગુણ સુંદરી	૨–૮
બાપારાવ	૨–૮
રામકૃષ્ણ પરમહંસ	૪–૦
વિવેકાનંદ જીવનચરિત્ર	૩–૪
દક્ષિણનો વાઘ	૩–૦
કૈલાસ માનસરોવર	૨–૮
પંચાસરનો જયેશીખરી ભાગ ૧	૩–૦
,, ,, ૨ જો	૩–૦
એકનના નિબંધ	૮–૬
શારિરીક માનસિક શિક્ષણ	૦–૬
સંગ્રામ ક્ષેત્ર .	૨–૬
ધર્મ બિંદુ	૨–૦
નાસીક (પંચવટી) યાત્રા	૦ ૧૨
વિચિત્ર પ્રેમપંખીણી	૩–૮
ગુલસાના	૧–૮
ગુલામી વેપાર ભાગ ૧ લો	૨–૧૨
" " ૨ જો	૧–૩૨
માયાનો બઝાર ભાગ ૧ લો	૨–૮
,, ,, ૨ જો	–૮
સચિત્ર વેણાવેલી ૧ લો	૦–૧૦
" " ૨ જો	૦–૧૦
સચિત્ર રાજ કડીઆરો	૧–૦
બે ભાગ ભેગા	૧–૪
સચિત્ર સતિ દ્રૌપદી	૦–૧૦
નોવેલો ૧ લો	૦–૧૦
,, ,, ૨ જો	૦–૧૦

બુકસેલર રણછોડલાલ મોતીલાલ શાહ


રીચીરોડ અમદાવાદ.

(વાંચો)
(સચિત્ર)

હિંદુ સંસાર.

કી. ૦-૧૦-૦

(વાંચો) સચિત્ર નળ દમયંતી. કી. ૦-૧૦-૦



(વાચા) સચિત્ર ઝેરી ઝવેરી કી. ૦-૧૦-૦

બુકસેલર રણછોડલાલ મોતીલાલ, રીચીરોડ-અમદાવાદ.